हिंदुस्ताननो फोजदारी कायदो.

પેનલકોડ ટીકા સાથે *

—— ❧ ——

ACT. NO XLV OF 1860 AND NO XXVII OF 1870 AND No VIII of 1882-Gujarati.

——— oOo ———

સને ૧૮૬૦ નો ૪૫ મો આકટ સને ૧૮૭૦ ના ૨૭ મા તથા સંને ૧૮૮૨ ના ૮ મા આકટથી સુધારીને તે ઊપર થએલા ત્રણ મરાંડિનશીના ઊપયોગી ફેંસલા તથા ઠરાવો સાથે.



આમદાવાદમા.

બરયા જમાંદારની હવેલીમા "સમશેર બાહદુર" છાપખાનામાં
સવઈભાઇ રાયચંદે છાપી પ્રસીદ્ધ કરયો.

———

શને ૧૮૮૩.

———

આ પુસ્તક તઈઆર કરવામાં કેટલાક વીદ્વાન

ગ્રંથકારોના પુસ્તકોથી અમને મદદ મળી

છે તે બદલ તેમના ઊપકારી છીએ.

સાંકળીઓ.

१०५५

[redacted] XLV. OF 1860.

[redacted]નો ફોજદારી કાયદો.

[redacted] આકટ ૪૫ મો.

[redacted]ાયદા કરનારી સભા.

[redacted]ક્ટોમ્બર સન ૧૮૬૦

[redacted]યદા કરનારી સભાએ પસાર [redacted]
ઓનરેબલ ધી. ગવરનર જનરલે સને ૧૮૬૦ ના અકટોબર [redacted]
૬ ઠી તારીખે મંજુર કર્યો, અને સરવે લોકોને જાણ [redacted]
થવા સારૂ તે અતરે પ્રસીદ્ધ કરયોછે.

ભાગ ૧ લો.

બરૌટીશ ઇંડીઆને માટે એક સામાનીય ફોજદારી કાયદો કરવો યે [redacted]
કાર ગુ. | મુજબ ઠરાવ્યુંછે.

૧. આ આકટનુ નામ "હીંદુસતાનનો ફોજદારી કાયદો" અને પરીન [redacted]
આગરવાંડ, શીંગાપોર તથા મલાકા ાવાયને [redacted]
કાયદાનું નામ તથા એ ને રાજ કારભાર વધારે સારી રીતે ચલાવવા [redacted]
ના ક્યા અમલમા આવશે. ૮" એ નામના વીકટોરીઆના રાજના ૨૧ [redacted]
સમા કરેલા કાયદાના બાબ ૧૦૬ ડા ઉપરથી રાણી સાહેબને હાથ જે [redacted]
થવા આવે તે સઘળા મુલકમા શને ૧૮૬૧ ના મે મહીનાની તા૦ ૧ [redacted]
પારથી એ અમલમા આવશે.

ટીકા.

સને ૧૮૬૭ ના આકટ પથી આ કાયદો સ્ટેટ સેટલમેંટ પ્રીનસ [redacted]
આઇલેંડ વીગેરે સ્વરૂ ને લાગુ કરયોછે.

૨ સને ૧૮૬૧ ના મે મહીનાની તારીખ ૧ લીને દીને અથવા તી [redacted]

[redacted]

સરહદ મુલકમાં થએલા ગુનાહાઓની શીક્ષા. — મુલક મધે આ કાયદાના ઠરાવો વીરૂધને [redacted] સુરનો જે સખસ ગુનેગાર થશે તે સખસ [redacted] કસુર બાબત આ કાયદા મુજબ શીક્ષા કર [redacted] રીતે કરવામાં આવશે નહી.

[redacted]

ટીકા.

[redacted] આકટ ૬થી આ કાયદો તા૦ ૧ લી જાનેવારી સને ૧૮૬૨થી [redacted] લમાં આવાઆછે.

" બીજી રીતે કરવામાં આવશે નહી" એટલે આ કાયદામાં (શીક્ષા ઠરાવી છે તેવા ગુનાહને માટે આ કાયદા પરમાણે સજા કરવામા આવશે પરંતુ જે ગુનાહની આ કાયદામાં શીક્ષા ઠરાવી નથી એવાને વાસને જે કાયદામા સીક્ષા ઠરાવી હોય તે ચાલુ સમજવો.

૩ સરહદ મુલકની હદની બાહાર કરેલા કોઈ ગુનાહને માટે જે સખસની તજવીજ હીંદુસ્તાનના ગવરનર જનરલ ઇન કાઉન્સીલે કરેલા કોઈ કાયદાથી થઇ શકતી હોય તે સખસ ... સરહદ મુલકની બાહાર કરેલ ... તે ગામ ... ગુનાહ કરયુ હોય એ પરમાણે આ કાયદાના ઠરાવો મુજબ અમલ કરવામ આવશે.

જે ગુનાહ સરહદ મુલકની બહાર થયા હોય, પણ જેની તજવીજ કાયદા પરમાણે તે મુલકની મહેથઈ શકે તે ગુનાઓની શીક્ષા.

ટીકા.

આ સરકારની રઈઅતને પરરાજમા ગુનોહ કરયા બદલ તે રાજવાળાએ શીક્ષા કરયાનો દાખલો બતલાવે તો તેના ઊપર ફરીથી તેજ ગુનાહ બાબત કામ ચલ વુ નહી ઇંટર પ્રીટેશન નંબર ૧૦૭ તા૦ ૩૧ ડસેમબર સને ૧૮૩૦.

ઇંગરેજ સરકાર સથે દોસતી રાખનાર રાજાની હદમા યુરોપીઅન બ્રીટીસ રઈઅતે ગુનોહ કરયો હોય તો તેની તજવીજ હાઇકોરટમા કરવા લાયકછે મુંબઈ હાઇકોરટ તા૦ ૩ જુલાઇ સને ૧૮૭૧ વા. ૮ પ્રસ્ટ ૯૨.

બરીટીસ રઈઅત પરરાજની હદમા જઈ આ કાયદા વીરૂધ ગુના કરે તેનો તપાસ આ કલમ પરમાણે બરીટીસ કોરટથી થઈ શકે પરરાજમા વસનારી રઈઅત પોતાના દેશમાં ગુનો કરી બરીટીસ હદમ આવી રહયા હોય તોપણ તેના ઈનસાફ તેમના મુલકની કોરટોથી થઇ શકે પરરાજના માણસે એ પરરાજમા નીચે લખેલી પીનલકોડની કલમો પરમાણે ગુના કરી આ રાજમા નાસી આવેલા હોય તોજ તેમને પકડી તે રાજને સવાધીન કરી શકાયછે.

કલમ ૨૭૬, ૨૦૮, ૨૨૪, ૨૩૦ થી ૨૬૨, ૨૯૯ થી ૩૦૪, ૩૦૭ થી ૩૧૦, ૩૧૨ થી ૩૧૭, ૩૨૩ થી ૩૩૩, ૩૪૭, ૩૪૮, ૩૬૦ થી ૩૭૩, ૩૭૫ થી ૩૯૭, ૩૭૮ થી ૪૧૪, ૪૩૫ થી ૪૪૦, ૪૪૩ થી ૪૪૬, ૪૫૪ થી ૪૬૮, ૪૭૧ થી ૪૭૭, (૧૮૭૯ નો ૨૧ મો)

૪ આજ સુધી કાંઈ તહનામુ અથવા બંદોબસ્ત ઇસ્ટ ઈંડીઆ ... યે હોય અથવા રાણીને નામે હીંદુસ્તા... રે કરયો હોય અથવા હવે પછી કરે તે ... બંદોબસત ઉપરથી રાણીની સાથે દોસતી રાખનારા ... જા અથવા રાજના મુલકની માહે સને ૧૮૬૧ ના મે ... ની તારીખ ૧ લીને દીને અથવા તીયાર પછી રાણીની નોકરીમાં છતા રાણીનો ... ૨ આ કાયદાના ઠરાવો વીરૂધના જે કામ અથવા કસુરનો ગુનેગાર થશે તે નોકરને ... કામ અગર કસુરને માટે આ કાયદા મુજબ શીક્ષા કરવામા આવશે.

(સાઈડ નોંધ: દોસતી રાખનારા પરરાજ મા રાણીના કોઈ નો કરે ક રેલા ગુનાહોની સીક્ષા.)

ટીકા.

આ બાબની મતલબ હીંદુસતાનના ફોજદારી કાયદાને બદલે પીનલકોડ દાખલ કરવાની છે તો પણ જુનો ફોજદારી કાયદો જે પરસંગે પીનલકોડના ઠરાવો લાગુ પડેછે તેના પર શંગેજ રદ છે આ ફકરાની મતલબ પીનલકોડ બાધનારા કમીશનરો તેમના બીજા રીપોરટ મા નીચે પરમાણે શમજાવેછે.

"જે મુલકને સારૂ આ કાયદો બાંધવા અમે બલામણ કરી છે તે મુલકમાં હાલ ચાલુ ફોજદારી કાયદા બધા રદ કરવા અમારી સલાહ નથી અમારી નજરમા એમ ઠરાવવુ વધારે યોગીય છે કે જે કામો આ કાયદા મુજબ ગુનેહ બને તે કામોનો આ કાયદાના ઠરાવો શીવાય બીજી રીતે ઇનસાફ થઈ શકશે નહી (ફકત કોરટ મારસલ કરી શકે) એમ બાકી શક કે થોડાંક કરતીયો જે કોઈ પીનલકોડ શીવાય બીજા ચાલુ કાયદા પર માણે શીક્ષા લાયક છે અને જે કાયદા બાધનારી સભા માફ કરવા ઇછતી નથી તેવાં ક તીયો આ કાયદામા દાખલ કરયા નહી હોય."

આ મુલકની અંદર બનતા ગુનાને સારૂ તો આ મતલબ કલમ ૨ થી પાર પડી છે આ મુલકના બાહાર બનેલા ગુનાને સારૂ આ કાયદો ઓછો સપસ્ટછે કલમ ૩ ઠરાવેછે કે જય કંપનીના શારટરની હદની બાહાર કરેલા ગુનાહને સારૂ કલકતા ની કાયદા બાધનારી સભાના કોઈ આકટથી બરીટીસ ઇંડીઆમાં ઈનસાફ થઈ શકે તેને આ કાયદા પરમાણે સજા થશે. કલમ ૪ થીમા રાણી સાહેબના નોકરો મંત રી રાજાઓના રાજમા ગુના કરે તેમને વાસતે ઉપરના જેવો ઠરાવછે. પણ જે સખસો રા ણી સરકારના નોકરો નથી અને જેવોનો ઈનસાફ કાયદા બાધનારી સભાના કોઈ આકટ થી નહી પણ પારલામેંટના આકટોથી બરીટીશ ઇંડીઆ મા થઈ શકે એવા લોકોના ગુના વીશે આ બેમાની એકે કલમ ઠરાવ કરતી નથી, આવા ગુનાઓ હજુ જુના કાયદા નીચે રહેવા દીધેલા દેખાયછે જે કાયદો સામાનીય રીતે ઇંગલીશ ક્રીમીનલ લા છે.

કલમ ૪ આના મુકરરમાના એક વરગ વશે ઠરાવ કરેછે આ બાબત બાબ ૧ લા ની કલમ ૧૪ ઉપર ફકત હવાલો કરવાની જરૂર છે. જેમા "રાણીના નોકરી" વાખ્યા આપીછે.

[redacted]

સને ૧૮૭૨ ના આકટ ૧૧ થી બરીટીસ ઇડીઆની બાહાર કરેલા ગુનાઓનો ન્ન
ણુ રીતે ઈનસાફ થાયછે તેની તપસીલ.—

૧. બરીટીસ ઈંડીઆની બહાર કામ કરનાર બીરીટીસ સરકારના પરતીનીધીથી [redacted]

૨ બરીટીશ ઈંડીઆમાં કામ કરનારી સાધારણ ફોજદારી કોરટોથી.

૩ ગુનેગારે જે રાજનો કાયદો તોડયો હોય તે રાજને હાથે કરવાથી.

પહેલી રીતે ઇનસાફ કરવા બાબત કલમ ૪ થી ૮ સુધીમા ઠરાવ કરેલોછે.

સને ૧૮૭૨ ના આકટ ૧૧ ના કલમ ૪ બરીટીસ ઈંડીઆની સરકારના કોઈ [redacted] ને જે સતા અથવા હકુમત બરીટીસ ઈંડીઆની હદની બાહાર કોઇ દેશમાં અથવા [redacted] માં ગવરનર જનરલને હમણાછે અગર હવે પછી હોય તે સતા અથવા હકુમત [redacted] ગવરનર જનરલ ઈનકાઊનશીલને અખીતાર આપેછે આ પરમાણે સતા આપવાની વાત [redacted] જે જગા ઊપર તે સતા આપવામા આવે તે જગાની હદ અને આપેલી સતા કેવી રીતે ચલાવવી એ વીગે ઈંડીઆ ગેજીટમા જાહેર ખબરથી જણાવવામા આવેછે.—

અતીઆર સુધી અથવા હવે પછી કોઇ આવા દેશમા અથવા જગામાં જસટીસ આફ ધી પીશ સરકારે નીમેલા હોય અથવા નમે તેવોને પહેલા વરગના માજીસતરેટો જે વળી જસટીસ આફ ધી પીશ અને રાણીની વીલાયતી રઈઅત હોય છે તેમને જે સતા આપેલી હોય છે તે સતા હેથછે રાણીની વીલાયતી રઇઅતે કરેલા ગુનાઓ બાબત જસટીસ આફ ધી પીસે રાણીની વીલાયતી રહીયત ઉપર હકુમત વાળી કઇ કોરટમાં ઈનસાફ વાસતે મોકલવા એ ગવરનર જનરલ ઈન કાઊનશીલે ફરમાવવાનુછે સને ૧૮૭૨ના આકટ ૧૧ની કલમ ૬—૭.

ગુનાઓની બાબત અને હીંદુસતાનમાં તે વખત ચાલુ ફોજદારી કામ ચલાવવાની રીત બાબત કાયદા જે ફેરફારો ગવરનર જનરલ ઈનકાઊનશીલ વખતે વખતે ફરમાવે તે ફેરફારોને અનુસરીને દેસી રાજયોમા યુરોપીઅન અને દેશી બધી બરીટીશ રહાઅતને લાગુ થશે સને ૧૮૭૨ ના આ. ૧૧ ક ૮.

આ ઊપરથી ખુલુ છે કે કોઇ બરીટીસ ઈંડીઆ બાહેરના દેશમા તે દેશના મુનસી પાલ કાયદા વીરૂધ કાંઈ ગુનો બને તો તેમા ગવરનર જનરલને વચે પડવા અખતીઆર નથી એટલા માટે આ આકટનો આ ભાગ અમુક દેશ અથવા જગાના રાજા સાથે કાંઈ કોલકરારથી અથવા પારલામેંટના કાંઇ આકટથી જે હકુમત તેને હોય તેટલે સુધી લાગુછે.

સને ૧૮૭૨ ના આકટ ૧૧ ની કલમ ૯ ઠરાવે છે કે બરીટીસ ઈંડીઆમાં બધી બરીટીશ રઈઅત યુરોપીયન અને દેશી તેમણે કાંઈ દેશી રાજમા કરેલા ગુના બાબત જે જગામાં તે હોય અગર માલમ પડે તે જગામાં આ ગુના બનેલા હોય તેમના ઊપર કામ ચલાવવું.

જે ઠેકાણે ગુનો બનેલોછે તે જગાનો પોલીટીકલ એજંટ સરટીફીકેટ આપે તો ગુનેહગારનો બરીટીસ ઈંડીઆમા તપાસ થઈ સકે અને એ પરમાણે જો બરીટીસ ઇં.

[redacted]

આમાં તપાસ થાય તો પછી ફરીથી બરીટીશ સરકારના પરતીનીધીથી તપાસ નહી. પણ આ આકટથી તે દેશના રાજાને જો અધીકાર હોય તો તને ગુનેહગા[r]થી ઈનસાફ કરવા અટકાવ નથી.

સને ૧૮૭૨ ના આકટ ૧૧ ની કલમ ૧૦ થી પરરાજમાં પોલીટીકલ એજં[ટ]ર જુડીશીઅલ આફીસરની આગળ આપેલી જુબાનીઓ અગર રજુ કરેલા કાગળો કંસ્રો ઈંડીઅન કોરટમાં લેવા ગ્રાહ્ય કરછે

ગુનેગાર સુવાધીન એ રીતે થાયછે ૧લું જે રાજમાં ગુનો બનેલો હોય તે પોલીટીકલ એજંટના વારંટ ઉપરથી બીજુ પરરાજની માગણી ઊપરથી

જો પોલીટીકલ એજંટની નજરમાં એમ આવે કે એ ગુનો જે રાજ્યમાં બનો તાં હાં તેનો ઈનસાફ થવો જોઈએ અને જો તે પીનલકોડની નીચે લખેલી વાખ્યાઓમાં થી કોઈ વાખ્યામાં આવતો હાય એટલે કલમ ૨૩૦ થી ૨૬૩-૨૯૯ થી ૩૦૪, ૩૦૭, ૩૧૦થી ૩૧૭, ૩૨૦થી ૩૩૩, ૩૪૭થી ૩૪૮ ૩૬૦થી ૩૭૩, ૩૭૫થી ૪૧૪, ૪૩૫થી ૪૪૦, ૪૪૩ થી ૪૬૬, ૪૬૪ થી ૪૬૮, ૪૭૧ થી ૪૭૭—અગર ગવરનર જનરલે જાહેર કરેલી કોઈ બીજી કલમની વાખ્યા અથવા કાયદામાં આવતો હોયતો પોલીટીકલ એજંટને વારંટ કાહાડવા અખતીયાર છે. (સને ૧૮૭૨ના આકટ ૧૧ ની કલમ ૧૧) આ વારંટ જે ઠેકાણે કેદી ધારવામાં હોય તે ઠેકાણાના માજીસતરેટ ઊપર મોકલવાનું છે અને બીજાં ફોજદારી વારંટોની માફક બજાવવાનું છે (૧૮૭૨ ના આકટ ૧૧ ની કલમ ૧૨)જ્યારે ગુનેગારને પોલીટીકલ એજંટને સવાધીન કરવામાં આવે તારે તેનો પોલીટીકલ એજંટ ઈનસાફ કરે કે તે દેશની કોરટોથી ઈનસાફ થાય એ બાબત જેમ સવાધીન કરનારી સરકાર ફરમાવે તે મુજબ થઈ શકે (સને ૧૮૭૨ ના આકટ ૧૧ની કલમ ૧૨).

જયારે માગણી પરરાજ્ય તરફથી હોય તારે ઈંડીયા સરકારે એ ધારેલા ગુનેગારને પકડી તે ગુનો સને (૧૮૭૨ ના આકટ ૧૧ ની કલમ ૧૧)અંદર આવતો હોયતો તપાસ કરી રીપોટ કરવા માજીસ્ત્રેટને ફરમાવેછે આ રીપોટ આવેથી માગેલા સખસને સવાધીન કરવો કે નહીં તે સરકારના મરજી ઊપર છે. આ કલમથી ગુનેગારો સવાધીન કરવા બાબત તે વખતે ચાલુ કાયદા અથવા કોલકરારોના ઠરાવોને અસર થતી નથી. (સને ૧૮૭૨ના આકટ ૧૧ ની કલમ ૧૪)

કેટલાએક કાયદાઓ પર આ આકટથી કંઈ અસર થતી નથી.

૫. ચોથા વીલિયમના રાજ્યના ૩ જાં તથા ચોથાં વરસમાં કરેલા કાયદાના ૨૮ મા બાબના અથવા ત્યાર પછી કાઈ પણ પ્રકારે ઈસ્ટ ઈંડીયા કંપની અથવા સરકાર મુલક અથવા તે માહેલા રેહેવાશીઓ સાથે રહેલા પારગામેના કોઈ પણ આકટના અથવા રાણી સાહેબના અથવા ઈસટ ઈંડીયા કંપનીની નોકરી માહેલા આફીસરો તથા સોલજરો બંડ કરે તથા નાહાસી જાય તેઓને શીક્ષા કરવા સારૂ કરેલા કોઈ પણ આકટ અથવા હીંદુસતાનની દરીઆઈ ફોજનો બંદોબસત કરવાના કોઈપણ આકટના અથવા કોઇ પણ વીશેસ અથવા સથાનીક કાયદાના

[redacted]

એમ માનીવુ કે સને ૧૮૪૧ ના આ[redacted]
૧ સં'રહુ ગ'ર'ની કલમ ૨૩ માં પ્રા[redacted]
૪૬૫ મુજબ શીક્ષા થઈ શકે. (કલમ [redacted]
વીશેસ અને સથાનીક કાયદાઓ મુજબ [redacted]
બા કેશા કોરટને અખતીઆર છે (સને ૧૮૭૨ના આકટ ૧૦ ની [redacted]
ઠરાસ હાઈકોરટના ફેંસલા વા. ૨ પાને ૨૪૭).

આ કલમ ઉપર હાઈકોરટના નીચે પરમાણે ફેંસલા થયાછે. [redacted]

૧ શથાનીક કાયદા પરમાણે કેદીને સજા થઈ હોય અને સજાનો ઠરાવ જો[redacted]
માલમ પડે કે એ તો આ કાયદા પરમાણેનો ગુનોહ થાયછે તો તેટલા ઉપરથી [redacted]
કાયદા પરમાણે થએલી સજા રદ થાય નહી. ૮ વી. રી. પ્ર. ૫૫, [redacted]

[redacted]

ભાગ ૨ જો.

સાધારણ સમજણ

આ કાયદા મહેના લક્ષણોને અપવાદો લાગુ પડે છે એમ સમજવુ.

૬. આ કાયદામાં સઘળે ઠેકણે ગુનાહના પરતેક લક્ષણને, તથા શીક્ષા સંબંધી પરતેક ઠરાવને તથા એવા પરતેક લક્ષણ અથવા શીક્ષા સંબંધી ઠરાવને પરતેક દ્રષ્ટાંતને "સાધારણ અપવાદ" એ નામના બાબ મધે લખેલા અપવાદો લાગુ પડેછે એમ સમજવુ; અગર તે તે અપવાદો તે લક્ષણમા અથવા શીક્ષા સંબં[redacted]
[redacted]આ દ્રષ્ટાતમાં ફરીથી લખ્યા નથી તો પણ.

દ્રષ્ટાંતો

[redacted]ઓમા ગુનાહોના લક્ષણો લખીયાછે તેઓમાં [redacted]
[redacted]ત વરસથી ઓછી ઉમરના બાળકથી થઈ શકે[redacted]
[redacted]લખેલુછે કે સાત વરસથી ઓછી ઉમરના [redacted]
[redacted]શે નહી તે અપવાદ તે લક્ષણોને લાગુ પડેછે[redacted]

[redacted]

...ના ઠરાવ્યા પરમાણે જ ...

હું નથી" તે સુધારવું આપ...

૭. આ કાયદાના કોઈપણ ભાગમાં ...

આ કાયદામાં જે શબ્દો કાયદાના પ્રકરણ ...
અગ્ય એકવાર સમજાવ્યા (
તે સુધ્ધાં સઘળે ઠેકાણે તે (
જ અરથમાં વાપરયા છે.)

૮. પુરૂશ સરવે નામ "તે" તથા "તે" ને વીભકતી લાગીને સીધ થએલા શબ્દો ...
લીંગ | સ્ત્રી તથા અસતરી એ બંનેને લાગુ પડેછે.

૯. એક વચનમાં લખેલા શબ્દો ... ને, વચનમાં પણ સમજવા અને અનેક વચન
વચ। } માં લખેલા શબ્દોને એક વચનમાં પણ સમજવા પણ જે ઠે
} કાણે તે શબ્દો લખીયા હોય તે ઠેકાણે તેમ ન સમજવા એ
મ જણાય તો તીયાં તેમ ન સમજવા.

૧૦ "પુરૂશ" એ શબ્દ વડે કોઈપણ વયનો માનવી પુરૂશ સમજવો અને "...
"પુરૂશ", "સ્ત્રી" } એ શબ્દ વડે કોઈપણ વયની માનવી 'સ્ત્રી' સમજવી.

૧૧ "સમાંસ" એ શબ્દમાં કોઈપણ કંપની અથવા સંગત અથવા માણસોની મં...
"સમાસ" | નો સમાવેશ થાયછે પછી તે કંપની, સભા અથવા મંડળ ...
રપરેસનના હક મલ્યા હોય કે નહી તોપણ

૧૨ "લોક" એ શબ્દમાં લોકના કોઈપણ વરગનો અથવા કોઈપણ જમાતનો સમા...
"લોક" | વેશ થાયછે.

૧૩ "રાણી" એ શબ્દ વડે ગરેટબરીટન તથા આયરલાંડના એકઠાં મળેના રાજ્યનો
"રાણી" | જે વખતે જે સારવભૌમ હોય તેને સમજવા.

૧૪ "રાણીનો નોકર" એ સબ્દો વડે "હીંદુસતાનનો રાજકારભાર વધારે સારી રી
"રાણીનો નોકર". | તે ચલાવવા બાબતનો આકટ" એ નામનો વીકટોરીઆના રાજ
ના ૨૧ માં તથા ૨૨ માં વરસમાં કરેલા સદરહુ કાયદાના બાબ ૧૦૬ હાએ અથવા તેના
આધાર ઉપરથી, અથવા હીંદુસતાનની સરકારે કે કોઈપણ સરકારે અથવા તેની સતાથી હીંદુ
સતાન મધે કાયમ રાખેલા, ઠરાવેલા, અથવા મુકરર કરેલા સઘળા અમલદારો અથવા
નોકરો સમજવા.

૧૫ "બરીટીસ" ઈંડીઆ એ શબ્દ વડે પરીનસ આવ વેલ્સ આયરલાંડ સીંગાપોર
"બરીટીસ ઈંડીઆ" | તથા મલાકા શીવાયનો હીંદુસતાનનો રાજકારભાર વધારે સા
રી રીતે ચલાવવા બાબતનો આકટ એ નામના વીકટોરીઆના રાજના ...

મુલક સમજવો.

સરકાર" એ શબ્દ વડે હીંદુસ્તાનના ગવરનર જનરલ ઈન કાંઊ સીલ, અથવા હીંદુસ્તાનના ગવરનર જનરલ પોતાની કાઉન્સીલથી ગેરહાજર હોય તે દરમીયાન પ્રેસીડેંટ ઈન કાઉ ન્સીલ અથવા એકલા હીંદુસ્તાનના ગવરનર જનરલ સમજવા. તે નવો અથવા તે જે અખત્યાર પરમાણે કાયદા મુજબ અમલ કરાશકે તેને અખતીઆરને સામેલ સમજવા.

૧૭ "સારકાર" એ સબદ વડે જે સખસ અથવા સખસોને બ્રીટીસ ઈંડીઆના કોઈ પણ ભાગમાં હકુમત કરવાનો કાયદા પરમાણે અખત્યાર છે તે સખસ અથવા સખસો સમજવા.

"સરકાર"

૧૮ "પ્રેસીડેનસી" એ શબ્દ વડે એક પરેસીડેંશીની સરકારને તાબેનો મુલક સમજવો.

"પ્રેસીડેંનશી"

૧૯ "જડજ" એ શબ્દ વડે જે સખસને તેના હોદ્ધાને લીધે જડજનું નામ આપીયુ હોય તે સખસજ નહી પણ જે જે સખસને કાયદાથી કોઈ પણ દીવાની અથવા ફોજદારી મુકદમામાં આખરી ફેંસલો અથવા જે પર અપીલ ન થાય તો આખરી ગણાય એવો ફેસલો અથવા બીજા કોઈ આકાર એ બાહાલ રહેતાં આખરી થાય હેવો ફેસલો આપવાનો અખતીઆર હોય અથવા એવો ફેસલો આપવાને કાયદાથી અખતીઆર પામેલા અનેક સખસો માંનો જે એક હોય, તે દરએક સખસ પણ સમજવો.

"જડજ"

દ્રષ્ટાંતો.

(અ) સને ૧૮૫૯ ના ૧૦ મા આકટ મુજબ કલેકટર કોઈ મુકદમામાં અખતીઆર ચલાવતો હોય તે જડજ છે.

(બ) જે તહોમત બાબત દંડનો અથવા કેદનો હુકમ કરવાનો જે માજીસતરેટને અખતીઆર હોય તે માજીસતરેટ તે તહોમત બાબત પોતાનો અખતીઆર ચલાવતો હોય તે વખતે જડજ છે; પછી તેના ફેંસલા ઊપર અપીલ હોય કે નહિ તોપણ.

(ક). મદરાસના કાયદાના પુસતક મહેલા સને ૧૮૧૬ના ૭ મા કાયદા મુજબ મુકદમાઓની તજવીજ કરીને ફેસલા કરવાનો જે પંચાયતને અખતીઆર છે તે પંચાયતમનો કોઈપણ માણસ જડજ છે.

(ડ) જે તહોમત બાબત તજવીજને સારૂ બીજી કોરટમાં કાંઈ મુકદમો મોકલવાનેજ અખતીઆર જે માજીસતરેટને હોય તે માજીસતરેટ તે તહોમત બાબત પોતાનો અખતીઆર ચલાવતો હોય તે વખતે જડજ નથી.

ટીકા.

...ત આ માં સને ૧૮૫૯ નો આકટ ૧૦ મો લખીયોછે તે

...નોકરોએ સરકારી નોકર હોઇને સરકારી કામ કરતાં કંઇ ગુનોહ કરયો ... સ્થાનીક સરકારની મંજુરી વગર, અથવા સથાનીક સરકારે જે અમલદારને મં...આપવાનો અખતીઆર આપીયોહોય તે અમલદારની મંજુરી વગર તેમની ઊપર ... ફરીઆદી કાઇ પણ ફોજદારી કોરટથી સંભળાય નહી જુઓ કરીમીનલ પ્રો કો ડ કલમ ૪૬૬.

– આ ઉપરથી એમ નહી સમજવું જોઇએ કે આવા નોકરો ઊપરની સઘળી ફરીઆદી માં સ્થાનીક સરકારની મંજુરી જોઇએ તેઓ જેવખતે ખાનગી સખસો હોય તે વખતે તો બી જા સાધારણ સખસોની માફક તેમની ઊપર કામ ચાલી શકે. જુઓ પ્રોનસેપ પ્રષ્ટ ૪૧૬.

ત્રી. ઉ.

૧૦ "ઈનસાફની કોરટ" એ શબ્દો વડે જે જડજને કાયદાથી એકલો રહીને ઇનસાફ

"ઈનસાફની કોરટ" | નુ કામ કરવાનો અખતીઆર મળ્યો હોય અથવા જે જડજોને કાયદાથી એકઠા રહીને ઈનસાફનુ કામ કરવાનો અખ

તીઆર મળ્યો હોય તે જડજ અથવા જડજો સમજવા પણ જ્યારે તે જડજ અથવા જડજો ઇનસાફનુ કામ કરતા હોય તીયારે.

દ્રષ્ટાંત.

મદરાસના કાયદાના પુસતક મહેલાં સને ૧૮૧૬ ના ૭ મા કાયદા મુજબ કામ કર નારા પંચાયત જેને મુકદમાઓની તજવીજ કરીને ફેસલા કરવાનો અખતીઆરછે તે એક ઇનસાફની કોરટછે.

૧૧ "સરકારી નોકર" એ શબ્દ વડે નીચે લખેલા બધા માહેલાં કોઇપણ

સરકારી નોકર. | નમાં દાખલ થાય એવો સખસ સમજવો તેની વીગત.

પેહેલું—રાણીના હરએક કવેનાંટેડ સરવેંટ.

બીજું—રાણીની જમીનની અથવા દરીયાઈ ફોજમ નો હરેએક કમીશંડ આ... ને હિંદુસતાનની સરકાર અથવા કોઇપણ સરકારના હુકમ તળેનોકરી કરતો હોય તાહાં...

ત્રીજું—હરએક જડજ.

ચોથુ—કોઇપણ ઇનસાફની કોરટનો હરએક અમલદાર જેનું કામ પોતાના ને લીધે કાયદાની અથવા હકીકતની કોઇ બાબતની તજવીજ કરવાનુ અથવા તે વીશે ...પોરટ કરવાનુ અથવા કાઇ લેખ કરવાનું, તેના ખરાપણા વીશે સહી કરવાનુ, કે ...ખ પોતાના હવાલામ રાખવનુ અથવા કાઈ મીલકત પોતાના હવાલામાં લેવનુ, કે ...વ્યવસથા કરવાનુ અથવા ઈનસાફી બાબતના કાઇ હુકમો બજાવવાનુ, અથવા કાઈ સોં... આપવાનુ, કેસમજાવવાનુ કે કોરટમાં બંદો સતરાખવાનુ હેયતે. તથા તે કાનો મ...

[redacted]

અથવા કેદમાં રાખવાનો અખત્યાર હોય તે.

આઠમું—સરકારનો હરએક અમલદાર જેનું કામ પોતાના હોદ્દાને લીધે, ગુનાહ અટકાવવાનું, ગુનાની ખબર આપવાનું, ગુનેગારોને તેઓનો ઇનસાફ થવા સારૂ કોરટમાં હાજર કરવાનું, અથવા લોકોની તનદુરસતી, સલામતી કે અનુકુળતા સંભાળવાનું હોયતે.

નવમું—હરએક અમલદાર જેનું કામ, પોતાના હોદ્દાને લીધે, સરકારની વતી કાંઈ મીલકત લેવાનું, કબુલ કરવાનું રાખવાનું કે ખરચ કરવાનું અથવા સરકારની વતી કાંઈ તપાસણી અથવા માપણી, જમાબંદી કે કરાર કરવાનું, અથવા મેહેસુલ બાબતના કાંઈ હુકમ બજાવવાનું, અથવા સરકારના પઇસા સંબંધી લાભની કાંઈ બાબતની તજવીજ કરવાનું કે તે વીશે રીપોટ કરવાનું, અથવા સરકારના પઈશા સબંધી બાબતનો કાંઈ લેખ કરવાનું, તેના ખરાપણા વીશે સહી કરવાનું, કે તે લેખ પોતાના હવાલામાં રાખવાનું, અથવા સરકારના પઇસા સબંધી લાભની સંભાળને માટે કરેલા કોઈ કાયદા તોડાતા અટકાવવાનું હોય તે તથા હરએક અમલદાર જે સરકારની ચાકરી કે પગારમાં હોય તે અથવા જેને કાંઈ સરકારી કામ કરવા સારૂ 'ફી' કે 'કમીશન' મળતું હોય તે.

દશમું—હરએક અમલદાર જેનું કામ પોતાના હોદ્દાને લીધે કોઈ ગામ, શેહેર, કે જીલાના કાંઇ સામાનીય લૌકીક કારણ માટે કાંઈ મીલકત લેવાનું, કબુલ કરવાનું, રાખવાનું કે ખરચ કરવાનું, અથવા કાંઇ તપાસ કે માપણી કે રકમબંદી કરવાનું, અથવા કાંઈ વેરો કે કર વસુલ કરવાનું અથવા કોઈ ગામ, શેહેર, કે જીલાના લોકોના હક મુકરર કરવા સારૂ કંઈ લેખ કરવાનું તેના ખરાપણા વીશે સહી કરવાનું, અથવા તે લેખ પોતાના હવાલામાં રાખવાનું હોયતે.

દ્રષ્ટાંત.

મ્યુનીશીપલ કમીશનર સરકારી નોકર છે.

ખુલાસો ૧ લો.—ઊપર લખેલા બાબાનો માહેનાં કોઈ પણ બીયાનમાં શામલ થાય તે સઘલો સરકારી નોકર છે એમ સમજવું, પછી તેઓને, સરકારે મુકરર કરયા હોય કે નહી, તોપણ.

ખુલાસો ૨ જો.—જે જે ઠેકાણે "સરકારી" નોકર એ શબ્દો આવે તે તે ઠેકાણે તે શબ્દો જે માણુસ સરકારી નોકર માફક હોદ્દો ચલાવતો હોય તેને વીશે સમજવા પછી તે માણુસના તે હોદ્દા ચલાવવા બાબતના અખતીઆરમાં કાયદા સબંધી ગમે તે ખામી હોય તો પણ.

[redacted] ત્રી૦ ૬૦
[redacted] મીલકત ને
[redacted] હક નથી,

"ગૈર વાજબી હાની" એટલે કાયદા વીરૂધ ઊપાયોથી મીલકતનું જવું ને મીલ

[redacted]

"ગેરવાજબી લાભમાં મીલકતનું ગેરવાજબી રાખવું પણ સમજવું"
"ગેરવાજબી હાનીમાં કાંઇ મીલકત લેવામાં ગેરવાજબી પ્રતીબંધ થાય તેપણ સમજવો."

પોતાની પાસે રાખે તીયારે પણ તેને ગેર વાજબી લાભ થયો એમ સમજવું કોઈ સખ્સની પાસેથી ગેરવાજબી રીતે કાંઇ મીલકત લઈ લેવાય તીયારે અને તેમજ તેને કાંઇ મીલકત લેતા ગેરવાજબી રીતે પ્રતીબંધ થાય તીયારે પણું તેને ગેરવાજબી હાની થઇ એમ સમજવું.

"બદદ્યાનતથી"

૨૪ જે માણસ કાંઈ વસતુ એક સખસને ગેરવાજબી લાભ કરવાના અથવા બીજા સખસને ગેરવાજબી હાની કરવાના ઈરાદાથી કરે તે માણસે તે વસતુ બદદ્યાનતથી કરી એમ સમજવું.

"દગાબાજીથી"

૨૫ જો કોઈ સખસ કાંઈ વસતુ દગો કરવાના ઈરાદાથી કરે તો તે વસતુ તેણે દગાબાજીથી કરી એમ સમજવુ, નહીતો નહી.

"માનવાનુ કારણુ"

૨૬ જો કોઈ સખસને કાંઇ વસતુ માનવાનુ પાકુ "કારણ હોય તો તેને તે વસતુ "માનવ'નું કારણુ" છે એમ સમજવુ, નહીતો નહી.

"સ્ત્રી, મહેતા અથવા નોકરના કબજામાની મીલકત."

૨૭ જ્યારે કાંઈ મીલકત કોઈ સખસની વતી તે સખસની સ્ત્રી, મહેતા અથવ નોકરના કબજામાં હોય તીયારે આ કાયદાના અરથ પરમાણે તે તેજ સખસના કબજામાંછે એમ સમજવું.

ખુલાસો—જે સખસને થોડીવાર અથવા કોઈ વીશેસ પરસંગે મહેતા અથવા ને નોકરની માફક રાખીઓ હોય તેને આ કલમના અરથ પરમાણે મહેતો અથવા નોકર સમજવો.

"ખોટુ બનાવવું."

૨૮ જે સખસ એક વસતુ બીજી વસતુના શરખી કરે એવા ઈરાદાથી કે તે સ... આ પણામાથી ફરેબ કરવો, અથવા એવુ જાણીને કે તેથ ફરેબ થશે એવો સંભવ છે તે સખસે તે વસતુ ખોટી બન... એમ સમજવું.

ખુલાસો | કાંઇ વસતુ ખોટી બનાવવામાં નકલ બરાબર થવી જોઈએ એમ જરૂર નથી

૨૯ "દેખ" એ શબદવડે કાંઈપણ બાબત સમજવી જે બાબત કોઈપણ વસ... પર અક્ષર અંક કે ચીન વડે અથવા એ માંહેના એકથી વધારે સાધનો વડે સમજાવ... અથવા બીયાન કરેલી હોય અને જે સાધનો તે બાબતના પુરાવા દાખલ વાપરવાનો ઇ... દો કરયો હોય અથવા વપરાય.

ખુલાસો—૧ લો ગમે તે સાધનવડે અથવા ગમે તે વસતુ ઉપર તે અક્ષર અં...

...ત પુરાવા કે ઇનસાફની કોરટને ...
...ા તે કોઈ ઇનસાફની કોરટમાં વપરાય કે વહી...

દષ્ટાંતો.

...કરારની સરતો લખી છે અને ખત લે...
...છે તો તે લેખછે.

...નો ચેક લેખછે.

...થવા મુખતીઆરનામુ લેખછે.

... જે પુરાવામાં વાપરવાનો ઈરાદો કરેલો હોય, અથવા જે પુરાવામાં વપરાય, ...

...ખતમાં કાંઇ હુકમ લખીયો હોય અથવા કેમ કરવુ એ બાબત કાંઈ સલાહ લ... તે લેખછે.

...સી. ૨ જો—અક્ષર, આંક અથવા ચીન્હોવડે વેપારીઓના અથવા બીજા રીવાજ ... સમજાતુ હોય તે આ કલમના અરથ પરમાણે તે અક્ષર આંક અથવા ચીન્હો ...જાયછે એમ સમજવું પછી તેસઘળુ સવીસ્તર લખ્યું ન હોય તો પણ.

દષ્ટાંત.

અ હુકમ કરે તેને નાંણાં આપવા એવી તરેહની એક હુંડીની પાછળ અ પોતાનુ નામ લખેતો "એ" પાછળ લખવાનો અરથ વેપારીઓના રીવાજ મુજબ એવો છે કે એ હુંડી જેની પાસે હોય તેને નાંણા આપવાંહવે પાછળ જે લખીયુ છેતે લેખછે અને "આ જેની પાશે હોય તેને નાણાં આપજો" એ સબદો અથવા એજ મતલબના બીજા શબદો જાણે તે સહીની ઉપર લખીયા હોય એ પરમાણે તેનો અરથ કરવો.

ટીકા.

પુરાવામાં વાપરવા સારૂ કોઈ અરજી અથવા મુસદો કરયો હોય અને તેમાં કોઈની આબરૂને બટો લાગે એવો મજકુર લખીયો હોય તો કલમ ૪૬૮ પરમાણે ગુનો થઇ સર. ૧૦ વી૦ રી૦ પ્ર૦ ૬૧ ફોજદારી.

ખોટો લેખ બનાવવમા ગુનાને માટે તે લેખ કોઈ હયાત માણસના નામનો હોવાની જરૂર નથી ફકત લેખ ખોટો બનાવ્યો એમ હોવુ જોઇએ. રાણી વી. શીફ્ત અને બીના કામમાં ૨ લા. રી. પુ૯૧૨

૩૦ "કીમતી દસતાવેજ". એ શબદો વડે જે લેખથી કાંઈ કાએદેસર હક ઉતપન

'કીમતી દસતાવેજ"	થતો હોય, વધતો હોય બીજાને અપાતો હોય ઓછો થતો હોય, નાબુદ થતો હોય, અથવા છોડી દેવાતો હોય અથવા જે

લેખથી કોઈ સખસ કબુલ કરતો હોય કે મારી કાયદેસર જુમેદારીછે અથવા કલાણો કાએદેસર હક મારો નથી" એવો લેખ અથવા એવી મતલબનો લેખ સમજવો.

દષ્ટાંત.

[redacted] લખવાની અસર એવી
[redacted] આવે તેને પહોંચે,

ટીકા

હીસાબનો લખીતવાર ફેંસલો જો કે તેના ઊપર સહી ન હોય અને આપવાનું વચન પણ ન હોય તો પણ તે એક કરારના પુરાવા તરીકે "કીમતી દસતાવેજ" ગણવામાં આવ્યોછે મદરાસ હાઈકોરટ વા. ૨ પા. ૨૪૭

પટાની નકલ એ કાંઈ કલમના અરથ પરમાણે કીમતી દસતાવેજ નથી (મુંબઈ હાઈ કોરટ તા૦ ૧૭ જુલાઈ સને ૧૮૬૭ વા. ૪ પ્ર૯ ૨૮ મું).

૧ ફુટા છેડાનું દસતાવેજ એ આ કલમ પરમાણે કીમતી દસતાવેજછે. ૧૪ વી. રી. પ્ર ૧૫ (ફોજદારી.)

૨ કોઈ ખેડુતની નકલ એ આ કલમ પરમાણે કીમતી દસતાવેજ નથી, રાણી વી• ખુશાલ હીરામાન અને ઈંદ્રગીર. ૪ મુ. હા. રી. પ્ર. ૨૮

૩ કાંઈ હીશાબની બોધ લખીને કરી હોય અને તેમાં કોઈએ સહી ન કરી હોય તોપણ આ કલમ પ્રમાણે તે કીમતી દશતાવેજછે. ૨ મ. હા. રી. પ્ર. ૨૪.

૪ કોઈ દસતાવેજ સ્ટાંપ ઊપર લખેલું ન હોય અને એટલા માટે એ પુરાવામાં લેવાય એવું ન હોય તો પણ તે કીમતી દસતાવેજછે. ૭ મ હા. રી. પ્ર. ૧૬

[redacted] "વીલ" | ૩૧ "વીલ" એ શબ્દ વડે કોઇ પણ વસીયતનામાનો બોધ [redacted]વો.

[redacted] ૩૨ આ કાયદાના હરેક ભાગમાં કરેલાં કામોનો બોધ કરનારા સબદો હોય તેસ બદો કાયદા વીરૂધ કસુરોને પણ લાગેછે એમ સમજવું પણ જે ઠેકાણે ન શબ્દો લખીયા હોય તે ઠેકાણે મતલબ જોતાં એથી ઉલટો અરથ દેખાતો હોય તો તાહા તેમ અરથ કરવો

કામને કહેનારા સબદો માં કાયદા વીરૂધ કસુરો પણ સમજવી.

૩૩ કામ એ શબ્દ એક કામને, અને તેમજ એક પછી એક એ પરમાણે [redacted] ના અનેક કામોને પણ લાગેછે અને "કસુર" [redacted] એક કસુરને તેમજ એક પછી એક એ પરમાણે [redacted] નેક કસુરોને પણ લાગેછે

"કામ" "કસુરો"

૩૪ ઘણા સખસોનો ઈરાદો હોય તે પાર પાડવા સારૂ તે સઘળા સખસો[redacted]ને જ્યરે કાઈ ગુનાહનું કામ કરયુ હોય તીયારે [redacted] હરએક સખશ તે કામ તેણે એકલાએજ કરયુ [redacted] તે તે કામને માટે જવાબદારછે.

ઘણા સખસોનો ઈરાદો પાર પાડવા સારૂ તે સબ ળા સખશોએ મળી કરેલા કામની જવાબદારી.

ટીકા.

[redacted] આરૂ જવાબદાર થવાને તે કામ [redacted]
[redacted] ઈએ પણ જે કામ સઘળાઓના [redacted]
[redacted] વનીયુ સીવીલ એંડ ક્રમીનલ [redacted]
[redacted] બી૦ ૫ ફોક ચીફ જડજ ખોલ્યા [redacted]
[redacted] પકડો તે લોકોની મતલબ તથા ઈરાદો ચોરી [redacted]
[redacted] નાનો માતર હતો અને તેને માર માર્યો [redacted]
[redacted] તો તો તે મારના પરીણામને સારૂ તેઓ [redacted]
[redacted] જવાબદાર થશે નહી કાયદો એમ કહેછે કે જ્યા
[redacted] ર થયા ધેરકાયદેસર સાધારણ કામમાં લાગેલા
[redacted] લાઓના જાણપણામા અગર કબુલત વીના કાંઈ
[redacted] તેમનો સાધારણ ઈરાદો પાર પાડવા ઠરેલો હોય
[redacted] સબબે સામેલ ગણાશે નહી "


[redacted] પણ કહે છે કે જો કોઈ માણસ કોઈ મોટો ગુનો થતી વખતે
[redacted] તેમાં ભાગ ન લેનેતે ગુનો કરનારની સાથે રહી કામ ન કરે તે
[redacted] થતો અટકાવશ અગર ગુનેગારને પકડવા કોશેસન કરે એટલાજ સબબ હ
[redacted] ર તે ગુનેગાર નહીં થાય."

[redacted] કો ફ્લ.: માણસો કોઈ માણસને પકડીને તેને ચોરીના તહોમત ઊપર
[redacted] આવવાના કારણસર ભેગા થાય અને તેમાંથી કોઈ બાકીનાઓના ૨
ખતા તે માણસ ઘાતકીપણે અને બળાતકારથી માર સારે અને તેની સાથે ખરાબ
રીતે વરતે અને બીજાઓ ઊભા રહીને જોયા કરે પણ તેમને વારે નહી તો મને લાગે
છે કે જેવોની આગળ હાવી હકીકત પડી હોય તેઓ ઘણી યોગ રીતે હેવુ અનુમાન
કરી શકે કે તેવો બધા તેમાં સલાહવંદીછે અને તે કામ સલાહથી કરેલુ અને એ ગા
ર સાધારણ ઈરાદો પાર પાડના ગારેલો"

"રખુવો શો હતુ હતો તે હું જાણતો નથી મારે એટલુજ જણાવવાનં મરજી છે
કે જે બધા હાજરૂ હોયછે તેઓ જે કામ તેમની રુબરૂમા બનીયુ હોય તેને જરૂા જરૂ
ર પોતાના હોયાથી મદદ કરેછે એમ નથી અને તેટલા માટે મુખ ગુનેગારો તરીકે સીક્ષા
ને લાયક નથી."

. ૩૫ જો કાઈ કામ ઘણા શખશોએ કરયુ હોય અને તે કામ કાંઇ સાપરાધ
જ્ઞાન અથવા ઈરાદાથી થયાને લીધેજ ગુનાહ ગણાતુ હોય તો
તેઓમાનો હરએક સખસ જે તે કામમા તેવાં જ્ઞાન અથ
વા ઈરાદાથી શામીલ થયો હેય તે તેણે એકલાએજ તેવા
જ્ઞાન અથવા ઈરાદાથી તે કામ કરયુ હોય એ રીતે તે કામ

જ્યારે એવું કાઈ કામ સાપરાધ જ્ઞાન અથવા ઈરાદાથી થયાને લીધે ગુનો [redacted] હોય તીયારે.



...તો" શબ્દનો ઊપયોગ વારૂંવાર આવેછે, પરંતુ તેનો ...વજાના ન્યાયાધીશ મીઃ તીકમભાઈ પોતાનો ફૈસલ... ...રાદા વીશે નીચે પરમાણે કહે છે.

"અમુક સખસે અમુક કૃત્ય ઈરાદાથી કર્યું" તેનો અર્થ એક તે શખસે તે કૃત્ય ખુશીથી કર્યું. ખુશીથી કૃત્ય કરવામાં આવે ત્યારે કાયદો એવું અનુમાન કરેછેકે કરેલા ...કરતીયનું અમુક પરીણામ આવશે એવું તે જાણતો હોવો જોઇએ. તેથી અમુક પરીણામ નીપજશે એવું તેણે ધારયું કે ચાહયું, કિંવા ઇરાદો કરયો ન હોય તોપણ માણસ જાતના અનુભવ પ્રમાણે કરેલા કૃતથી અમુક પરીણામ નીપજશે એવું માણસો જાણે છે. તે નીયમ પરમાણે નીપજેલું પરીણામ તેણે ઇરાદા પુરવક આણ્યું એવું માનવામાં આવેછે. નાયનું એક મહા વાકય છે. કે બહારના કરતીયથી મનની અંદર ના ઇરાદો જણાઇ આવે છે. એટલે કે ઇછા જે કરતીય અમલમાં લાવવા ધારે છે તે બાહારની કોઈ રીયા અમલમાં લવાય છે. ઇરાદો કાઇ એવી સાકાર વસતુ નથી કે તે માણસની નજરે પડી શકે. માણસના મનની અંદર પેશી તેનો ઇરાદો કેવો છે તે જાણી શકાતું નથી, અને તે જાણવાનું પ્રયત્ન કરવું એ માણસનાં અકલની સકતીની બહર છે જેમકે માણસ જાતમાં પોતાને કરેલા ખરાબ કરતીયની વઇર લેવાનો સવભાવીક ગુણ હોય છે તે નીયમ પરમાણે તે માણસને કોઈ સખસે કાઈ હાની કરી હોય તેનું વઇર લેવું જોઇએ એવું મનની ઇછા સુચવે એ સુચના પરમાણે તરવાર મોંઈ હાથ એઇછા અમલમાં લાવવા માટે એ ખુન કરનાર સખસ ઊપર ઉઘાડી તરવારથી ધસવાનું કરે એટલી હકીકત હોય તયારે તહોમતદારનો ઈરાદો સામા સખસને તરવાથી મારી નખવાનો હતે એમ સમજવું."

૨૬ જો કઇ કામથી અથવા કાંઈ કસુરથી કઈ અસર કરવી અથવા અસર કરવાની કોશીશ કરવી એ કઇ ગુનોહ હોય તો તેજ અસર થોડી કાઇ કામથી કરવી, અને થોડી કાંઈ કસુરથી કરવી, એ પણ તેજ ગુનોહછે એમ સમજવું.


થોડોએક કાંઇ કામથી ને થોડીએક કાઇ કસુરથી કરેલી અસર.

દ્રષ્ટાંત.

અ જ ને ખોરાક આપવાની કાયદા વીરૂધ કસુર કરીને તથા જ ને મારીને ઈરાદાથી જ નું મોત થાય એમ કરે તો અ એ ખુન કરયું એમ સમજવું.

૨૭ જો કોઇ ગુનેહ ઘણા કામો કરવાથી થયો હોય તો જે શખસ એકલો અથવા બીજા કોઈ સખસોની સાથે રહીને તે કામોમાંહેનું ગમે તે એક કામ કરીને તે ગુનોહ કરવામા ઇરાદાથી સહકાર કરે તે સખસે તે ગુનોહ કરયો એમ સમજવું.

ઘણા કામો મળીને કંઇ ગુનો થતો હોય તો તેઓમાંનું એક કામ કરીને મદદ કરવી



[redacted] આપીને જ ને મારી [redacted] નાખવાનું ઇરાદા થી ઝેર આપે. અને તેમ જુદે જુદે વખતે આપેલા તે ઝેરની અસરથી જ મરી જાય તો એ ઠેકાણે ખુન કરવામાં અ તથા બ ઇરાદાથી સહકારી થયા અને તેઓના કામ જુદાં જુદાં તોપણ તે બ ને તે ગુનાહના તકશીરવાર છે, એમ સમજવું કેમકે તેઓ માના હરએક જેથી મોત થયું એવું કામ કીધું છે.

(બ) અ તથા બ એ બે એકઠા જેલર છે અને તેઓના હોદાને લીધે જ એક કેદી છે. તે વારા ફરતી છ છ કલાક એક એકના હવાલામા રહે છે. હવે જ નું મોત આણવાના ઇરાદાથી તે અસર પેદા કરવામા જાણી બુજીને તેઓ સહકારી થાય એવી રીતે કે જ ને પોહોચાડવા સારૂ તેઓને આપેલો ખોરાક તેઓ પોત પોતાની હાજરીના દર મીઆનમાં, જ ને પોહોચાડવા કાયદા વીરૂધ કસુર કરે અને જ ભુખે મરી જાય તો અ તથા બ એ બંનેએ જ નું ખુન કરયું એમ સમજવું.

(ક) અ જેલરના હવાલામા જ કેદી છે જ નું મોત આણવાના ઇરાદાથી અ જ ને ખોરાક આપવામા કાયદા વીરૂધ કશુર કરે જેથી જ ઘણો અશકત થઇ જાય પણ તે ભુખમરો એટલો ન થઈ પડે કે તેથી તે મરી જાય પછી અ પોતાના હોદ્દાપરથી બર તરફ થઇ બં તેની જગોપર મુકરર થાય અને બ અ ની સાથે મેલાપી અથવા સહકારી ન થતાં જ ને ખોરાક આપવામાં કાયદા વીરૂધ કશુર કરે, એવું જાણીને કે તેમ કરેથી જ મરી જશે એવો સંભવ છે અને જ ભુખે મરી જાય તો બ એ ખુન કરયુ એમ સમજવું પણુ અ કંઇ બ ની સાથે શાહકારી થઓ નહી માટે અ એ માત્ર ખુન કરવાની કોશીશ કરી એમ સમજવું.

૩૮. કોઈ ગુનાહનુ કામ કરવામા ઘણા સખસો લાગેલા અથવા સામીલ હોય તો તેઓ તે કામથી જુદા જુદા ગુનાહના તકસીરવાર થઈ શકે.

કંઇ ગુનાહનુ કામ કરવામાં ઘણા સખશો શામીલ થયા હોય તો તેઓ જુદા જુદા ગુનાહના તકશીરવાર થઇ સકે.

દ્રષ્ટાંત.

અ જ ની ઉપર હુમલો કરે તે વખતે તેને એટલો ભારે ક્રોધ ચડેલો હોય કે તેને હાથે જ નું મરવુ ખુનથી ઉતરતા દરજાનો સીક્ષાણીય મનુષવધ થાય તેમ જ જ ની ઉપર દવેષ ભાવથી તથા જ ને મારી નાખવાના ઇરાદાથી અ નો માફક ક્રોધ ન ચડયા છતાં, જ ને મારી નાખવામાં બ અ ને મદદ કરે તો એ ઠેકાણે અગર જ નું મોત આપવામાં અ તથા બં એઉ બંને સામીલ છે તો પણ બ એ ખુન કર્યુ અને અ એ ખાતર શીક્ષાણીય મનુશવધ કીધો એમ સમજવું.

...થી કાંઇ અસર પેંદા કરવાનો ઇરાદો કરયો હોય

...થી અથવા જે ઉપાયથી તે અસર પેંદા થશે હેવો

...છે એમ તે ઊપાય કામે લગાડતી વખતે તેણે જાણ્યું

અથવા એમ માનવાનું તેને કારણ હોય તે ઊપાયથી તેં તે અસર પેદા કરિં તીયારે

બુધીપુરવક તે અસર પેંદા કરી એમ સમજવું.

દ્રષ્ટાંત.

એક મોટા સેહેરમાં એક ઘર છે; તેમાં માણસો રહે છે તે ઘરમાં રાતને વખતે અ અપહરણનો ગુનેહ સેહેલ કરવા માટે અ આગ લગાડે અને તેથી એક સખસનું મોત થાય તો એ ઠેકાણે કાંઈ મોત આણવાને અ એ ઇરાદો ન કીધો હોય અને પોતાના કામથી મોત થયું એમ જાણીને અ દીલગીર થાય તો પણ તેણે બુધીપુરવક તે મોત આણીયુ એમ સમજવું.

ટીકા.

બુધી પુરવક સબદનો અરથ કલમ ૩૫ મા ઇરાદા વીસે ખુલાસો કરવામાં આ૦શે ...તે મધે આવી જાય છે માનવાના કારણ માટે પાછળ કલમ ૨૬ની ટીકામાં ખુલાસોછે.

આ કલમની બીજી અને તીજી રકમમાં લખેલા બાબ અને કલમો શીવાય 'ગુનેહ' એ સબદ વડે વસતુને માટે આ કાયદામાં સીક્ષા કરવાનું ફરમાવ્યું છે. તે વસતુ સમજવી.

"ગુનેહ"

"૪ થા બાબમાં અને હેઠળ લખેલી કલમોમાં એટલે ૬૪ મી, ૬૫ મી, ૬૬ મી, ૭૧ મી, ૧૦૯ મી. ૧૧૦ મી, ૧૧૨ મી. ૧૧૪ મી, ૧૧૫ મી, ૧૧૬ મી, ૧૧૭ મી, ૧૮૭ મી, ૧૯૪ મી, ૧૯૫ મી, ૨૦૩ જી, ૨૧૧ મી, ૨૧૩ મી, ૨૧૪ મી, ૨૨૧ મી, ૨૨૨ મી, ૨૨૩ મી, ૨૨૪ મી, ૨૨૫ મી, ૩૨૭ મી, ૩૨૮ મી, ૩૨૯ મી, ૨૩૦ મી, ૩૪૧ મી, ૨૪૭ મી, ૨૪૮ મી, ૩૮૮ મી, ૩૮૯ મી, અને ૪૪૫ મી, કલમમાં "ગુનેહ" આ સબદ લખેલો છે તે શબ્દ વડે જે વસતુને માટે આ કાયદામા અથવા આ કાયદામા વ્યાખીયા લખેલી છે તેવા કાંઈ વાશેશ કાયદામાં અથવા સ્થાનીક કાયદામા સીક્ષા કરવાનુ ફરમાવ્યુ છે તે વસતુ સમજવી.

"અને ૧૪૧ મી, ૧૭૬ મી, ૧૭૭ મી, ૨૦૧ મી, ૨૦૨ જી, ૨૧૨ મી, ૨૧૬ અને ૪૪૧ મી કલમમા "ગુનેહ આ શબ્દ લખેલો છે તે શબ્દનો અરથ જે વસતુને માટે વીશેશ કાયદામા કે સથાનીક કાયદામા શીક્ષા કરવાનુ ફરમાવ્યુ છે અને તેજ કાયદા ઉપરથી તે વસતુને માટે દંડ સુંદા અથવા દંડ વગર છ મહીનાની અથવા તે કરતાં વ તી મુદતની કેદની શીક્ષા કરવા ફરમાવ્યું હોય તીયારે તેવોજ અરથ સમજવો."

ટીકા.

...(ઇંગલંડના કાયદા) પરમાણે સજા લાયક કામોને "ગુનેહ" એ ...થી.

[redacted] ૧૮૭૦નો. ૨૭ મો આકટ છે. તે
[redacted] ાવેલો ગુનોહ સ્થાનીક કોના વી
[redacted], ૧૧૦, ૧૧૧, ૧૧૪, ૧૧૫, ૧૧૬
૧૨૭, ૧૬૪, ૧૯૪, ૧૯૫, ૨૦૩, ૨૧૧, ૨૩૧, ૨૧૪, ૨૨૧, .૨૨૧, ૨૨૩, ૨૨૪, ૨૨૫, ૩૨૭, ૩૨૮. ૩૨૯, ૩૩૦, ૩૩૧, ૩૪૭, ૩૪૮, ૪૮૮, ૪૮૯, અને ૪૪૫,

"વીશેસ કાયદે." | ૪૧ "વીશેસ કાયદો" એટલે કંઈ ખાસ બાબતને લાગુ પડે તેવો કાયદો.

૪૨ "સ્થાનીક કાયદો" એટલે બ્રીટીશ ઇંડીઆના કોઈ વીશેશ ભાગનેજ લાગુ "સ્થાનીક કાયદો" | પડે તેવો કાયદો.

૪૩ "કાયદા વીરૂધ" એ શબ્દો જે જે વસતુ ગુનોહ છે અથવા કાયદાએ મને કરેલી છે અથવા દીવાની ફરીઆદીનુ કારણ થાયછે. તે પરતે કને લાગુ પડે છે; અને જે સખસ જે વસતુ કરવામાં ક સુર કરે તો કાયદા વીરૂધ થાય. તે વસતુ કરવાનો તે સખસની "કાયદા પરમાણે ફરજછે" એમ સમજવું.

"કાયદા વીરૂધ". "કાયદા જરમ ણે ફરજ"

૪૪ "નુકશાન" એ સબદ વડે કાઇ પણ સખસના સરીરને મનને આબરૂને "નુકશાન" | અથવા મીલકતને કાયદા વીરૂધ રીતે કરેલી કાંઈ પણ હાની સમજવી.

૪૫ "જીંદગી" એ સબદ વડે માણસની જીંદગી સમજવી, પણ જે ઠેકાણે એ "જીંદગી" | શબદ વાપરો હોય તે ઠેકાણે મતલબ જોતા એથી જીસદો અરથ દેખાતો હોય તો તાહા તેમ અરથ કરવો.

૪૬ "મોત" એ શબ્દ વડે માણસનુ મોત સમજવું પણ જે જે ઠેકાણે એ શબ્દ લખ્યો હોય તે ઠેકાણે મતલબ જોતાં એથી જીસદો અરથ દેખાતો હોય તો તાહા એમ અરથ કરવો.

"મોત"

૪૭ "જાનવર" એ શબ્દ વડે માણુસ સીવાય બીજી કાંઈપણ જીવ વાળી વસતુ "જાનવર" | સમજવી.

૪૮ "વહાણુ" એ સબ્દ વડે જળ મારગે માણુસોને અથવા મીલકતને લેઇ જવા "વાહાણુ" | માટે કરેલી કાંઇ પણ વસતુ સમજવી.

૪૯ જે જે ઠેકાણે "વરસ" એ શબ્દ અથવા "મહીનો" એ શબ્દ લખ્યો હોય તે તે ઠેકાણે એમ સમજવુ કે ઇંગરેજી પંચાંગ પરમાણે તે વરસ અથવા મહીનો ગણવો.

"વરસ".

૫૦ "કલમ" એ શબ્દ વડે આ કાયદાના જે જે ભાગોની આગળ આંકડા લખી ને તેઓને જુદા પાડેલા છે તેઓમાંનો એક ભાગ સમજવો.

"કલમ"

૫૧ "સોગંદ" એ શબ્દમાં સોગંદને ઠેકાણે ધરમ પુરવક પરતીગ્ના કરવાનુ કાયદા

ફરમાવેલુ હોય તે પરતીજ્ઞા તથા ઈનસાફની કેસ્નુમાં બીજે ડેક.ણે કોઈ સરકારી નોકરની આગળ કાંઈ પણ એ આપવા રજા આપી હોય અથવા જે ઇકરાર પુરાવાના કા પણ સમાય છે એમ સમજવું.

ટીકા.

૧૮૪૦ ને આકટ ૫ મો તથા સને ૧૮૭૨ ના આકટ ૧ ... થયા છે.

સને ૧૮૭૬ ના આકટ ૧૦ થી નીચે જણાવેલી કારટોને સમ ખવરાવવાનો તથા તીજ્ઞા કરાવવાનો અધીકાર છે.

જેઓને કાયદા પરમાણે જુબાની લેવાનો અખીકાર હોય તે.

છાવણી મથકમાં મીલીટરી ખાતાના કમાન્ડીંગ એફીસરને.

જેઓને જસ્ટીસ ઓફ ધી પીસનો અખીકાર મળ્યો હોય તે.

કલમ ૬ સમને બદલે પ્રતીજ્ઞા આપવા બાબત.

સમને ઠેકાણે પ્રતીજ્ઞા આપ્યાથી કાંઈ કાયદા વીરૂધ થતુ નથી. (કલમ ૧૩).

૫૨. જે વસ્તુ ઘટતી સંભાળ તથા ધીયાન વીના કરી અથવા માની હોય, તે કરી શુધ બુધીથી | અથવા માની એમ સમજવું નહી.

દરેક કામમાં જેવી સંભાળ રાખવી જોઈએ તેવી સંભાળથી જે કામ કરવામાં આ તેને ઘટતી સંભાળ અને ધીયાન કહે છે પણ જોઈએ તેવી સંભાળ અથવા ધીયાન રા વગર કરવામા આવે તેને ઘટતી સભાળ અને ધીયાન કહેવાતુ નથી.

બાબ ૩ જો.

સીક્ષા બાબત.

૫૩ આ કાયદાના ઠરાવો પરમાણે ગુનેહગારો જે શીક્ષાઓને લાયક "શીક્ષા" | પરમાણે.

પહેલી. મોત.

બીજી. સમુદ્રપાર.

ત્રીજી રાસનીક દાસત્વ.

ચોથીકેદ બે પ્રકારની છે.—

(૧) સખત એટલે સખત મજુરી સાથે.

(૨) આશાન.

પાંચમી મીલકત સરકાર જપત કરવી.

છઠી દંડ.

ટીકા.

સને ૧૮૬૪ ના આક્ટ ૬ થી કેટલેક પરસંગે ફટકા મારવાની સજા હવે વધારવા માં આવી છે. નંબર ૩૫૨૮ તા૦ ૨૩ નવેમબર સને ૧૮૬૪ તથા નંબર ૧૪૭૬ તા૦ ૫ મી મે સને ૧૮૬૪.

પીનલકોડમાં ઠરવેલી શીક્ષા બદલે ફટકાની શીક્ષા કરવાની છે કાંઈ બેવડી થઈ શક તી નથી એટલે પેનલકોડ કલમ ૭૯-૨૮૦ પ્રમાણે કેદ તથા ફટકાની બેવડી કરવી નહી મુંબઈ હાઈ કોરટ તા૦ ૯ જાનેવારી સને ૧૮૬૭ તા૦ ૨૪ મી જુલાઈ સને ૧૮૬૭.

નાહાની ઊમરના ગુનેહગારને ઊમર લયક ગુનેહગારના સરખી જ સને ૧૮૬૪ ના આક્ટ ૭ ઠા ની કલમ ૩ જી લાગુ છે મુંબઈ હાઈકોરટ તા૦ ૧૭ નવેમબર સને ૧૮૭૦ વા. ૭ પ્ર ૭૦

નહાની ઊમરવાને ફટકા મારવા ને નાહાની ઉમરનો મેળ વરસથી ઓછી ઊમરનો હોય તેને નાહાની ઊમરનો ગણવો. મુંબઈ હાઈકોરટ તા૦ ૧૨ મી અકટોમબર સને ૧૮૬૮ વા. ૮ પ્ર, ૬૮

પ્રથમ પેનલકોડ કલમ ૩૭૯ પરમાણે એકલી ચોરી કરેલી અને ફરીથી કલમ ૨૮૦ પરમાણે મકાનમાં ચોરી કરી તેમાં ફટકાની શીક્ષા કરેલી તે રદ કરી કારણ કે એ એકજ ગુનો નથી મુંબઈ હાઈ કોરટ તા૦ ૨૨ સપટેમબર સને ૧૮૭૦ વા૦ ૭ પ્ર.૬૮.

આ કલમથી સ્ત્રીને તથા છોકરાંને ફટકાની સજામાંથી બાતલ કરવાં છે પણ (ક્રી. પ્રો. કોડ કલમ ૩૧૧) થી સ્ત્રી ગુનેગારને સોટી મારી શકેછે ગરભવંતી સ્ત્રીને ઠરેલી મો તની સજા બદલવા વીશે (ક્રી. પ્રો કોડ કલમ ૩૦૬)] હાઈકોરટને સતાછે સજા કર તી વખતે ધીયાનમાં રાખવુ જોઇએ કે ગુનેહગારને પોતાના કર્ત વીશે પસતાવો થઈ ફરીથી તેવુ કરતોય ન કરે એવી સજા ગુનાના પરમાણમાં ગુનો કરવાથી જે ફાયદા થવાની વકી રાખી હોય તે કરતા જાદે ગેરફાયદો કરે તેવી સજા કરવી જોઇએ. યેગ કરતાં વધારે સખત સજા કરવાની જરૂર નથી પણ ગુનોહ અટકાવવાને સારૂ જરૂર જણાય તારે સખ ત સજા કરી તેમજ કોઇ માણસ અથવા માણસોને એકજ જાતના ઘણા ગુનાહ કરવાની ટેવ પડી હોય તે અટકાવવાને સારૂ પણ સખત સજા કરવી દંડકરતાં શરીરને થએલી સ જા વધારે અસર કરેછે.

દયા એ માણસમાં ઊતમ ગુણ છે પણ ગુનેહગારની ઊપર દયા રાખી તેને છોડી મુ કવાથી બીજા બીન અપરાધી લોકો ભયમાં પડે છે માટે દયાને હદમાં રાખવી જોઇએ.

૫૪ જે જે બાબતમાં મેતની શીક્ષાનો હુકમ કરવામાં આવ્યો હોય તે તે બા બતમાં ગુનેહગારના રજામંદી સીવાય હીંદુસતાનની સરકાર અ થવા જે ઠેકાણે ગુનેહગારને શીક્ષાનો હુકમ થયો હોય તે ઠેકા ણાની સરકાર તે શીક્ષાને બદલે આ કાયદામાં ઠરાવેલી બીજી ગમે તે શીક્ષા કરવાને મુખતાયર છે.

મોતની શીક્ષાને બદલે બીજી શીક્ષા.

ટીકા.

ક્રીં. પ્રો કો. ક. ૨૮૭ પરમાણે હાઇકોરટની મંજુરીથી સેશન કોરટ મોતની સ જા કરી શકે છે.

કલમ ૫૪ અને ૫૫ માં ગવરનર જનરલ તથા સથાનીક સરકારને મોત અને ટાં ક શ મુદ્રપારની સજામાં ફેરફાર કરવા વીશે અધીકાર આપવામાં આવ્યોછે તેનુ કારણ કાયદો ઘડનારી કમીટીના રોપોરટનો ભાગ જે નીચે આપવામા આવ્યો છે તેથી સમજી શકશો.

"એવુ જોવામા આવશે કે અમે સરકારને કેટલીક બાબ મા ગુનેગારની રજા મંદી વગર શીક્ષા બદલવાનો અધીકાર આપયોછે. આ બાબત અમે જે નાંધ્યું કર્યુછે તે શરત વાજબી ધારશે મોતને બદલે આ કાયદામા ફરમાવેલી બીજી શીક્ષા કરવાના સરકારને અધીકાર આપવો જોઇએ એ પુરી રીતે યોગ્યછે વળી અમને એમ પણ યોગ લાગે છે કે જનમ દેશનીકાલના સજા કરેલા કેદીને જનમ પરયંત કેદ રાખવાના અધીકાર સરકારને આપવો જોઇએ કેટલીક વખત એવુ બનેછે કે જનમ પરયંત દેસનીકાલ કરવાની સજા અમલમા લાવતા ઘણુ અડચણ ભરેલુ થઇ પડેછે. આવા બનાવ શું છે તે શીક્ષા કરનાર કોરટ કરતાં સરકારના ધીયાનમા વધારે હોવા જોઇએ જે ઠેકાણે કેદીઓને જલમ દેશનીકાલ કરવામા આવેછે તે ઠેકાણાની સ્થીતી જોતા ત્યાં વધારે જનમ કેદના કેદીઓ ભરવા ન જોઇએ એ હકીકત શીક્ષા કરનાર કોરટ કરતા સરકાર વધારે જાણેછે."

	૫૫ જે જે બાબતમાં જીવતા સુધી સમુદરપારની સીક્ષાનો હુકમ કરવામાં આવ્યો હોય તે તે બાબતમા ગુનેહગારની રજામંદી શીવાય હીં
જીવતા સુધી સમુદરપારની સીક્ષાને બદલે બીજી સોક્ષા.	દુસતાનની સરકાર અથવા જે ઠેકાણે તે ગુનેગારને સીક્ષાનો હુકમ થયો હોય તે ઠેકાણાની સરકાર તે સીક્ષાને બદલે ચઉદ વરસની મુદત સુધીના બેમાના ગમે તે પ્રકારની કેદની શા

ક્ષા કરવાને મુખતીઆરછે.

ટીકા.

જ્યારે કોઇ સખસને ગુનાને સારૂ સીક્ષાનો હુકમ કરવામાં આવ્યો હોય તીયારે ગવરનર જનરલ ઇનકાઊનશીલ અથવા સથાનીક સરકાર ગમે તે વખતે કાંઇ સરતો સીવાય અગર તે શખસ કબુલ કરે તેવી સરતોથી જે શીક્ષાનો તેને હુકમ થયો હોય તે બધી શીક્ષા ઇવા તેનો ભાગ માફ કરવાને અથવા તે શીક્ષા મુલતવી રાખવા તે મુખતીઆરછે અગર તે શખસની રજામંદી સીવાય કાયદા પરમાણે ઠરેલી સજાને બદલે આ નીચે લખેલી એટલે મોત—સમુદરપાર શાસનીકદ્દાશત્વ અને કેદ એ ચાર સજાઓમાની કોઇ પણ સજા તેની પછી લખેલી સજાને બદલે કરવાને મુખતીઆરછે (સને ૧૮૫૫ નો આકટ ૧૮ મો જોવો.)

જો ઠરાવેલી સરતો તોડે તો માફી પાછી ખેંચી લેવામાં આવશે અને સજાનો અધુરો રહેલો ભાગ ફરીથી ભોગવવા હુકમ કરવામા આવશે (સને ૧૮૭૨ નો આકટ ૧૦ કલમ ૩૨૨, સને ૧૮૭૪ના આકટ ૧૧ કલમ ૩૪).

યુરોપીઅન તથા અમેરીકન લોકોને સમુદરપારની શીક્ષાને બદલે સાસીક દાસતવની શીક્ષા કરવી.

૫૬. જે જે બાબતમાં કોઈ સખસ યુરોપીઅન અથવા અમેરીકન છતાં આ કાયદામાં જેહેને માટે સમુદરપારની શીક્ષા ઠરાવી છે એહેવો કોઈ ગુનો તેહેના ઉપર સાબીત થાય તે તે બાબતમાં સમુદરપારની શીક્ષનો હુકમ ન કરતાં સને ૧૮૫૫ ના ૨૪ મા આકટના ઠરાવો મુજબ કોરટે તે ગુનેહગારને શાસીક દાસતવની શીક્ષાનો હુકમ કરવો.

છતાં સુધીની શીક્ષને બદલે નહીં હોય તેહેને વરસ કરતાં વતી મુદતની કેદની શીક્ષાને ઠરાવ તે બાબત વાસ્તે ઠરાવ.

પણ એવું ઠરાવ્યું છે કે સદરહુ આકટ ઠરયો નહીં હોય તો જે ગુનાહ બાબત યુરોપીઅન અથવા અમેરીકન માણસ છતા સુધી સમુદરપાર ની શીક્ષાને લાયક થતે નહીં પણ દસ વરસ કરતા વતી મુદત સુધી સમુદરપાર મોકલવાની શીક્ષા પામવાને અથવા તેને તે શીક્ષા કરવાનો હુકમ થતાને તે લાયક થતે તો તે ગુનાહ બાબત તે માણસ કોરટની નજરમા આવશે તે પ્રમાણે છ વરસ કરતા વતી મુદત સુધી સાસનીક દાસતવની શીક્ષા પામવાને અથવા તેને તે શીક્ષા કરવાનો હુકમ થવને તે લાયક થશે પણ છતા સુધી સાસનીક દાસતવની શીક્ષાને લાયક થશે એવું સમજવું નહીં.

ટીકા.

શાગીની વીસાપતી રઇઅતને કેદની શીક્ષા કમી ઠરાવવી કેમકે બીજા લોકો કરતાં એ લોકો ઘણું દુઃખ પામી મરણ પામે છે મેડીકલ બોરડના પત્ર ગયે ક. ૨૧—૯૯સરકારનો પતર તા૦ ૧૭મી મે સને ૧૮૫૨ નંબર ૧૫૪૭ નો.

૫૭ શીક્ષાની મુદતોના ભાગોની ગણુતી કરવામાં છતાં સુધી સમુદરપારની શીક્ષાને શીક્ષાની મુદતના ભાગ દસ વરસની સમુદરપારની શીક્ષાના બરાબર ગણવી.

જે ગુનેહગારોને સમુદરપારની શીક્ષાને હુકમ કરવામાં આવે તે ગુનેહગારોનેગમુ કપાર કરત સુધીશું કરવું.

૫૮. જે જે બાબતમા સમુદરપારની શીક્ષાનો હુકમ કરવામાં આવે તે બાબતમાં જે ગુનેહગારને સમુદરપાર કરતાંસુધી જાણે તેહને સખત કેદની શીક્ષાનો હુકમ થયો હોય એ રીતે તેહનો ઉપર અમલ કરવો અને તે કેદ રહે તે મુદતના દરમીઆનમા તેણે સમુદરપાર ની શીક્ષા ભોગવી એમ સમજવુ.

ટીકા.

સમુદર પારની જગા ઘણી જગાઓ ગવરનર જનરલે ઠરાવવાની છે અને દરેક ગુનેગારને લેઈ જવાનો હુકમ સથાનીક સરકારે કરવનો છે (સને ૧૮૭૨ના આકટ ૧૦ કલમ ૩૧૯) પણ જો તે સખસ પેહેલાંથીજ કાંઈ સમુદરપારની સજા ભોગવતો હોય તો તે પ્રમાણે કરવાનું નથી. (સને ૧૮૭૨ના આકટ ૧૦ની ક. ૩૨૦).

કેદને ઠેકાણે સમુદરપારનો હુકમ ક્યારે થઈ સકે.

૫૯ જે જે બાબતમા ગુનેહગારને સાત વરસ અથવા તેથી વધારે મુદતની કેદની શીક્ષા થઈ શકતી હોય તે તે બાબતમા તે ગુનેહગારને કેદની શીક્ષનો હુકમ ન કરતા સમુદરપારનો હુકમ કરવાને તે ગુ

કોરટ મુખતીઆર છે; પણ તે સમુદરપારની સીક્ષા
...વી ન જોઈએ તથા આ કાયદા મુજબ જેટલી મુદ
...લાયક હોય તે કરતાં વધારે મુદત ની પણ હોવી ન જોઈયે

ટીકા.

આ કલમ જે ગુનાને સરૂ કરીને સમુદરપારની સજા કરવામાં આવે તે ગુનો સા
...રસ અથવા તેથી વધારે મુદતની કેદની સજાને લાયક હોયતેવે પરસંગે ફકત લાગુ
પડે છે પણ જ્યા કેદીના ઊપર કેટલાક ગુના સાબીત થતા હોય અને તેમાંનો દરએક ગુનો
સાત વરસ કરતાં ટુંકી મુદતની કેદની સજાને લાયક હોય પરંતુ બધા ગુનાની સજાઓ
એકઠી કરતા સાત વરસથી વધારે થતી હોય તો તેવી બધી સીક્ષાઓ એકઠી કરી સમુદ
રપારની સજા કરવા કોઈ જડજને અધીકાર નથી (રેવનીયુ જુડીસોયલ અને પોલીસ જન
રલ કલકતા વા. ૨ પાને ૩૯૨. રેવનીયુ જુડીસીઅલ એંડ પોલીસ જનરલ કલકતા વા.
૫ પાને ૩૪) અને કોઈ ગુનાને લાગુ થતી કલમથી જડજ સમુદરપારની વધારે મુદતની
સજા કરી શકે તો પણ આ કલમથી કરેલી સમુદરપારની સજા જેટલી મુદતની કેદની સક્ષા
નો હુકમ હોય તેટલી મુદતથી વધારે થઈ શકે નહી એટલા માટે જ્યા તે ગુનો જીવતા
સુધી સમુદરપારની સીક્ષને અગર દસ વરસ કેદની સીક્ષાને લાયક હોય તાંહાં જો જડજ
ની અતીસય શક્ષા કરવાની મરજી ન હોય તો તે દસ વરસ ફકત વધારે સમુદરપારની સ
જા કરી સકે નહી (રેવનીયુ જુડીસીઅલ એંડ પોલીસ જનરલ કલકતા વા. ૩ પા. ૫૪
વા. ૪ પાને ૫૭૫.

આ કલમથી આપેલી સતા જે કોઈ અમલદારને સાત વરસની કેદની સીક્ષા કરવા
નો અધીકાર હોય તેવો કોઈ પણ અમલદાર ચલાવી શકે પણ જે મજીસટરેટને ફકત બે
જ વરસની કેદની સજા કરવાનો અધીકાર છે તે માજીસટરેટ જો કે જે ગુનાહનો ઈનસાફ
તે કરતો હોય તે સાત વરસથી વધારે કેદની સીક્ષાને લાયક હોય તો પણ સમુદરપારની
સજા તે કરી સકે નહી (રેવનીયુ સીવીલ એંડ કરીમીનલ રીપોરટ (કલકતા) કરીમીનલ
રૂલીંગ. વા. ૫ પાને ૨૦ બંગાળા લા રીપોરટસ એપેલેટ કરીમીનલ જુરીશડીકશન વા.
... પાને ૫.

૬૦ જે જે બાબતમાં ગુનેહગારને બેમાંની ગમે તે પરકારની કેદની શીક્ષા થઈ શકતી હોય તે તે બાબતમાં આખી કેદ સખત અથવા આખી આસાન અથવા તે કેદનો કોઈ ભાગ સખત તથા બાકીનો ભાગ આસાન એ પરમાણે સીક્ષાનો હુકમ ફરમાવવાને તે ગુનેગારને શીક્ષાનો હુકમ કરનારી કોરટ મુખતીઆર છે.

(કેટલીએક બાબતોમા) કેદ આખી મુદત અથવા થોડી મુદત સુધી સખત અથવા આસાન એવો હુકમ થઈ શકે.

ટીકા.

સોળ વરસની અંદરના ગુનેગારને જ્યારે કોઈ ગુનાને સારૂ કેદની સીક્ષાનો હુકમ



[redacted] ના હુકમથી તેને મુધારે

ધાની જગોએ મોક [redacted] ૧૦ કલમ ૧૧૧.

કોઈ ફોજદારી [redacted] મુદત જે તારીખે કેદની સંતનો હુકમ થયો હોય તે તા [redacted] ચાલતાની દરમીઆન જેટલી મુદત સુધી સીક્ષાનો અમલ મોકુફ રાખીઓ હોય તે મુદત કેદની મુદતમાં મજરે ગણવાની નથી (સદર કોરટ રુલીંગ તા. ૨૮ અપરેલ સને ૧૮૬૨).

કેદની શીક્ષાનો હુકમ જે વખત સજા કરવામાં આવે તે વખતથીજ અમલમાં આવવો જોઈએ પણ જો તેનો અમલ પાછળથી કરવાનુ કોઇ કાયદેસર કારણ હોય તો તે પાછળથી કરી શકાય સને ૧૮૬૨ ના આકટ ૧૦ની કલમ ૩૧૪– ૩૧૬ અને ૩૧૭ મા ઠરાવેલા પરસંગો સીવાય માજીસતરેટ પોતે કરેલી સજાનો અમલ પાછળથી થવા હુકમ કરી સકે નહી તેમજ સને ૧૮૭૧ ના આકટ ૧૦ ની કલમ ૨૧૧ મા ઠરાવેલા પરસગ શીવાય જે સજા તરત સરૂ થવી જોઈએ તે બંધ રહી સકે નહી (બં. હા રી. આપેલેંટ ક્રીમીનલ જુડાકસન વા. ૩ પા. ૫૦)

જયારે કોઇ સખસને કેદની શીક્ષા થઇ હશે તે સખસને મારેલી કેદની મુદતની અંદર તેને જે જેલમાં ઈયા જગમા રાખીઓ હોય તે જેલ યા જગામથી એવા એજ સથાનીક સરકારનો હકુમતનો અંદર બીજી જેલ ઈયા જગામા લેઇ જવા સથાનીક સરકાર હુકમ કરે તો તે કાયદેસરછે (સને ૧૮૭૧ નો આકટ ૫) પણ જો સથાનીક સરકાર સીવાય બીજો કાઈ અધીકારી એ પરમાણે લઈ જવા હુકમ કરે અગર એની એજ સથાનીક સરકારની હકુમત બહાર કોઇ જેલમાં એ કેદીને લઈ જવમાં આવે તો તેને કેદમાં રાખવો કાયદા વીરૂધ થશે અને તેનો છુટી જવા હક થશે (આસનના કામમા લાજરનલ ક્વીનસ બેંચ કેસીસ વા૦ ૩૦ પાને ૩૮ રાણી વીરૂધ માઉરસુ રાપિ.રટસ પીવેકાન શીલ વા. ૬ પા. ૩૦૫).

૬૧ જે જે બાબતમાં કોઇ સખસની ઉપર એહેવો ગુનોહ સબીત થાય કે ગુનાહને માટે તે ગુનેહગર પોતાની સઘળી મીલકત સરકાર જપત થવાને લાયક છે તે તે બાબતમા ફરમાવેલી શીક્ષા

મીલકત સરકાર જપત થાય એવો હુકમ.

અથવા તેને બદલે કરવામાં આવે હોય એવી બીજી શીક્ષા ભોગવી રહયા વીના અથવા તેને માફ થયા વીના સરકારના લાભ સંબંધ બીજી રીતે તે ગુનેગરથી કંઈ મીલકત મેળવી શકશે નહી.

દ્રષ્ટાંત.

હીંદુસતાનની સરકારની સામા લડાઇ કરવાનો ગુનો અ ની ઉપર સાબીત થયો તે થી તેની સઘળી મીલકત સરકાર જપત થવાને અ લાયક છે હવે શીક્ષાનો હુકમ થયા પછી તથા તે હુકમ કાયમછે તે દરમીઆનમા અ નો બાપ કંઈ મીલકત મુકીને મરી જાય [redacted] મીલકત અગર સરકાર જપતીનો હુકમ ન થયો હોત તો અ ની થાત તો તે મીલક



૬૨ જે બાબતમાં કોઈ શખસની ઉપર મોતની શીક્ષા થઈ શકે એવો ગુનોહ-

જે ગુનેગારો મોતની સજુ કરપાત્રનો અથવા કેદની શીક્ષા થઈ શકે એવા હોય તે એની માલમત સરકાર જપત થવી.

સાબીત થાય તે તે બાબતમાં તે સખસની સથાવર જંગમ સઘળી મીલકત સરકાર જપત થાય એવો હુકમ કરવાને કોરટ મુખતીઆરછે અને જે જે બાબતમા કોઈ સખસનો ઉપર એ વો ગુનોહ સાબીત થાય કે તે ગુનાહને માટે તેને સમુદરપાર કરવામાં આવે અથવા સાત વરસ અથવા તે કરતાં વધારે મુદતની કેદની શીક્ષાનો હુકમ કરવામાં આવે તે તે બાબતમાં તેહેના સમુદર પારની અથવા કેદની મુદતના દરમીઆન માં તે સખસના કુટંબ તથા અનુભવીઓને માટે સરકારની નજરમાં દુરસત જણાય તે વો બંદોબસત સરકાર કરે એવી છુટ રાખીને તે મુદતના દરમીઆનમા તે સખસની સરવે સથાવર તથા જંગમ મીલકતનુ ભાડુ તથા ઉપજ સરકાર જપત થાય હેવો હુકમ કરવાને કોરટ મુખતીઆરછે.

ટીકા.

૧ આ કલમ પરમાણેની શીક્ષા ઘણુજ ઘાતકી ગુના કરયા હોય તે માટે થવી જો ઉએ ૧૨ વી. રી. પાને ૧૭ (ફોજદારી).

૬૩ કેટલે સુધી દંડ કરવો એના રકમ જયાં ઠરાવી નથી તયાં ગુનેહગારને જે [illegible]ની રકમ | જે દંડ થઈ શકે તે દંડની કોઈ હદ બાંધી નથી પણ અ તોસા દંડ કરવો નહી.

ટીકા.

નુકસાની દંડમાંથી ભરી આપવા બાબત સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૩૦૮ મુજબ જેમ ફોજદારી કોરટને અખતીઆર મળેલો છે તેમજ જયારે કોઈ સખસ ને દંડનો અગર તેની મીલકત સરકાર જપત કરવાનો હુકમ થએ હોય તોયારે તે દં ડમથી ફરીઆદને નુકસાન અપાવના ગવરનર જનરલ ઈનકાઉનશીલને અથવા સથા નીક સરકારને સને ૧૮૭૪ ના આકટ ૧૧ ની કલમ ૩૦ મુજબ અખતીઆર મળેલો છે.

જયા આ કાયદો એમ ઠરાવે છે કે ગુનેહગારને કેદની શીક્ષા કરવી અને વળી દં ડ પણ કરવો તથા શીક્ષાના હુકમમાં કેદનો સમાવેસ થવો જરૂર છે જયાં આવા પરસં ગે ફકત દંડની શીક્ષા કરવામાં આવી હતી તોયા કોરટે એ શીક્ષા કાયદા વીરૂધ ગણી રદ કરી એ દંડ પાછો આપવા હુકમ કરયો અને નીચલી કોરટને ફરીથી સજા કરવા હુ કમ કરયો જે સજાનો કેદ બધી ઘણા પેડા ભ ગ હેવો જોઈએ મુબઈ હાઈકોરટ રીપો રટસ વાલમ ૧ પાને ૪ ૩૪ ૨૯ મદરાસ હાઈ કોરટના કેસમા વાલમ ૪ આપેનડી ક્ષ પાને ૧૮.

૬૪ કેદની તથા દંડની શીક્ષા થઈ શકે એવા ગુનાની જે જે બાબતમાં ગુનેગારને દંડ ન આપેતો કેદનો હુકમ | કેદ સાથે કે કેદ વગર દંડની સીક્ષાનો હુકમ કરવામા આવે તે તે બાબતમાં અને ફકત દંડની શીક્ષા થઈ શકે એવા [illegible] જે જે બાબતમાં ગુનેગારને દંડની સીક્ષાનો હુકમ કરવામાં [illegible]

[redacted] આરે દંડ ન આપે તો તે આટલી મુદત સુધી
[redacted] એ પરમાણે તે ગુનેગારને શીક્ષાનો હુકમ કરનારો
[redacted] આરછે અને તે કેદ બીજી કઈ કેદની શીક્ષાનો હુક
મ તે ગુનેગારની ઉપર થયો હોય તે કેદની ઉપરાંત અથવા એક સીક્ષાને બદલે બીજી શી
ક્ષા કરવાના હુકમ ઉપર જે કેદને તે લાયક હોય તે કેદની ઉપરાંત સમજવી.

ટીકા.

આ કલમનો સને ૧૮૭૨ના આક્ટ ૧૦ ની કલમ ૩૦૯ સાથે વચતાં દંડ ન આપે તો કેદની સજા ભોગવવા ફરમાવવું એ હુકમી નથી (મ હાઈકોરટનો રૂલીંગ તા૦ ૭ ડીસેંબર સને ૧૮૬૬.

આ કલમ પીનલકોડ મુજબ સાબીત થએલ ગુનહના ઠરાવને લાગુછે એટલા મા
ટે જ્યારે માજીસ્તરેટે સને ૧૮૫૯ ના આક્ટ ૨૪ ની કલમ ૪૮ મુજબ દંડની શીક્ષા ક
રી તે દંડ ન આપે તો આ કલમ મુજબ કેદ ભોગવવા ફરમાવીયું અહીંઆ મદરાસ હાઈકો
રટે ગુનાહ સાબીત થયાના ઠરાવો રદ કરવા તેઓએ એમ અભીપ્રાય બતલાવ્યો કે સ
૧૮૫૯ ના આક્ટ ૨૪ ના કલમ ૪૮ મુજબ તેણે કેદ કે દંડ એ બેમાંથી એક પસંદ ક
રવું હતું અને જો તેણે દંડ પસંદ કર્યો તો તેનો તેણે મદરાસના સને ૧૮૬૫ના
આક્ટ ૫ મા ઠરાવેલી રીતે અમલ કરવો હતો મદરાસ હાઇકોરટ વાલમ ૩ અપેનડીક્ષ
પાને ૯ મ. હા.

• ૬૫ અગર કોઈ ગુનાને માટે કેદ તથા દંડ એ બંને શીક્ષા થઈ શકતી હોય તો

જે ગુનાને માટે કેદ તથા દંડ બંને શીક્ષા થઈ શકતી હોય તેવા ગુનામાં દંડ ન આપે તો તેને બદલે કેદની મુદતની હદ.	તે ગુનો કરનાર દંડ ન આપે તો તેને આટલી મુદત સુધી કેદ કરવો એ પરમાણે જે કોરટ ફરમાવે તેણે તે મુદત તે ગુનાને માટે ઠરાવેલી વધારેમાં વધારે કેદની જે મુદત હોય તેનાં ચતુર્થાંસ કરતાં વધારે ઠરાવવી નહીં.

ટીકા

દંડ બદલનો કેદ માજીસ્તરેટના અધીકારના એથી ભાગ કરતા વધારે ઠરાવવી નહીં (મુ. હા. તા૦ ૪—૬ અગસ્ટ સને ૧૮૬૨ ના. ૯૫નો ઠરાવ

કોઈ સબબથી એ ન દંડની સંક્ષા કરી હોય તારે દંડ ન આપે તો કેદની શી
ક્ષા ઠરાવવી તે વાજબી છે કેમ તેટલા ઠરાવવાને માજીસ્તરેટ મુખત્યાર છે પણ આ
કલ પરમાણે તે મુદતની કેદની શીક્ષા કરવાનો અખતીઆર હોય તેટ
લી મુદત ઠરાવવી નહીં.

ક્રીમીનલ પરસીજર ૨૦ થી માજીસ્તરેટને સજા કરવાનો અખતીઆર નીચે પ
રમાણેછે.

પહેલા વરગના માજીસ્તરેટને કાયદા પરમાણે જેટલી એકાંત કેદ થઈ શકતી હો
ય તેટલી એકાંત કે મુસાકતની બે વરસ સુધીની કેદ કરવાનો અખતીઆરછે તે. અને એક
હજાર રૂપઆ સુધી દંડ કરવાનો પણ અખતીઆરછે.

બીજા વરગના માજીસ્તરેટને.

પરમાણે જેટલી એકાંત કેદ થઈ શકતી હોય તેટલી એકાંત
[illegible] પચાસ રૂપીઆ સુધી દંડ ફટકા મારવા.

ત્રીજા વરગના માજીસતરેટને,
એક મહીના સુધી કેદ પચાશ રૂપીઆ સુધી દંડ.

૬૬ દંડ ન આપવાને સારૂ જે કેદનો કારટ હુકમ કરે તે કેદ તે ગુનાને મા[illegible]

દંડ ન આપે તો કેદનો પરકાર.
ગારને જે પરકારની કેદના શીક્ષાનો હુકમ થઈ શકે [illegible]કારનો થઈ શકે.

૬૭ અગર દંડનીજ શીક્ષા થઈ શકે એવો ગુનેહ હોય તો તે દંડ ન આપેતો

ગુનાની શીક્ષામા દંડજ થઈ શકતો હોય તારે અગર દંડ ન આપે તો કેદની મુદત.
કોરટ જે કેદની શીક્ષા કરે તે આશાન હોવી જોઈએ અને દંડ ન આપે તેને બદલે તે ગુનેગારને કેદ કરવાનું કોરટ ફરમાવે તેની મુદત નીચે લખીછે તે કરતા વધરે ન હોવી જોઈએ એટલે દંડની રકમ પચાસ રૂપીઆથી વધારે ન હોય તો કેદની મુદત બે મહીનાથી વધારે ન હોવી જોઈએ અને દંડની રકમ ૧૦૦ રૂપીઆથી વધારે ન હોય તો કેદની મુદત ચાર મહીનાથી વધારે ન હોવી જોઈએ અને બીજી કોઇ બાબતમા છ મહીનાથી વધારે હોવી ન જોઇએ.

ટીકા.

[illegible]કમા દંડના બદલામાં કેદ કરવી તે શખત નહી પણ આશાન કરવી—[illegible]
[illegible]મા પાકોર ૫ મુ. હા રી. પાને ૪૫

[illegible]૮ દંડ નહી આપવાથી જે કેદ કરી હોય તે કેદ તે દંડ આપવામાં [illegible]
દંડ આપે કે બધ થા કાયદાના હુકમથી વસુલ કરવામા આવે એટલે [illegible]

ટીકા.

હાવે પરસગે ફરમાવેની કેદ આશાન હોવી જોઇએ (મુબઈ કરાઉન કેશીસ વા. ૫ પાને ૪૫

૬૯ દંડ નહી આપે તેને માટે કેદની મુદત જે ઠરાવી હોય તે મુદત પુરી થતા પ

દંડના હીસાબે નીકળે તેટલો ભાગ આપે કે કેદ બધ થાય.
ન હોય તો કેદ બધ થશે
હેલા અગર તે દંડનો એટલો ભાગ આપવામા કે વશુલ કરવામા આવે કે દંડનો જેટલો ભાગ બાકી રહયો હોય તેના પરમાણમા દંડ ન આપવાથી ભોગવેલી કેદની મુદત ઓછી

દ્રશટાંત.

અ ને શીક્શાનો એવો હુકમ થયેછે કે તે એકસો રૂપીઆનો દંડ આપે અને દંડ ન આપે તે ચાર મહીના કેદ રહે હવે એ ઠેકાણે તે કેદનો એક મહીનો પુરો થતા પહેલા તે દંડમના પુણોસો રૂપીઆ આપવામા કે વસુલ કરવામા આવે તે પહેલો મહીનો પુરો થાય એટલે તરત અ ને છોડી મુકવામા આવશે જો પહેલો મહીનો પુરો થાય તે વખતે અથવા તાર પછી અ કેદમા છતા કઈ બીજી વખતે પોણોસો રૂપીઆ આપવામા કે વસુલ કરવામા આવે તો અ ને તરત છોડી મુકવામા આવશે કેદના બે મહીના પુરા થતા પહેલા તે દંડમાના ૫૦ રૂપીઆ આપવામા કે વશુલ કરવામા આવતો બે મ[illegible]

…રી જો તે બે મહીના પુ…
… વખતે ૫૦ રૂપીઆ એ…
…માં આવસે.

… આપવાનો બાકી રહે તેટલો ભાગ શીકશાનો …
…થી ૬ વરસ સુધીમા કોઈ પણ વખતે વશુલ થઈ
…અગર તે શીકશાના હુકમ મુજબ ગુનેગાર ૬ વરસ
…વધારે મુદતની કેદને લાયક હોય તો તે મુદત પુરી થતાં
… થઇ શકે.

… અને ગુનેગારના મોતથી જે મીલકત તેનુ મરણ થયા પછી તે
… નાં કરજને સારૂ કાયદા પરમાણે જવાબદાર હોય તે મીલકત
…બદારીમાંથી છુટતી નથી.

ટીકા.

…ળાની હાઈકોરટે એમ ઠરાવ કરયો છે કે આ કલમ જે મુકદમાનો આ … મુજબ ઇનસાફ થયો હોય તેનેજ લાગુછે અને બીજા વીશેસ અને સથાનીક કાયદા મુજબ સીક્ષા લાયક ગુનાઓ આ કલમના ઠરાવમાં નથી પણ આ કમલનો અમલ તે ગુનાઓને ખાશ રીતે લાગુ કરે તો થઈ શકે (રેવનીયુ જુડીશીઅલ એંડ પોલીસ જનર લ વા. ૫ પાને ૦૨૧૩).

દંડ ન આપે તો જે કેદ કોરટને ફરમાવવાનો અખતીઆરછે તે કેદ દંડ ન આપ વાને સારૂ શીક્ષા તરીકે મારવાનો ઇરાદો છે પણ તેથી દંડ આપવાની ફરજ ઉતરતી નથી આ કાયદાના કમીશનરો કલમ ૬૪ થી ૭૦ ની મતલબ નીચે મુજબ સમજાવે છે.

"પણ અમારો અરથ એવો નથી કે આ કેદ દંડનો પુરેપુરો બદલો ગણવો ગુનેગારે જાતે દુખ પામવુ કે માલકતનુ નુકશાન વેઠવુ એ બાબત તેના મરજી ઉપર રહેવા દેવા અમે કબુલ કરી શકતા નથી આવો રસતો પસંદ કરવો એતો જે લોકને દંડની સીક્ષા કરવાની ખાશ જરૂરછે અને જે લોકોને એ સીક્ષા ઘણીજ અણગમતી છે અને જે લોકો એ શક્ષાની દેહસતથી એવો ગુનો કરતા ડરે તે । લોકોને તે દંડના સંક્ષામથી છુટ આપવા જેવુ થશે એટલા માટે અમે એમ ઠરવાએ છાએ ક ગુનેગારે કેદ ભોગવવાથી તેના ઉપર જે પઇશા સબધી જવાબદારીછે તેમથા તે મુકત થશે નહી તેનો દંડ દંડના જવાબદાર માથા નીકળસે પણ તેના માલકત થોડા વખત સુધી જવાબદારીમાં લાગી રહેશે હમારા ભલામણુ એ છે કે કઇ અમુક ઠરાવેલ વખતમા હરકોઇ વખતે તેની માલકત જપત કરી દંડ વસુલ કરી શકાય."

સથાવર માલકતથી દંડ વશુલ કરી શકાય નથી (મુબઇ હાઇકોરટ રીપોરટ કાઉનસીલ વા. પાને ૬૩.

કેદી મુવા પછી દંડની રકમ વસુલ કરવી તે જંગમ મીલકતથી વેશુલ થઈ શકશે સ થાવર ... નહી માટે સથાવર માલકત જપત કરવી નહી (મુમઈ હાઈકોરટ ૩૦ જુલાઈ સને ૧૮૬૯.

ડ બદલ-ઇરવિલી કેદ કેદીએ ભોગવ્યા છતાં પણ દંડની રકમ છ વરસ સુધીમાં કો
ભતે વસુલ થઈ શકેછે (મુ. હા૦ તા૦ ૩૧ મી મે સને ૧૮૭૦ ના૦ ૬૬ ઈન
ડીઆ સીગનાથ તા૦ ૨૦ જુલઈ સને ૧૮૭૦ નંબર ૧૨૨૩)

હોડી સારી હાલતમા નહીં છતાં તથા તેમા એક ચીરો હોયા છતા તે હોડીમા માણુશો બેસારવાને આ કલમ લાગુ નથી કા. ૨૮૨ પરમાણે ગુનો થાય છે (મુબાઈ હાઈ કારટ વા. ૩૭ તા. ૮ જાનેવારી સને ૧૮૬૪).બારવા સલામતી વગરના વહાણ હાંકે તેને આ કલમ નહી પણ કલમ ૨૮૨ લાગુ પડે ૧ મુ હા. રી. પ્ર. ૧૩૭.

૩૩૭ જેથી માણસની જીદગી અથવા બીજાઓના સરીરની સલામતીજોખમમ આવે એવુ કામ કરીને વીયથા કરવી,

જેથી માણસની જીદગી અથવા બીજા સખસેના સરીરની સલામતી જોખમમ આવે એવ બેફીકરી અથવા ગફલતી ભરેલી રીતે કઈ કામ કરીને જે માણુસ કોઈ સખસને વીયથા કરે તેમાણુસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમેતે પરકારની કેદની અથના પાચશે રૂપીયા સુધીના દંડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે.

૩૩૮ જેથી માણસની જીંદગી અથવા બીજાઓના શરીરની સલામતી જોખમમા આવે એવુ કામ કરીને મહાવીયથા કરવી.

જેથી માણસની જીંદગી અથવા બીજા સખસોના શરીરની સલામતી જોખમમાં આવે એવો બેફીકરી અથવા ગફલતી ભરેલી રીતે કાંઈ કામ કરીને જે માણુસ કોઈ સખસને મહાવીયથા કરે તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમેતે પરક

ની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની ...વામા આવશે.

ટીકા.

આવી મહાવ્યથાથી મોત થાય તો તે મોત તહોમતદારના ગફલતીથી કરેલા ...કીકરીના કરતના પરીણામ તરીકે થયું એવું સાબીત થવું જોઈએ ૬ મ ...

ગેરવાજબી અટકાવ તથા ગેર વાજબી કેદ બાબત.

૩૩૯ કોઈ સખસને જેણીમેર જવાનો હક હોય તેણીમેર જતો તે સખસ અટકે ગેરવાજબી અટકાવ | એવા રીતે જે માણસ તે સખસને ખુશીપુરવક હરકત કરે તે માણસે તે સખસને ગેરવાજબી અટકાવ કરયો એમ સમજવું.

અપવાદ—જમીન અથવા પાણી ઉપરથી જવા આવવાનો કાંઈ ખાનગી રસતો હો અને તે રસતો બંધ કરવાનો મારો કાયદા મુજબ હક છે એમ જે શખસ શુધબુધી ... માનતો હોય તે શખસે તે રશતો બંધ કરવો એ આ કલમના અરથ પરમાણે ગુનોહ નથી.

દ્રષ્ટાંત.

જે રશતા ઉપરથી જ ને જવાનો હક છે એવો એક રશતો અ બંધ કરે અને શુધબુધીએ અ એ પરમાણે માનતો ન હોય કે રશતો બંધ કરવાનો મારો હક છે અને તે રશતો બંધ થવાથી જ તે ઉપરથી જતો અટકે તો અ એ જ ને ગેરવાજબી અટકાવ કરયો એમ સમજવું.

ટીકા.

જુગાર રમવાને આ કલમ લાગુ નથી સને ૧૮૬૬ ના આકટ ૩ પરમાણે કામ ચલાવવું જોઇએ (મુંબાઇ હાઈ કોરટ નં વેડા બુક પ્ર. ૪૦૮ એક પોલીસ • અમલદારે એક સખસને જમાન લેવા જેવુ કામ નહીં છતા જમાન આપતા સુધી ઘેર જવા ના પાડી તેમા તેણે ગેરવાજબી અટકાવ કર્યે એવુ ગણાય છે. ૧૦ વી. રી. પ્ર ૨૦ એક બાઇડી પોતાની ખુશીથી તહોમતદારને ઘેર ગએલ નહીં ને તથા તે રહી તે પોતાને ન હોતું રહેવું તે છતા રાખી તેમા ઠરાવવામા આવ્યું કે તહોમતદારે ગેરવાજબી અટકાવ કરયો કહેવાય ૪ થો રી. પ્ર. ઉ. (ફોજદારી). જામીન નહીં લઇ શકાય તેવા અને કાગ્નીઝીબલ ગુનહા કોઈ સખસના દેખતાં કરવામાં તે કરનારને ખાનગી સખસ પકડી શકે છે તો તે પકડનાર ઉપર તહોમત લાવી શકાય નહીં જુઓ કી.પ્રો કોડ ક.૧૦૫.

૩૪૦. કોઈ સખશ મુકરર કરેલી ચોતરફી હદની બાહાર જતો અટકે એવી જે ગેરવાજબી કેદ. | માણુસ તે શખશને ગેરવાજબી અટકાવ કરે તે માણસે તે સખશને "ગેરવાજબી કેદ" કરયો એમ સમજવું.

દસ્ટાંત.

(અ) એક દીવાળ બાંધી લીધેલી જગામાં જ ને મોકલીને અ બાહારથી તાળુ મારી જ ને અંદર બધ કરે અને તેમ કરવાથી તે હદ વાળી દેવારની બાહાર કોઈ ... જ થી જઈ શકાય નહી તો અ એ જ ને ગેરવાજબી કેદ કરયો એમ સમજવું.

(ન) એક ઈમારતના દરવાજાઓ આગળ અ બંદુક વાળા માણસો રાખે અને એ પરમણે કહે કે જોતું એ ઈમારતમાંથી બાહાર જવાની કોશીશ કરશો તો આ માણસો ગેળો મારશે તો અ એ જ ને ગેરવાજબી કેદ કરયો એમ સમજવું."

ટીકા.

કોઇ માણશને તેની મરજી વીરૂધ અમુક જગીયામેં રાખી મુકયો કીંવા અમુક દીશા તરફ જબરાઇથી લેઈ જવો એ તેને કેદ કરવા જેવું છે (મદરાસ હાઈકોરટ તા રીખ ૨૭ મે. સને ૧૮૬૫ રેગયુલર અપીલ ના ૧૨ સને ૧૮૬૫ વા. ૨ ભાગ ૩ પ્ર. ૩૯૬

ગેરવાજબી અટકાવની શીક્ષા.

૩૪૧ જે માણસ કોઈ સખસને ગેરવાજબી અટકાવ કરે તે માણસને એક મહીના ની મુદત શુધીની આશાન કેદની અથવા પાંચસેં રૂપીઆ સુધીના દંડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે.

ગેરવાજબી કેદની શીક્ષા.

૩૪૨ જે માણસ કોઈ સખસને ગેરવાજબી કેદ કરે તે માણસને એક વરસની મુદત સુધીની બેમાના ગમે તે પરકારની કેદની અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે.

તરણ અથવા વધરે દીવસ ગેરવયાજબી કેદની શીક્ષા.

૩૪૩. જે માણસ કોઈ સખસને તરણ અથવા વધારે દીવસ ગેરવયાજબી કેદ કરે તે માણસને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવસે.

દશ અથવા વધારે દીવશ ગેરવયાજબી કેદની શીક્ષા.

૩૪૪. જે માણસ કોઇ શખશને દશ અથવા વધારે દીવસ ગેરવયાજબી કેદ કરે તે માણશને તરણ વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામા આવસે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.

એકલી દંડની શીક્ષા કરવી એ કાયદેશર નથી. (મુંબાઈ હાઇકોરટ વા. ૧ પાનું ૨૯ તા૦ ૧૨ અગસટ સને ૧૮૬૩.) આ કલમ પરમાણેની સિક્ષામા એકલો દંડ થાય નહી ૧ મુ. હા. રી. પ્ર. ૨૯ રાણી વીરૂધ બહીરજી કીશનાજી.

જે સખસને છોડવાનો હુકમ સાદર થયો હોયતે સખસને ગેરવ્યાજબી કેદમા રાખવો.

૩૪૫. ફલાણા સખસને છોડવાનો કાયદા મુજબ હુકમ સાદર થઈ ચુકયો છે એમ જાણ્યા છતાં જે માણસ તે સખસને ગેરવ્યાજબી કેદમાં રાખે તે માણસને આ કાયદાની કોઇ બીજી કલમ પરમાણે જેટલી મુદતની કેદને તે માણસ લાયક હોય તેથી ઉપરાંત [illegible]સની મુદત સુધીની બેમાંના ગમેતે પરકારની બીજી કેદ કરવામા આવશે.

ગેરવ્યાજબી કેદ સખસની કેદની વાત [illegible] કોઇ માણસ અગર કોઈ સખસને એવી રીતે ગેરવાજબી કેદ કરે કે તેથી તે કેદ થએલા સખસની સાથે સબંધ

અથવા તે કેદનું ઠેકાણું ઉપર લખેલા પરકારના કોઇ સખસ અથવા સરકારી [illegible]
રના-જાણ્યામાં ન આવે અથવા તેને જડે નહીં એવો ઇરાદો ને કેદ કરનારા માણસના
દીઠામાં આવે તો તે માણસને ગેરવ્યાજબી કેદને માટે બીજી જે કંઇ શીક્ષાને તે
માણસ લાયક હોય તેથી ઉપરાંત બે વરસની મુદત સુધીની બેમાના ગમેતે પરકારની કે
દની બીજી શીક્ષા કરવામાં આવશે.

જબરદસતીથી કાંઇ મીલકત કહાડવાના અથવા કાંઇ કાયદા વીરૂધ કામ કરવાના કારણ સર ગેરવ્યાજબી કેદ.

૩૪૭. કોઇ સખસને કેદ કરીને તે સખસ પાસે અથવા તેની સાથે સબંધ રાખનારા કેઈ સખસ પાસે જબરાઇથી કંઈ મીલકત અથવા કીમતી દસતાવેજ કહડાવવાના કારણસર અથવા કેદ કરેલા સખસ પાસે કે તેની સાથે સબંધ રાખનારા કોઇ સખસ પાસે જબરદસતીથી કંઇ કાયદા વીરૂધ કામ કરાવવાના અથવા જેથી કાંઈ ગુનો કરવો મેહેલ થાય એવી કંઈ ખબર મેળવવાના કારણસર જે માણસ તે સખસને ગેરવ્યાજબી કેદ કરે તે માણસને તરણ વરસની મુદત સુધીની બેમાના ગમેતે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

જબરદસતીથી કબુલાત કરાવવાના અથવા કાંઈ મીલકત પાછી અપાવવાના કારણસર ગેરવ્યાજબી કેદ.

૩૪૮. કોઇ સખસને કેદ કરી તે સખસ પાસે અથવા તે સખસની સાથે સબંધ રાખનારા કોઇ સખસ પાસે જેથી કાંઈ ગુનોહ અથવા બદચાલ પકડાય એવી કંઈ ખબર અથવા કબુલાત જબરદસતીથી લેવાના કારણસર અથવા કેદ કરેલા સખસ પાસે કે તેની સાથે સબંધ રાખનારા કોઇ સખસ પાસે જબરદસતીથી કંઇ મીલકત અથવા કીમતી દસતાવેજ પાછો અપાવવા અથવા અપાવવાના કારણસર અથવા તે કંઈ દાવો કે માગણું પતાવે અથવા જેથી કંઇ મીલકત કે કીમતી દસતાવેજ પાછો મળી શકે એવી કાંઈ ખબર આપે એમ કરવાના કારણસર જે માણસ તે સખસને ગેરવ્યાજબી કેદ કરે તે માણસને તરણ વરસની મુદત સુધીની બેમાના ગમેતે પરકારની કેદની શીક્ષા [illegible] આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

સાપરાધ બળ તથા હુમલા બાબત.

બળ.

૩૪૯. જો એક સખસ કોઈ બીજા સખસને ગતી આપે તેની ગતીમાં ફેર[illegible]થવા તેની ગતી બંધ કરે, અથવા જો તે સખસ [illegible]થને એવી રીતે કંઈ ગતી આપે તેની ગતીમાં ફેરફાર કરે અથવા તેની ગ[illegible] કે તેથી તે પદારથ તે બીજા સખસના શરીરના કોઈ ભાગને અથવા તે [illegible] કંઈ વસતુ પહેરી હોય અથવા તે સાથે લઈ જતો હોય તે વસતુને અડકે, [illegible] કંઈ વસતુને અડકે, એવી રીતે કે તેથી તે બીજા સખસની સપરસેંદ્રીય પર [illegible] તો તે સખસે તે બીજા સખસ પર બળ વાપરયું એમ સમજવું પણ જે સખસ ગતી[illegible] [illegible]તીમા ફેરફાર કરતો અથવા ગતી બંધ કરતો [illegible]

તરણ પરકારોમ'ના કોઈ પરકારે તે ગતી આપવી અથવા ગતીમા ફેરફાર કરવો અથવા ગતી બ'ધ કરવી જોઈએ.

પેહેલો—પોતાના સરીરની શકતીથી.

બીજો—કોઇ પદારથ એવો રીતે મુકવો કે પછી પોતાની તરફથી અથવા બીજા કોઈ શખ્સની તરફથી કઈ બીજુ કામ થયા શીવાય તે ગતી થાય અથવા ગતીમા ફેરફાર થાય અથવા ગતી બ'ધ થાય એમ કઇ રચના કરીને.

તરીજો—કાઈ જાનવરને ગતી માન કરીને, તેની ગતીમા ફેરફાર કરીને અથવા ગતીબ'ધ કરીને.

બીજા શખ્શની સાપરાધ બળ.

૩૫૦ જો કોઈ શખ્સ કોઈ બીજા શખ્સની રજામ'દી શીવાય તે બીજા શખ્શની ઉપર કાંઇ ઇરાદાથી બળ વાપરે અને તે કાંઈ ગુનોહ કરવા સારૂ અથવા તે બળ જે શખ્સની ઉપર વાપરે તે શખ્સને તે બળથી કાંઇ નુકશાન ભય અથવા દુખ કરવાના ઇરાદાથી અથવા તેને તે બળ વાપરવાથી પોતાથી કઈ નુકશાન ભય અથવા દુખ થવાનો સ'ભવછે એમ જાણ્યા છતા તો તે શખ્સે તે બીજા શખ્સની ઉપર સાપરાધ બળ વાપરયુ એમ સમજવું.

દ્રષ્ટાંત.

(અ) એક નદીમાં બ'ધેલી હોડીમા જ બેઠો હોય અને અ તેના દોરડાં છોડી નખે અને એ પ્રમાણે ઇરાદાથી તે હોડને પ્રવાહથી ખે'ચાઈ જવા દે તો એ ઠેકાણે અ એ ઇરાદાથી જ ને ગતી આપી અને તે પદારથોને એવી રીતે મુકવાથી કે પછી કોઇ શખ્સની તરફથી બ'જુ કામ થયા સીવાય તે ગતી ઉતપન થઇ માટે અ એ ઇરાદાથી જ ની ઉપર બળ વાપરયુ' એમ સમજવુ' અને અગર કોઈ ગુનોહ કરવા સારૂ અથવા જ ને કાંઈ નુકશાન ભય અથવા દુખ કરવાના ઇરાદાથી કે એ પરમાણે બળ વપરેથી કઇ નુકસાન ભય, કે દુખ થશે એવો સ'ભવ જાણીયા છતા તેણે એ કામ જ ની રજામ'દી શીવાય કરયુ' હોય તે અ એ જ ની ઊપર શાપરાધ બળ વાપરયુ' એમ સમજવુ.

(બ) જ એક સીગરામમ' બેશીને જાય છે તેના ઘોડાઓને અ ચાબક મારીને તેની ચાલ ઉતાવળી કરે તો એ ઠેકાણે જાનવરો પાસે પોતાની ગતી બદલાવીને અ એ જ ની ગતીમા ફેરફાર કરયો માટે અ એ જ ની ઊપર બળ વાપરયુ એમ સમજવું અને અગર જ ને કઇ નુકશાન ભય અથવા દુખ કરવાના ઇરાદાથી કે તેથી જ ને કાઈ નુકશાન, ભય, અથવા દુખ થાય એવો સ'ભવ જાણ્યા છતા તેણે એ કામ જ ની રજામ'દી સીવાય કરયુ હોય તો અએ જ ની ઊપર સાપરાધબળ વાપરયુ એમ સમજવુ.

(ક) જ એક પાલખીમ બેશીને જાયછે તેની પાસેથી અપહરણ કરવાના ઇરાદાથી અ દાંડો ઝાલીને તે પાલખીને અટકાવે તો એ ઠેકાણે અ એ જ ની ગતી ... કરી અને તેણે પોતાના સરીરની શકતીથી કરયુ માટે અ એ જ ની ઉપર બળ...

યુ એમ સમજવુ અને એ પરમાણે અ એ ઈરાદાથી જ ની રજામંદી શી
ગુનોહ કરવા સારૂ કરયુ માટે અ એ જ ની ઊપર સાપરાધબળ વાપરયુ એમ સમજવુ.

(ડ) રસતામા અ ઈરાદાથી જ ને ધકો મારે તો એ ઠેકાણે અ એ. પોતા
ના શરીરની સકતીથી, પોતાના સરીરને એવી રીતે ગતી આપી કે તે જ ને અડકયું
માટે તેને ઈરાદાથી જ ની ઊપર બળ વાપરયુ એમ સમજવુ અને અગર જ ને કાંઈ
નુકસાન ભય અથવા દુખ કરવાના ઈરાદાથી અથવા તેથી જ ને કંઈ નુકસાન ભય કે
દુખ થાય એવો સંભવ જાણ્યા છતાં તેણે જ ની રજામંદી શીવાય એ પરમાણે ક
રયુ હોય તો તેણે જ ની ઉપર સાપરાધ બળ વાપરયુ એમ સમજવુ.

(ઈ) અ એક પથર ફેંકે એવા ઈરાદાથી અથવા એવો સંભવ જાણીને કે તે પ
થર જા ને અડકશે અથવા જા ના કપડાને અડકશે અથવા જા કાંઈ વસતુ લઈ જાયછે
તેને અડકશે અથવા તે પથર પાણીને લાગીને તે પાણીયાં જા ના કપડાં અથવા જા કંઈ
વસતુ લઈ જાયછે તે છંટાસે તો એ ઠેકાણે અગર તે પથર ફેંકવાથી કંઈ પદારથ આવી
ને જા ને અથવા જા ના કપડાને અડકે તો અ એ જ ની ઊપર બળ વાપર
મજવુ અને અગર જા ને કાંઈ નુકશાન ભય કે દુખ કરવાના ઈરાદથી તે
જામંદી શીવાય એ પરમાણે કરયુ હોય તો તેણે જ ની ઉપર સાપરાધ
એમ સમજવું.

(ફ) અ ઈરાદાથી કોઈ અસતરીનો ઘુમટો ઉંચો ખેંચે તો એ ઠેકા
તરીની ઉપર ઈરાદાથી બળ વાપરયુ એમ સમજવુ અને અગર તે તે
ઈ નુકશાન, ભય. કે દુખ કરવાના ઈરાદાથી અથવા તેથી નુકશાન ભય કે
નો સભવ જાણીને તેણે તે અસતરીની રજામંદી સીવાય એ પરમાણે કર
તો તે અસતરીના ઉપર સાપરાધ બળ વાપરયુ એમ સમજવું.

(ગ) જ નહાવા બેઠો છે તેવામા પોતે ઊકળતુ જાણતો હોય એવુ પા
અમખાનામાં રેડે તો એ ઠેકાણે અ એ ઈરાદાથી પોતાના શરીરની શક
ળતાં પાણીને એવી ગતી આપે કે તે પાણી જ ને અડકે અથવા બીજા
કે અને તે એવી રીતે કે તે અડકવાથી જ ની સપરશેંદરીપર અસર .
એ ઈરાદાથી જ ની ઊપર બળ વાપરયુ એમ સમજવુ અને અગર જ ને
ભય કે દુખ કરવાના ઈરાદાથી અથવા તેથી નુકશાન ભય કે દુખ થાય એ
જાણીને તેણે જ ની રજામંદી શીવાય એ પરમાણે કરયુ હોય તો અ એ
સાપરાધબળ વપરયુ એમ સમજવું.

(હ) જ ની રજામંદી શીવાય અ એક કુતરાને જ ની ઉપર કુદ.વે
અગર જ ને કાંઈ નુકશાન ભય કે દુખ કરવાનો અ નો ઈરાદો હોય તો
ઊપર સાપરાધબળ વાપરયુ એમ સમજવુ.

કાંઈ ચાળા અથવા કાંઇ તઇઆરી કરે એવા ઇરાદાથી અથવા | એવો સંભવ જાણીને કે તે ચાળા અથવા તઇઆરીથી કોઈ હાજર હોય તેને એવો ભય ઉતપન થશે કે એ ચાળા અથવા તઇઆરી કરનારો મારી ઉપર હમણા સાપરાધ બળ વાપરવાનો છે તો તે માણસે હુમલો કરયો સમજવું.

ખુલાસો માતર સબદોથી હુમલો થતો નથી પણ કોઈ શખ્શ કંઇ શબ્દો બોલે તેના ચાળા અથવા તઇઆરીનો એવો અરથ ઉતપન કરી શકે તેથી તે ચાળા તઇઆરી હુમલો ગણાય.

દ્રષ્ટાંતો.

(અ) અ મુઠી વાલીને જ ની તરફ ધરીને હલાવે એવા ઇરાદાથી અથવા એવો જાણીને કે તેથી જ એમ માનશે કે અ મને હમણા મારસે તો અ એ હુમ કરયો એમ સમજવું.

(બ) અ એક ભયંકર કુતરાનુ મુખ છોડવા માડે એવા ઈરાદાથી અથવા એવો સંભવ જાણીને કે તેથી જ એમ માનસે કે અ હમણા તે કુતરા પાસે મને કરડાવશે તો અ એ જ ની ઉપર હુમલો કરયો એમ સમજવું.

(ક) અ એક લાકડી લઇને જ ને એમ કહે કે હુ તારી વલે કરૂ છુ તો એ ઠેકાણે અ એ વાપરેલા શબ્દો કોઇપણ બનતમ: હુમલો ગણાય નહી તથા માતર નીચુ વલને લાકડી લેવી એ બીજી કઈ બોના સીવાય હુમલો ગણી ન શકાય એવુ હોય તો પણ તે લાકડી લેવાના ચાળાનો અરથ તે શબ્દોથી સમજાઈને તે હુમલો થઈ શકે.

ટીકા.

ફક્ત શબ્દોથી હુમલો થતો નથી પરંતુ તેના ચાળા તથા શબ્દોનો અરથ એ બે મળીને ગુનો થાય છે (મુ. હા. રી. વા. ૧ પાનુ ૨૦૫) જે લાકડી વગેરેથી મારવનુ કરે તે ઘા નીશફળ જાય તોપણ હુમલો કરયો એમ કહેવાય આ. પા. ૭૧૫.

ઉપર કોઈ શખ્સે ભારે તથા આકસમીક ક્રોધ ઉતપન ન કરયા છતાં તે સખસની ઉપર જે માણુસ હુમલો કરે અથવા સાપરાધબળ વાપરે તે માણુસને તરણ મહીનાની મુદત સુધીની બે માના ગમે તે પ્રકારની કેદની અથવા પાચશો રૂપીઆ સુધીના ડંડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે.

ભારે ક્રોધ ઉતપન ન કરયા છતા કેઈની ઊપર શાપરાધ બળ વાપરવાની શીક્ષા.

ખુલાસો—અગર તે ગુનો કરવાના બહાના દાખલ તે ક્રોધ ગુનેહગારે માગી આણેલો અથવા ખુશી પુરવક ઉતપન કરેયો હોય અથવા.

અગર કાયદા મુજબ કે સરકારી નોકરનો અખતીઆર અમલમાં લાવતાં કોઈ સરકારી નોકરે કરેલી કઈ વરતુણુકથી તે ક્રોધ ઉતપન થયો હોય અથવા,

...હક કાયદા મુજબ અમલમાં લાવતા કરેલી કઈ વસ્તુથી ... વધા હોવતો તે ભારે તથા આકસમીક ક્રોધના સબબથી આ કલમ મુ... કંઈ ગુનાની સીક્ષા ઓછી થશે નહી.

... તે ક્રોધ એવો ભારે તથા આકસમીક હતો કે તેથી તે ગુનો ઓછો થઇ શકે એ ...કતની બાબતછે.

૩૫૩ કોઈ શખશ સરકારી નોકર હોય અને પોતાના સરકારી હોદાનો અમલ ચલાવતો હોય તેવામાં તે સખસની ઊપર જે માણુસ હુમ લો કરે અથવા સપરાધ બળ વાપરે અથવા તે સખસને પોતાના સરકારી ઓદાનો અમલ ચલાવતો અટકાવવા અથવા ડરાવીને અમલ ચલાવતો બંધ રાખવાના ઇરાદાથી અથવા તે ...સે પોતાના સરકારી ઓદાનો કાયદા મુજબ અમલ ચલાવતા કાંઇ વસ્તુ કરી હોય ...થવા કરવાની કોસીસ કરી હોય તેટલા વાસતે જે માણુસ તે શખસનો ઉપર હુમલો ... અથવા સાપરાધ બળ વાપરે તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાના ગમે ... પરકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની સીક્ષા કરવામાં આવશે.

...સરકારી નોકરનેડરા...ને તેનો અમલ કરતો ...ધ રાખવાને સાપરાધ ...ળ વાપરવુ.

ટીકા.

કાંઇ કામ બજાવવાને સારૂ કોઈ શરકારી નોકરે પોતાના તાબાના માણુસને કંઇ હુકમ આપીઓ હોય તે હુકમ તેની પાસેથી પડાવી લેવાનો તહોમતદારો પરયતન કરેતો તે તેને આ કલમ પરમાણે સજા થાય ૧૩ વો. રી. પાનુ ૪૯.

૩૫૪ કોઈ અસતરીની લાજ લેવાના ઇરાદાથી અથવા પે તે તેમ કરવાથી તેની લાજ જવાનો સંભવ છે એમ જાણીયા છતાં જે માણુસ તે અસતરીની ઉપર હુમલો કરે અથવા શાપરાધ બળ વાપરે તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે. પરકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે.

કોઈ અશતરીની લાજ લેવાના ઇરાદાથી તેની ઊપર હુમલો અથવા સાપરાધ બળ.

ટીકા.

જબરાઇથી સભેગ કરવાના કામમા આ કલમ તથા કલમ ૨૭૧ પરમાણે ફેશ ક... લાસ સબ માજીસતરેટને અધીકાર નથી શેશનકારટને અધીકારછે (મુ. હા. ... જુલાઈ સને ૧૮૬૮) આ કલમમા બયાન કરેલા ગુનાનો જે શખસ ભોગ... થાય તે ફટકાની શીક્ષાને પણ લાયક છે (અને ૧૮૬૪ નો આકટ ૬ કલમ ... અથવા સાપરાધ બળ એ બેમાથી એક થવાને રજામંદી નથી એમ પુરાવાથી ... જોઈએ (ગેણી વીરૂધ ફલેચર લા રીપોરટ કરાઉન કેશીસ વા. ૨ પા. ૩૯). કેઇ વઇદ વ... ગર જરૂરીઆતે કેઈ અસતરો દરદીને નાગી કરે એવા બાનાથી કે એમ કરયા વગર તે ... ૨૨૬ ... તેમ નથી ... પોતાને ...

ગુનો કરયો કહેવાય આ. પનુ ૭૧૬. ૨૮ નો દરદ થએલ શખ્શ

વરસની છોકરી સાથે સભોગ કરે છોકરીને એવુ જણાવે કે મને કઈ દરદ

એ શખ્શે આ કલમ પરમાણે નીચ સાપરાધ બળ વાપરયુ કહેવાય. આ. પ્ર.

ઈ જાહેતાઃ તેની અસતરી નોશાળીઆ સાથે તેના સમતા વગર અયોગ છુક

ાં તે શામી ન થાય તો પણ તે હુમલો છે રાણી વીરૂધ નીકલ આ. પાનુ ૭૧૫.

૩૫૫ કોઈ સખસે ભારે તથા આકસમીક કરોધ ઉતપન ન કરયાં છતાં તે સખસ

ભારે કરોધ ન ઉતપન કરયા છતાં કોઈ સખસને બે આબરૂ કરવાના ઈરાદાથી હુમલો અથવાસાપરાધબળ.

ને બે આબરૂ કરવાના ઈરાદાથી, જે માણસ તે સખસની ઊપર હુમલો કરે, અથવા શાપરાધ બળ વાપરે, તે માણસ ને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પરકારની કેદની, અથવા દંડની, અથવા એ બનેની શીકશા કરવામાં આવશે.

૩૫૬ કોઈ શખસે કઈ નશાતુ પહેરી હોય અથવા તે લઈ જતો હોય તેની ચોરી

કોઈ શખસ કઈ વસતુ લઈ જતો હાય તે વસતુની ચોરી કરવાની કોશીસ કરવામા હુમલો અથવા સાપરાધબળ.

કરવાની કોસસ કરવામા તે શખશની ઉપર જે માણસ હુમલો કરે અથવા સાપરાધબળ વાપરે તે માણસને બે વરસની મુદત સુધીની બેમના ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે.

૩૫૭ કોઈ શખસને ગેરવાજબી કેદ કરવાની કોસીસ કરવામા જે માણસ તે શખસની ઉપર હુમલો કરે અથવા સાપરાધ બળ વાપરે તે

કોઈ સખશને ગેરવાજબી કેદ કરવાના કોશીશમાં હુમલો અથવાસાપરાધબળ

માણસને એક વરસના મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બનેની શાક્ષા કરવામા આવશે.

૩૫૮ કઈ શખસે ભારે તથા આકશમીક કરોધ ઉતપન કરયા ઉપરથી જે માણસ

કોઈએ ભારે તથા આકસમીક કરોધ ઊતપન કરયા ઉપરથી તેના ઊપર હુમલો કરવો અથવા સાપરાધબળ વાપરવુ.

તે સખસની ઉપર હુમલો કરે અથવા સાપરાધબળ વાપરે તે માણસને એક મહીનાના મુદત મુધીના આશાન કેદની અથવા બસે રૂપીઆ મુધીના દંડના અથવા એ બનેની શીકશા કરવામાં આવશે.

ખુલ સો—૩૫૨ મ. કલમનો જે ખુલાશો લખેલોછે તે આ છેલી કલમને પણ લા

ટીકા,

કારી રીપે.૨૮મા લખેલી હકીકત જો કે તે જમીન લેવ

તો પણ તે 'કલમ ૪૯૧ ના અરથ પરમાણે ભરૂસાલા

થેક ખબરછે" (કરીમીનલ પરોસીજર કોડ ૧૨૨--૧૮૬૪) અને પક્ષકારને હાજર કરવા સ

મન મોકલવા બધાછે પણ કઈ એવા પરકારનો પુરાવો નથી કે તેથી માજીશતરેટ કલમ

મુજબ હુકમ કરી સકે એવો હુકમ તો ફકત ઈનસાફી તપાશ થયા પછીજ આપુ

અને તહોમતદારની રૂબરૂ લોધેલા પુરાવા ઊપરથી તેને શાક્ષીઓને સામા શવાલ પુછવા ની તક આપીયા પછી (બ. લા રીપોરટ, ફુલ બેંચ રૂલીંગ વા. ૪ પાને ૪૬) મુબઈ હાઈકોરટ રીપોરટશ કરાઉન કેશીશ વા૦ ૬ પાને ૧ કરીમીનલ પેરોશી જ઼ર કોડની કલમ ૧ પુલ સૈ ૧ કરે.ધ ઊતપન કરય થી આર મારયો એમ સાબીત થાયતો નુકશાનનો વો દીવાનીમાં ચાલી શકનાર નહી વાલમ ૬ બુક ૨૯ પાનુ ૯૫ તા૦ ૧૭ મી જુલાઇ અને ૧૮૬૬ ગડદા પાટુ મારયાથી થોડુ દુખ થાય તેવા કરતોય વ્યથામાં ગણવા. હાઈકો ટનો નંબર ૫૫ર તા૦ ૫ મી અપરેલ સને ૧૮૬૬ નો ઠરાવછે.

મનુશાહરણ, મનુશનયન, ગુલામી તથા વેઠ બાબત.

૩૫૯ મનુશાહરણ બે પરકારનુ છે એક બરોટીસ ઇંડીઆમ થી અને બીજુ કાયદે મનુશાહરણ | સર વાલીના હવાલામાંથી.

૩૬૦ જે માણુસ કોઈ શખ્સને તે શખ્સની રજામંદી સીવાય અથવા તે સખસ ની વતી રજામંદી આપવાનો જેનો કાયદા મુજબ અખતી- આર હોય એવા કોઈ શખ્સની રજામંદી સીવાય બરોટીશ ઇંડીઆની હદની બાહાર લઈ જાય તે માણુસને બરોટીશ ઇંડીયામાંથી તે શખ્સનુ હરણ કરયુ એમ સમજવું.

બરોટીસ ઇંડીઆમાંથી મનુશનુ હરણ

૩૬૧ ચઉદ વરસથી ઓછી ઉમરના કોઈ છોકરાને અથવા સોળ વરસથી ઓછી ઊમરની કોઇ છોકરીને અથવા કોઈ દીવાના શખ્સને બાળક અથવા દીવાના સખસના કાયદેશર વાલીના હવાલામાંથી તે વાલીની રજામંદી શીવાય જે માણુસ લઈ જાય અથવા ફોસલાવીને તેડી જાય તેણે તે બાળક અથવા તે શખ્સનુ કાયદેશર વાલીના હવાલામાંથી હરણ કરયુ એમ સમજવું.

કાયદેશર વાલીના હવાલામાંથી મનુશાહરણ.

ખુલાસો—આ કલમ મધે "કાયદેસર વાલી" એ શબ્દો લખ્યાછે તે શબ્દો માં તે બાળક અથવા તે બીજા સખસને રાખવાનુ અથવા તેની સંભાળ કરવાનુ કામ કાયદા મુજબ જે શખ્સને શોંપીયુ હોય એવા કોઈ પણ શખ્સનો શમાવેશ થાયછે.

અપવાદ—કોઈ શખ્શ શુધબુધીએ એમ માનતો હોય કે લગન સંબંધ વીના ઊતપન થએલા હલાણુ બચનો હું બાપછું અથવા શુધબુધીએ એમ માનતો હોય કે બચાને કાયદેસર હવાલામાં રાખવને મારો હક છે અને તે શખ્સ અગર કઈ અનીતી નાં અથવા કંઈ કાયદા વીરૂધ કારણસર એવુ કામ ન કરે તો તેના કામને આ કલમ લાગુ પડતી નથી.

ટીકા.

આ કલમ પરમાણે છોકરીની રજામંદી કઇ કામની નથી અને જેમ કલમ ૩૬૨ મા છે તેમ બળ અથવા દગાની જરૂર નથી સધરલેંડ

ટ કલકતા રૂલીંગ ક્રીમીનલ કેશીસ વા. ૨ પા. ૫. કાયદો મા બાપના હકને એટલું માન્ય આપેછે કે તેથી કોઈ સેળ વરસની અંદરની છોકરીને તેની રજામંદી ઉપરાંત તેના બાપને ઘેર પાછી આપવા ફરજ પાડી શકશે પણ જો એમ ધારવાનું કારણ હોય કે તેના માબાંપ તેના ઉપર યોગ સતા ચલાવશે નહી તો ઊપર પરમાણે થઈ શકે નહી (રાણી વીરૂધ હાઉ ઓલા જનરલ માજીસતરેટ કેશીસ વા. ૩૦ પાને ૪૦ માલીનરાન વીરૂધ બાલા રીપોર્ટસ પ્રોબેટ એંડ ડાઈવોરસ કોરટ વા. ૧ પાને ૨૨૧) અને મદરાસના સુપરીમ કોરટમાં કલુર નારૂપ્પણુ ૨૧ મીના કામમા સરસી શેલીનરાન અને સરબીટલ સને (શપટેમબર સને ૧૮૫૮) એજ ધારણને અનુસરી ચાલ્યા હતા. અહીંયાં તેવાએ એવો ઠરાવ કરયો કે ચઊદ વરશની ઉંમરનો એક હીંદુનો છોકરો કે જે કે સકાટીસમીસનરીમાં નાસી ગયો હતો અને જે ક્રીશ્ચીયન થઇ ગયો હતો. અને તેના નવા ગુરૂઓની સાથે રહેવા ઘણો આતુર હતો તોપણ તે છોકરાને તેના બાપને શવાધીન કરવા ઠરાવ કરયો અને એવોજ ફેસલો એક પંદર વરસ અને બે મહીનાની ઉમરના છોકરાની બાબતમાં કલકતામાં સરમોરડેંટ વેલ્સે આપ્યો હતો (હેમનાથ બોસાના કામમાં હાઈકોરટ વાા૦૧ પને ૧૩૧ અને આથી તદન ઉલટા ઠરાવ મુબાઈના એક પંદર વરસ અને ૭ સાત મહીનાના છોકરાની બાબતમા સર જોસેફ આરલેંડ આપીઓ મદરાસની સુપ્રીમ કોરટ નો ઠરાવ તેના જાણુવામા આવ્યો હોય એમ જણાતુ નથી) વીઠુના કામમા તા. ૯ મી મેએ સને ૧૮૬૫. સને ૧૮૬૪ ના આકટ ૨૦ પરમાણે પરણેલ છોકરીનો વાલી તેના ધણી મોટી ઊમરનો હોય તો તે થાયછે માટે તે છોકરીને તેના બાપના કબજા માંહેથી લેઇ જાયતો તે ગુનો નથી પરણેલી છોકરીના વાલીપણાનો હક તેના મા બાપનો નથી તેથી પણ તે ગુનો બનો નથી. તહોમતદારે છોકરીને ફુશલાવી ન હોય લલચાવી ન હોય તેમ છતા છોકરી મજકુર તેના બાપને ઘેરથી નીકળી ઘણે દુર હોય એવા તહોમતદારને ઘેર જાય તો તહોમતદાર ઉપર આ તહોમત આવે નહી અલબત નીતી પર નજર રાખી છોકરીને તેણે પાછી વાળવી જોઇએ પણ તેમ કરે નહી તો તેથી ગુનામા શામેલ નહી આનુ કારણ એજ કે ગુનો છે તે કાયદાસર વાલીના હવાલામાંથી લઇ જવાનો છે આરચ. પ. ૭૫૮. થોડા વખત માટે એ છોકરી ક્યાંઈ બાહાર ગઇ હોય તો એ વખતે તેના બાપનો કબજો છે એવુ ગણાયછે અને તેથી રસતેથી તેને લઇ જવામાં આવે તો ગુનો બનેછે આ. પ્ર. ૭૫૮. લઇ જતી વખતે છોકરી મજકુર કોઈના કાયદાસર વાલી પણા નીચેછે એવુ તહોમતદાર જાણતો ન હોય અથવા એવુ માનવાને તેને કાંઈ કારણ પણ ન હોય તો તેણે આ ગુનોહ કરયો નથી આ. પાનુ ૭૫૮–૫૯. એક તહોમતદાર એક છોકરીને શેરીમાં મલ્યો અને તેને લલચાવીને પાશેના એક ગામડામાં લઈ ગયો અને જયા ફેરાલાવી તેઓએ ગામડેથી પાછા ફરયાં એટલે તહોમતદારે શેરીના જે ભાગમાંથી તેને ઉઠાવી હતી તાં તેને મુકી છોકરી તેના બાપને ઘેર ગઇ. એ છોકરી કેની હતી- એની તહોમતદારે તજવીજ પણ કરી નહી તેમ તે કેની દીકરીછે એવુ જાણ્યુ

કે જાનતો નહોતો તેમા ઠરયુ કે તેણે ભગવી લઈ જવાનો ગુનો કરયો નથી. આ. પા. ૭૫૬ છોકરીના મા બાપને કઈ ખોટી હકીકત કહીને અથવા કપટ કરીને પોતાની [illegible] તહોમતદારને આપે. એવુ તહોમતદાર કરે અને મા બાપ પોતાના બોળપણથી [illegible] ને આપે પાછળથી એમ કરવાનુ કારણ છોકરીને લઇ જવી એવુ જણાય તો [illegible] રે આ ગુનો કરયો કહેવાય. આ. પ ૭૫૯. પોતાની છોકરીને લઈ જવા મા [illegible] થમ રજા આપે પાછળથી ના પાડે તો પછી આ ગુનો બને છે કે નહી એ શક ભરેલુ છે પરંતુ એટલુ તો ખરૂ છે કે ના પાડયા પછી લઇ જાય તો આ ગુનો બને છે આ. પા. ૭૫૮ એક છોકરાની મા તે છોકરાને રાતર એ એકલો નાચમાં વેશ્યાઓને ઘેર વીગેરેમા જવાની રજા આપે તે ખરાબ થાશે ચાલ્ને તેમ તેની મંજુરી હોય એવુ દરશાવે તો પછી એવી જગ્યાએથી તેને કોઇ ભગવી જાય તો તે કાયદેસર વાલીના હવાલામાંથી ભગવી લઇ ગયાનુ ગણાય નહી. આ. પા૦ ૭૫૯ જે છોકરાંને ભગવી લઈ જવામાં આવે તેની ઊમર ૧૬ વરશની અંદર હતી એવુ હુ જાણતો નહોતો એવો બચાવ તહોમતદાર કરી શકે નહી. આ. પ, ૭૫૯. ભગવી લેઇ જવામાં મારો ખરાબ હેતુ નહી હતો એવો બચાવ તહોમતદાર કરી શકે નહી આ. પા. ૭૫૯. તહોમતદારે નીરાશ્રણી મુકી, તેણે ક [illegible] કીમે ઊતરી કોઇ છોકરી તેના બાપને ઘેરથી નાશી જાય તો તહોમતદાર ઊપર આ તહોમત આવે. આ. પા. ૭૬૦ આ કલમ પરમાણેનો ગુનો સંપુરણ થવા માટે જે છોકરી અથવા છોકરીને લઈ જવામા આવ્યુ હતુ કે નહી તે કઈ જરૂરની બાબત નથી. કો. ઇ. ડા. પાનુ ૨૩૪ જેનુ નયન અથવા હરણ કરવામાં આવ્યુ હોય તેની તેમ કરવામાં સમતી હતી એ જરૂરનુ નથી કો. ઇ. ડા. પાનુ ૩૫૭. આ કલમ પરમાણેનો ગુનો સંપુરણ થવા માટે કાયદાશર વાલીના હવાલામાંથી તેની મંજુરી વગર એ છોકરાનુ હરણ કરેલુ હોવુ જોઇએ કો. ઇ. ડા. પા. ૩૫૭ એક છોકરાનુ કોઈ શખશ શાથે લગન કરવુ એવુ ઠરયુ હોય પણ પાછળથી એ છોકરીના બાપનુ મન ફરયુ હોય તેમ છતાં તેનો ધણી તેને ઊઠાવી લઇ જાય તો તેણે આ કલમ પરમાણેનો ગુનોહ કરયો કહેવાય કો. ઇ. ડા. પાનુ ૩૫૭ કોઈ છોકરૂ જાહેર રશતામાં રમતુ હોય અને તેને તથી લઇ જવામાં આવ્યુ હો તો તે કાયદાશર વાલીના કબજામાંથી લીધુ કહેવાય કો. ઇ. ડા. પા૦ ૩૫૭ હરણ કરેલી છોકરી લાયક ઊમરની હોય અને ભગવી લઇ જવામાં તેની સમતી હોય તે ભગવી [illegible] ર ઊપર પારકી અસતરી ફોસલાવી લઈ જવાનુ તહોમત આવે આ કલમ પરમા[illegible] મત આવે નહી કો. ઇ. ડા. પ નુ ૩૩૯ જે વખતે છોકરીનુ હરણ કરવામાં [illegible] વખતે તે છોકરી તેના બાપના કબજામા ન હોય ક્યાંઈ નાશી ગઈ હોય તો [illegible] ડી જનાર ઉપર આ કલમ પરમાણે તહોમત આવે નહી (મેન પાનુ ૨૯૧) [illegible] ની છોકરી વાલી વગર હોયજ નહી એવુ વરૂધ સાબીત થતા સુધી માનવુ જોઇ[illegible] છોકરીનો કોઇ વાલી છે કે નહી તેનો તપાસ કરવામા મેં ભુલ કરી એવો બચા[illegible] [illegible] શકે નહી [illegible] (મુંબાઇ) પાનુ ૧૭૯. ”

શખશને કાંઈ જગેથી જવાને જે માણસ બળથી જરૂર પાડે અથવા નષન | કાંઈ ફરેબી યુક્તિજોગેથી ભલચાવે તે માણસે તે શખસનુ … એમ સમજવું.

૩૬૩ જે માણસ બરીટીસ ઇંડીઆમાંથી અથવા કાયદેસર વાલીના હવાલામાંથી … હરણની શીક્ષા. | કાંઈ સખસનુ હરણ કરે તે માણસને સાત વરસની મુદત સુધી …ના બેમે તે પરકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ …

ટીકા.

તહોમતવાળો શખશ છોકરીને વેચે અને તે છોકરીનો વીવાહ થયો હોય પણ લગન થયું ન હોય અથવા વાલી પણ તેને હાથ ન ગયું હોય તો તે કાંઈ તહોમતનો જવાબ નથી પણ તેથી ગુનાનુ મહતવ ઓછું થઈ શકે (રેવનીયુ જુડીશીઅલ એંડ પોલીસ જનાલ વા. ૫ પા. ૧૪૯] એક બાળક છોકરાએ તેના માબાપની પરવાનગી વગર અને કોઈ બીજા શખસની શીખવણીથી પોતાનું ઘર છોડયુ છે એવી ખબર તહોમતદારને નહીં હોવાથી તેને લંકા સુધી લઈ જવાનું માથે લીધું તેને રમતે પકડવામાં આવીયો અને મનુશ હરણ કરવાની મદદગારીના તહોમતથી ગુનેગાર ઠરાવવામાં આવીઓ મુખ્ય ગુનેગાર અને આ મદદગાર વચ્ચે એ છોકરાનુ હરણ કરવા બાબત કંઈ મસલત થઇ નહોતી એવા કારણથી સેશનજજે આ શીક્ષા રદ કરી તેમાં ઠરાવવામાં આવ્યું કે કાયદાશરવાલીના હવાલમાંથી કોઇ બાળકને લઇ જવાનુ કરત જ્યાં સુધી જારી રહે ત્યાં સુધી એ હરણ કરવાના ગુનામાં મદદગીરી કરી હોય અને આ હરણ બરીટીસ ઇંડીઆમાંથી થયું હતુ માટે કલમ ૩૬૩ અને ૧૧૯ લગાવવી જોઇએ ૧ ઈંલા. રી. પા. ૧૦… મુદરાસ. સોળ વરસની અંદરની કોઈ છોકરીને તેના કાયદાસરવાલીની પરવાનગી વગર પરણવા માટે લઈ જવામા આવે તો તેણે આ કલમ ૩૬૩ અને ૩૬૬ મુજબ ગુનો કરયો કહેવાય આવા કામમાં છોકરીની મંજુરી હતી એ બચાવ નથી તેમ તેને જોરથી કે ફરેબથી લઈ જવામાં આવી હતી એ પણ જરૂરનું નથી રાણી વીરૂધ કુરદનસીગ અને મોહનસીગ. આ કલમમા 'કાયદાસર વાલી' એવા શબ્દ વપરાયા છે તેનો અર્થ નાનાં છોકરા જેની સંભાળ અને તાબેદારી નીચે રાખવામાં આવ્યું હોય તે શખસ તેનો કાયદાસરવાલી સમજવો ૧, ઈ. ડા. પા. ૩૫૮ આ કલમ પરમાણે તદ્દન મહોમાંહે. માકી વળના ૧૦ જુન સને ૧૮૭૪ કલકત્તા હાઇકોરટ.

૩૬૪ કોઈ શખસનું ખુન કરવામાં આવે એટલા માટે અથવા પોતાનું ખુન થવા … તે શખસ આવે એવી રીતે તેનો … આવે એટલા માટે જે માણસ તે શખસનુ હરણ … ત્યારે તે માણસને જીવતાં સુધી મુસાફરી …

ા દસ વરસની મુદત સુધીની સખત કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

દ્રષ્ટાંત.

(અ) બરીટીસ ઇંડીઆમાંથી જ નુ હરણ કરે એવા ઇરાદાથી અથવા એવા સં જાણીને કે એક મુરતીને જ નો ભેગ આપવામાં આવે તો જ એ આ કલમમાં જો સમજવું.

આવે એટલા માટે ખ ને તેને ઘેરથી આ બજુથી અ એ આ કલમમાં બીયાન કરેલો ગુનોહ કરયો એમ

રીતે જેરવાજબી કેદ કરવાના ઇરાદાથી જે માણસ કે મ સનુ હરણ અથવા નયન કરે તે માણસને સાત વરસની મુદતસુધીની બેમાંના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ઇરાદાથી તેનુ હરણ અથવા નયન કરવું.

૩૬૬ કોઇ અસતરીને તે અસતરીની મરજી નહી છતાં કોઇ પુરૂષની સાથે જુલમથી પરણાવવામાં આવે એવા ઇરાદાથી અથવા જુલમથી પરણાવવામાં આવશે એવો સંભવછે એમ જાણીને અથવા જુલમથી ફોસલાવીને તે અસતરીનો જોડે જારકરમ કરવામાં આવે એટલા માટે અથવા જુલમથી કે ફોસલાવીને તે ની જોડે જારકરમ કરવામાં આવશે એવો સંભવછે એમ જાણીને જે માણસ તે અસતરીનુ હરણ અથવા નયન કરે તે માણસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઇ અસતરીના જુલમથી લગન કરાવવા વગેર કારણ સારૂ તે અસતરીનુ હરણ અથવા નયન કરવું.

કોઇ સખશને મહાવ્યથા કરવામાં આવેછે અથવા તેને ગુલામ કરવામાં અથવા તેની ઊપર કોઇ કોઇ સખસની શાહશાહી કરમ વીરૂધ મર્ઇપુને ઇછા પુરણ થાય એટલા માટે અથવા તેના ઊપર એ પરમાણે ગુજરનાના જોખમમાં તે આવે એવી રીતે તેનો વગ કરવામાં આવે એટલા માટે અથવા તે સખસની ઉપર એ પરમાણે ગુજરશે અથવા તેનો એ પરમાણે વગ કરવામાં આવશે એવો સંભવછે એમ જાણીને જે માણસ તે સખશનુ હરણ અથવા નયન કરે તે માણસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

મહાવ્યથા કરવામાં આવે વગેરે કારણસર તેનુ હરણ અથવા નયન કરવું.

ઠેકાણે ઠેકાણે સખશનુ હરણ અથવા નયન થએલ છે એમ

હરણ થએલ શખસને ગેરવાજબી રીતે સંતાડવો અથવા કેદમાં રાખવો.

ણુસ તે સખશને ગેરવાજબી રીતે સંતાડે અથવા કેદ કરી તે માણુશને જે હરણ કર્યાનું જાણતાં અથવા જે કારણુસર તે માણુસ તે શખશને સંતાડે અથવા કેદમાં રાખે તેજ હરણ કરવાનું જાણતાં અથવા તેજ કારણુસર જાણે તે માણુસે તે શખસનું હરણ અથવા નયન કરયુ હોય એવી રીતે શીક્ષા કરવામા આવશે.

ટીકા.

હરણ કરેલી છોકરાને છુપાવવામાં જે શખસો મદદ કરે તેમને માટે આ કલમ છે હરણ કરનારને માટે નથી કો૦ ઈ૦ ડા૦ પાનુ ૩૫૭.

૩૬૯ દસ વરસ થી ઓછી ઉમરના કોઈ બચીયાના સરીર ઉપરથી કંઈ જંગમ

દસ વરસથી ઓછી ઉમરના કોઈ બચ્ચાના સરીર ઉપરથી જંગમ માલ ચોરવાના ઇરાદાથી તે બચ્ચાનું હરણ અથવા નયન કરવું.

મીલકત બદદાનતથી લેવાના ઇરાદાથી જે માણુસ તે બચ્ચાનુ હરણ અથવા નયન કરે તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થસે.

ટીકા.

આ કલમ પરમાણેના તહોમતમાં આ કાયદાની કલમ ૩૬૩ પરમાણેના તહોમતનો શમાવેશ થઈ જાયછે. ૮ બો, રી. પા. ૩૫.

૩૭૦ કોઈ શખશને ગુલામ દાખલ જે માણુશ આ દેશામાં લાવે અથવા આ દેશ

કોઈ શખસને ગુલામ દાખલ વેચવો અથવા આપવો.

માથી બહાર મોકલે અથવા ખસેડે અથવા ખરીદ કરે અથવા વેચે અથવા કોઈને આપે અથવા તે શખશના મરજી નહી છતાં તેને ગુલામ દાખલ કબુલે અથવા રાખે તે માણુસને સાત વરશની મુદતસુધીની બેમાંના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

૩૭૧ જે માણુસ નીત ગુલામોને આ દેશમાં લાવે અથવા આ દેશમાંથી બહાર

નીતે ગુલામોનો વેપાર કરવો.

મોકલે અથવા ખસેડે અથવા ખરીદ કરે અથવા વેચે અથવા તેઓનો વેપાર ધંધો કરે તે માણુસને જીવતા સુધી સમુદરપારની અથવા દશ વરશની મુદત સુધીની બેમના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

૩૭૨ સોળ વરસથી ઓછી ઉમરનુ કોઈ બાળક જારકરમના કારણસર અથવા કોઈ

જારકરમને માટે કોઈ બાળકને વેચવું

કાયદા વીરૂધ તથા અનીતીના કારણસર રાખવામાં કે વાપરવામ આવે એવા ઇરાદાથી અથવા તે બાળક તેવાં કોઈ કારણસર રાખવામાં કે વાપરવામા આવશે એવો સંભવછે એમ જાણ્યા છતાં જે માણુસ તે બાળકને વેચે અથવા ભાડે આપે અથવા બીજી રીતે કોઈને આપે તે માણુસને દશ વરશ

મુદત સુધીની એમાના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને પણ બારક થશે.

ટીકા.

નાની છોકરીને વ્યભીચાર કરવાના ઇરાદાથી કોઈ દેવળમાં અરપણ ... મ પરમાણે ગુનો છે એટલા માટે શીક્ષા કાયમ રહી મુબાઈ હાઈકોરટ તા૦ ... ૧૨ સને ૧૮૬૯.

૩૭૩ સોળ વરસથી ઓછી ઉમરનું કોઈ બાળક બાર કરમના કારણુસર અથવા કાંઈ કાયદા વીરૂધ તથા અનીતીની કારણુસર રાખવામાં કે વાપરવામાં આવે એવા ઇરાદાથી અથવા તે બાળક તેવા કા રણુ સર રાખવામા કે વાપરવામાં આવશે એવો સંભવછે એ જાણ્યા છતાં જે માણુસ તે બાળકને ખરીદ કરે ભાડે લે અથવા બીજી રીતે પોતાના ...મમાં લે તે માણુસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની શી... કરવામાં આવશે અને વળી તે દંડને પણ બાપક થશે.

...કરમને માટે કાઇબા...ને ખરીદ કરવું

ટીકા.

રાણી વીરૂધ સોઅલીના કામમા આ બે કલમો વીશે સાફ સફાઈ કરવામાં આવીછે ...રાસ હાઇકોરટના રીપોર્ટ વાલ્યુમ ૫ પાને ૪૭૩ તેહમાં આ કલમ પરમાણે મુકદમો ... કામમાં એમ માલમ પડતુ હતુ કે કેદીએ પઇસા આપવાનુ કહીને એક દસ વરસની છો...ને એક એકાંત જગામાં એક વ્યભીચાર સંભોગ કરવા દેવા સલાહ આવી હતી તે છોકરી કેદીના કહેવાથી ગઈ એ કામ કરતી વખતે બને જણ પકડાયા અને તે કેદીને એ કલમ ...માં લઈ ગયા હતા. સેશનજજે કે એ કામનો હુકમ કરવાથી જડજે એવો અભીપરાય આપીઓ કે ગુનો સાબીત થતો નથી પહેલા વહેલું તો તેમણે બાબ એ એવો અભીપરાય આપીઓ કે કેદીએ આ કલમના અરથ પરમાણે તે છોકરીને કબજામાં લીધી નહોતી ચીફ જસ્ટીસ સર ક્લેટન ડ બોલ્યા કે "પણ કોઈ કામને આ કલમ લાગુ કરવાને મારા અભી...પ્રાય પરમાણે એમ બનવું જરૂરછે કે એ નાહાના બાળકનો કબજો અને પરકાર... થએલા એક ચોખા કરારથી એવી રીતે લીધો હોય કે એ નાનુ બાળક કેટલીક વખત તદન જે સખશે તેનો કબજો લીધો હોય તેના કબજામા અખતીઆર નીચે અને કામમાં રહે પછી દખીતા યોગ કામને શરૂ કે નહી એ નના બાળકનો બીલકુલ કબજો અને મુખતીઆરી જે ખરીદ કરને ભાડે લઈને અથવા બીજી રીતે એમ જાણીને અથ વા એવા ઇરાદાથી મેળવી હોય કે આ પરમાણે કબજો યા મુખતીઆરી રાખીને પછળ થી એ બાળકને સદરહુ કામોમાના કોઈપણ કામને સારૂ ઉપયોગમા લેવું અથવા વાપરવું અથવા ઉપયોગમા લેવાય અથવા વપરાય એજ (કબજો યા મુખતીઆરી) ગુના તરીકે શી... સંભોગ કરવા આ કલમનો હેતુછે આ કલમમા કોઈ વખત સંભોગ કરવા દેવાથી જે ... મલે તે કબજો ... મારા ધારવા પરમાણે થતો નથી. કોઈ એક નાની

બાળક-છોકરીને નાશ કરનરી છોડી તરીકે છોડવાના કારણશર અથવા નાશનારી છોડ઼ી તરીકે કોઈ દેવલમા અરપણ કરવાના હતુંથી વેચાતી અથવા બીજી રીતે આપી દે વી એ કલમ ૩૭૨. પરમણે ગુનોછે અને આવા કામને સારૂ કોઈ છોકરીને ખરીદ કરવી મા હોતો એ કલમ ૩૭૩ મુજબ ગુનોછે એ કારણ ખુલ્લુ છે કે બારકરમ એ નઠીના ધંધાનો એક ભાગછે (મદ. હા૦ ફેસલા વા૦ ૫ પાને ૪૧૫ મુ૦ હા૦ રીપોરટસ ક્રાઉન કેશીશ પાને ૬૦).

૩૭૪ કોઇ શખસની મરજી નહી છતાં જે માણસ તેની પાસે કાયદા વીરૂધ જબ રાયથી મંજુરી કરાવે તે માણસને એકવરસની મુદત સુધીના

કાયદા વીરૂધ જબરાઈથી મંજુરી કરાવવી.	} એમાના ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા બ

બનેની શીક્ષા કરવામા આવશે.

ટીકા.

સરકારી સામાન બેગારીને માથે ઉપાડી મંગાવે તેને દર કાસે પાઈ ૭ પરમાણે મજુરી આપવી પોલીશ કમીશનરનો કાગળ નંબર ૨૪ તા૦ ૨૮ મી નવેમબર સને ૧૮૬૨ જબરદસ્તી ગાડા પકડવાં એવું કાયદામા નથી શને ૧૮૨૭ના કાયદા ૨૨ ની કલમ ૪૨ ની વેડા બુક પા. ૪૧૮.

મોહોલ્લાનના સદરહુ ગાડા મંગાવે તેને પકડી અપાવવામાં મદદ કરવા સરકારનુ કાગળ નંબર ૪૬૧ તા૦ ૫ મી જાનેવરી શને ૧૮૬૨ આપઘાત કરે તે કોઈ ગુનો નથા વાસતે તે સારૂ બાળનાર કઈ ગુનેગર નથી મુબઈ હાઈ કોરટ નં વેડા બુક પાને ૩૯૪.

બળાતકાર સંભોગ બાબત.

૩૭૫ નીચે બાતલ કરેલી બાબત શીવાય બીજી શઘળી બાબતમાં જે પુરૂસ નીચે બળાતકાર સંભોગ | બાયાન કરેલી પાંચ હાલતે માની કોઈપણ હાલતમા કોઈ અશાતરીની સાથે સંગ કરે તેણે બળાતકાર સંભોગ કરયો એમ શમજવું.

પેહલી—તે અશાતરીની મરજી નહી છતાં;

બીજી—તે અશાતરીની રજામંદી વગર;

તરીજી—તે અશાતરીને મોતનો અથવા વ્યથાનો ભય ઉતપન કરીને તેની રજામંદી લીધી હોય તો તે રજામંદી છતાં પણ;

ચોથી—તે પુરૂશ એમ જાણુતો હોય કે હું એ અશાતરીનો વર નથી અને તે અશાતરી જે બીજા પુરૂશની શાથે કાયદા મુજબ પરણેલી છે અથવા પોતાને પરણેલી માને છે તે પુરૂશ હું છુ એમ માનીને તેણે પોતાની રજામંદી આપીછે તો તે રજામંદી છતા પણ;

પાચમી—તે અશાતરી દશવરશથી ઓછી ઉમરની હોય તો પછી તેની રજામંદી હોય કે નહી તોપણ.

ખુલાશો—બળાતકાર શભોગના ગુનામાં જે શંગ થવો જરૂર છે તેમાં પો વો બસ છે.

અપવાદ—કોઈ પુરૂશ પોતાની વહુની શાથે સંગ કરે અને તે અરાતથી ઓછી ઉમરની નહોય તો તે બળાતકાર ભોગ નહીં ગણાય.

ટીકા.

પીનલકોડ કલમ ૮૯ માં બાર વરસ ઉપરાતનાને હરેક ગુનો કરવાને લાયક ગણ્યોછે, પરંતુ ઇંગલીસ લા તથા શાશતરમાં ચઉદ વરશની ઉમરનો પોમા વગર આ ગુનો કરી શકતો નથી એમ ઠરયું. નગરના શેસન જડજ ઉપર ઈતરાકટ તા૦ ૨૧ મી અગસટ સને ૧૮૫૨નો સદર અદાલતે કરયો છે.

બળાતકાર સભોગનો સીક્ષા.

૩૭૬ જે માણુશ બળાતકાર સંભોગ કરે તે માણુસને જીવતાં સુધી સમુદરપારની અથવા દશ વરસની મુદત સુધી બેમના ગમે તો પરકારની કેદની શીક્ષા કરવામા આવસે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.

જે શખ્સ આવો ગુનો બીજી વખત કરે તેને ફટકાની પણ સીક્ષા થસે. સને ૧૮૬૪ નો આકટ ૬ કલમ ૪.

જેની સાથે બળાતકાર સભોગ કરવાનાં આવયો છે તે દરીઆદી ખરાબ ચાલની છે એવો પુરાવો આપી શકાય છે. પુરાવના આકટની કલમ ૧૫૫ નીરકમ (૪). જે છોકરી સાથે કાઇ વઇદ સભોગ કરે એવું બાનું બતાવીને કે એમ કરયા વગર તેનું દરદ મટશે નહી છોકરી આવા કારણથી શભોગ કરવા દેનો વઇદે બળાતકાર સભોગ કરયો કહેવાય આરય પ્ર. ૭૧૬ દસ વરસથી ઉપરની છોકરી સાથે તેના ધણી સભોગ કરે તો તે બળાતકાર નથી પણ તેનો ઓરતના મરજી વીરૂધ પાસે ઉભી કરી બીજી રીતે મદદગરી કરી તેની સાથે બળાતકાર સભોગ કરાવે તો તે ધણી મદદગારીનો ગુનેગાર થાય છે આરય પ્ર. ૬૬૦ દરૂ પાઈ સ્ત્રીને બેભાન કરી સભોગ કરવામાં આવે તો તે બળાતકાર સભોગ છે, આરય પ્ર. ૭૬૩ કોઇ સ્ત્રી ભરઊંગમાં પડી હોય તથા જઈ નીંદરામાં તેની સાથે સભોગ કરવામા આવે તો તે બળાતકાર સભોગ છે આ. પા. ૭૬૩ ગઉી અસતરી સાથે પણ તેની મરજી વગરનો સભોગ તે બળા... ગ છે આ. પનુ ૭૬૩ સભોગ કરવા પરથમ હા પાડી હોય પણ શભોગ... વખતે ના પાડે તોપણ સભોગ કરે તો બળાતકાર સભોગ કરયો કહેવાય... અસતરી પુરૂશ વચે ધણી બાઝાબાજી થાય પછા એ અસતરાએ પોતાની... પી હોય તો તેથી તહોમતદાર આ કલમની શીક્ષાથી બચી જતો નથી ૧... ૨. એક નાની વયની છોકરી બળાતકાર સંભોગ થવાથી ગુજરી જાય...

ના જુલમની કંઈ પ્રકારની નીશાની દેખાય નહી એ કુદરતના સાધારણ કર
અસંભવીતછે ૧ વી. રી. પા. ૨૯. આ કલમ પરમાણે તહોમતદારને સો
કરતી વખતે જેનો ઉપર બળાતકાર થયો હોય તેની રહેગુી કરણી ઉપર આધાર રાખ
કરવો નહી જોઇએ પણ તે ગુનોહ કરતાં તહોમતદારે જે ઘાતકીપણું ચલાવ્યુ છે તે ઘ
ણું ચલાવ્યુ છે કે થોડુ ચલાવ્યુ છે તે ઉપર તહોમતદારની ચાલ ઉપર અને એ અસત
રીની નીરાધાર સથીતી ઊપર વીચાર કરી સીક્ષા કરવી જોઈએ ૬ વી. રી૦ પાનુ ૫૯. આ કલમ પરમાણેનો ગુનોહ કરવાની કોશીશ કરવામાં આવી હોય તો પાં
ચ વરસથી વધારે સજા નહી કરવી નહી જોઇએ ૧ બેં. હા. રી. પાનુ ૧૦ વી. રો. પાનુ ૧૦ આ કલમ પરમાણે બળાતકાર સભોગનુ તહોમત સાબીત થાય નહી પણ છી
નળુ કરયાનો ગુનોહ સાબીત થાય તેવુ હોય તો પણ છીનાળાની સજા તેને થાય નહી ૧ મેરલીડાઈજેશટ પાનુ ૧૨૩ કાયદો એવુ માને છે કે સાત વરસથી વધારે વરસની છો
કરી સાથે બળાતકાર સંભોગ થાય વીરૂધ સાબીત કરવું એ તહોમતદારનુ કામછે (બ
રૂમ સી. મે. પા. ૩૧૨).

૬૭૭ જે માણસ ખુસીપુરવક કોઇ પુરૂસ અસતરી અથવા જાનવર સાથે સરૂસ
સરસટી કરમ વીરૂધ ગુનો. | ટી કરમ વીરૂધ મઇથુન કરે તે માણસને જીવતા સુધી સ
મુદરપારની અથવા દસ વરસની મુદતસુધીની બેમાંના ગમે તે પરકરની કેદની સીકસા
કરવામાં આવસે અને વળી તે દડને પણ લાયક થસે.

ખુલાસે—આ કેલમમાં બયાન કરેલા ગુનાહમ જે મઇથુન થવુ જરૂરછે. તેમાં પ
રવેશ થયો તો બસછે.

ટીકા.

જે શખસ આવો ગુનોહ બીજી વખત કરે તેને ફટકાની પણ સજા થશે સને
ના આકટ ૬ કલમ ૪.

બાબ ૧૭ મો.

મીલકત વીરૂધ ગુનાઓ બાબત ચોરી બાબત.

૩૭૮ જે માણસ કોઇ શખસના કબજામાંથી તે સખસની રજામંદી શીવાય કંઈ
| જંગમ મીલકત બદદાનતથી લેવાનો ઇરાદો કરીને તે પરમાણે
લેવા સરૂ તે મીલકતને ખસેડે તે માણસે ચોરી કરી એમ સમજવું.

ખુલાસો ૧ લો—કાંઇ વસતુ જયાં સુધી જમીનમાં ચોટેલી હોય તાંહાં સુધી તે
જંગમ મીલકત નથી માટે તેની ચોરી થઈ સકે નહી પણ જમીનથી તે જુદી પાડવામા
આવે કે પછી તેની ચોરી થઇ શકે

ખુલાસો ૨ જો—જે કામથી જુદુ પાડવુ હોય તેજ કામથી જે ખસેડવુ થાય તે ખ
સેડવુ ચોરી થઈ શકે,

ખુલાશો ૩ જો—કોઈ શખસ ખરેખર કઇ વસતુને ખસેડે તારે અને-
નુ ચલન થવામાં અટકાવ કરનારી કાંઇ અડચણ દુર કરે અથવા તે વસતુને કોઈ
વસ્તુથી જુદી પાડે તીયારે પણ તે શખશે તે વસતુ ખસેડી એમ સમજવું.

ખુલાસો ૪ થો—કોઈ સખસ કઈપણ ઉપાયથી કોઇ જાનવરને ગતીમાન કરે તો તે
ણે તે જાનવર ખસેડયુ તથા તે જાનવરને ગતી થયાથી તે જાનવરે જે જે વસતુ ખશેડી
હોય તે વસતુ ખશેડી એમ સમજવુ.

ખુલાશો ૫ મો—ઉપલા લક્ષણમાં રજામંદી લખી છે તે સારૂ રજામંદી હોય કે
અરથાત સમજાય એવી રજામંદી હોય અને તે કબજેદાર સંખસ અથવા તે કારણસર
જેને સારૂ કે અરથાત સમજાય એવો અખતીઆર હોય તેવો કોઇપણ સખસ આપી શકે.

દ્રસ્ટાંત.

(અ) જ ની જમીનપરનુ એક ઝાડ જ ના કબજામાંથી બદદાનતથી લઇ જવાના
ઇરાદાથી જ ની રજામંદી શીવાય અ કાપીનાખે તો એ ઠેકાણે તે પરમાણે લઈ જવા
સારૂ अ એ તે ઝાડ જુદુ પાડયુ કે તેણે ચોરી કરી એમ સમજવું.

(બ) કુતરાઓને લલચાવવાની કાંઈ વસતુ अ પોતાના ખીસામાં રાખે અને તેથી
જ ના કુતરાને તેની પાછળ ચાલ્યો જવાને લલચાવે તો એ ઠેકાણે અગર અ નો ઇરા
દો તે કુતરાને જ ના કબજામાંથી જ ની રજામંદી સીવાય બદદાનતથી લઇ જવાનો હો
ય તો જ ના કુતરાએ अ ની પાછળ ચાલવા માંડયું કે અ એ ચોરી કરી એમ સમજવું.

(क) એક બળદને નગદી ભરેલી એક પેટી લઈ જતો જોઇને તે નગદી બદદાનત
થી લેવા સારૂ તે બળદને એક તરફ જો अ હાંકી જાય તો તે બળદે ચાલવા માંડયુ
કે અ એ તે નગદીની ચોરી કરી એમ સમજવું.

(ड) अ ज નો ચાકરછે તેને ज એ પોતાની રૂપાની તબકડીઓ રાખવાને સોપીછે
તે તબકડીઓ લઇને ज ની રજામંદી સીવાય જો તે બદદાનતથી નાશી જાય તો અ
એ ચોરી કરી એમ સમજવું.

(इ) ज એક મુસાફરીપર જાય છે તે એક વખારવાળા अ ને પોતાની રૂપાની ત
બકડીઓ સોંપે અને એમ કહેછે કે હુ પાછો આવુ તીયા સુધી એ તમે રાખજો अ કોઈ
ચોકસીને ઘેર જઇને તે તબકડીઓ વેચે તો એ ઠેકાણે તે તબકડીઓ ज ના કબજામા ન
હતી માટે તે જના કબજામાંથી લઇ શકાય નહી અને અગર अ એ સાપરાધ વીસવાસ
ઘાત કરયો હોય તોપણ અ એ કઈ ચોરી કરી એમ સમજવું નહી.

(फ) જે ઘરમાં ज રહેછે તે ઘરમાં એક મેજપર ज ની વીંટી પડેલી अ જોય
તો એ ઠેકાણે તે વીંટી ज ના કબજામાછે અને જો એ બદદાનતથી તે ખસેડે તો અ એ
ચોરી કરી એમ સમજવું.

(ग) એક ધોરી રસતા ઉપર કોઈ સખસના કબજામા નહી એવી
ડેલી अ જોવ તો તે વીંટી લેવાથી અગર अ તે માલકના સાપરાધ

ગુનેગાર થાય તોપણ અ એ કંઈ ચોરી કરી એમ શમજવું નહી.

(ઠ) જ ના ઘરમા જ ની એક વીંટી એક મેજપર પડેલી અ જોય અને તજવીજ થઇ ને પકડવાના ભયથી તરત તે વીંટીનો ખોટો ઉપયોગ કરવાની હીમત નહી ચલે થી તે એક એવી જગે તે વીંટી સંતાડે કે તાંથી કોઇપણ વખતે તે ઝ ને પાછી જડવાનો ઘણો અસંભવ હોય અને તે વેળાએ તેનો ઈરાદો એવો હોય કે એ વીંટીનું ખોવાઈ જવું સઉ ભુલી જશે તીયરે એ સંતાડેલે ઠેકાણેથી તે વીંટી કાડીને હું વેચીશ તો એ ઠેકાણે તે વીંટી પહેલી ખસેડતી વેળાએજ અ એ ચોરી કરી એમ શમજવું.

(ધ) જ ઘડીઆળીને અ પોતાનુ ઘડીઆળ ઠીક કરવા સારૂ આપે જ તે પોતાની દુકાને લઈ જાય પછી અ ની પાશે તે ઘડીઆળનુ કંઈ એવુ લેહેણુ નથી કે તેના અવેજમાં તે ઘડીઆળ કાયદા મુજબ અટકાવી શકે એમ છતાં અ ખુલી રીતે દુકાનમાં પેશી જ ના હાથમાંથી બળથી પોતાનુ ઘડીઆળ છીનવી લઈને તે લઈ જાય તો એ ઠેકાણે અ એ શાપરાધ પરવેગ તથા હુમલો કરયો હોય તો પણ અ એ ચોરી કરી એમ સમજવું નહી કેમકે તેણે જે જે કંઈ કીધું તે બદદાનતથી કીધુ નથી.

(ન) અગર તે ઘડીઆળ શમરામણીના કંઈ પઇશા જ ના અ ની પશે લેહેણા હોય અને તે લેહેણાના અવેજમા અગર જ તે ઘડીઆળ કાયદા મુજબ અટકાવી રાખે અને પછી ઝ ને પોતાના લેહેણાના અવેજમા રહેની મીલકતથી રહીત કરવાના ઈરાદાથી અ તે ઘડીઆળ ઝ ના કબજામ થી લઈલે તો તેણે ચોરી કરી એમ સમજવુ કેમ કે તેણે તે ઘડીઆળ બદદાનતથી લીધું.

(૮) વળી અગર એ પોતાનુ ઘડીઆળ ઝને ઘરેણે આપીયુ હોય અને પછી જ ની રજામંદી શીવાય તથા જ ની પાશેથી તે ઘડીઆળ ઉપર કરજ લીધેના રૂપીઆ પાછા નઆપયા છતાં તે તે ઘડીઆળ જ ના કબજામ થી લઈલે તો તે ઘડીઆળ તેની પોતાની મીલકત છે ખરી તો પણ તેણે ચોરી કરી એમ સમજવુ કેમ કે તેણે બદદીયાનતથી લીધું.

(ન) અ જ ના કબજામાંથી જ ની રજામંદી સીવાય જ ની કાંઈ વસતુ લે એવા ઇરાદાથી કે તે વસતુ પછી આપવાના બદલામા જ કાંઇ પઈશા આપે તાહા સુધી તે રાખી તો એ ઠેકાણે અ એ તે વસતુ બદદીયાનતથી લીધી માટે તેણે ચોરી કરી એમ સમજવું.

(મ) અ જ નો દોસતદારછે તે જ નહી છતાં જ ના કીતાબખાનામાં જાય અને માતર વાચવા સારૂ તથા પાછી આપવાના વીચારથી જ એ સર્ રજામંદી આપીયા શીવાય કંઈ ચોપડી તેમાંથી લઇ જાય તે એ ઠેકાણે જ ની ચોપડી વાપરવી એવી અરથત સમજાય એવી મને જ રજામંદીછે એમ અ ના મનમ હેય એવો સંભવછે જો એમ [illegible] તેણે ચોરી કરી એમ શમજવું નહી.

(ન) જ ની અશાતરી પાશે ભીખ માગે અને તે અશાતરી અને કંઈ પઈશા ખાવાનુ તથા કપડા આપે અને તે રાધણુ તેના વર જ નુ છે એમ જાણુતો હોય તો ઠકાણુ અની અસતરને ભીખ આપવાનો અખતીઆરછે એમ એના મનમાં હોય એવું જાણેછે જો એ પરમાણુ એ ના મનમાં હોય તો તેણુ ચોરી કરી એમ સમજવુ નહી.

(ઓ) મ જ ની અશાતરીનો યારછે તે અસતરી અને કાંઇ કીમતી મીલકત આ અને તે મીલકત તેના વર જ ની છે તથા તે એવી છે કે જે આપવાનો જ એ તેન અખતીઆર આપેલો નથી એમ અ જાણુતો હોય તો અગર અ તે મીલકત બદદાનત લેતો તેણે ચોરી કરી એમ સમજવું.

મીલકત જ ની હોય તે મીલકત મારી પોતાની છે એમ સુધ બુધી તે મીલકત ખ ના કબજામાં લઈ લે. તો એ ઠકાણુ અ એ બદદાનતથી તેણુ ચોરી કરી એમ સમજવું નહીં.

ટીકા.

ચોરીના તેહેમતના કામમાં કોની મીલકત ચોરાઇ છે તે સાફ બતાવ્વું જોઇએ બઈ હાઇ કોરટ તારીખ ૧૮ મી નવેમબર સને ૧૮૬૩ વાલમ ૧ પાને ૯૫. વગર ઝાડ કાપયુ તેથી આ કલમ પરમાણુ ચોરી તથા કલમ ૪૨૫ પરમાણુ બીગાડ એવાં બે તહોમત મુકેલાં તેમા ઠરાવ્યું કે આ કલમના પેહેલા મુલાસામા ઝાડ એટલે ચોરી થઇ શકે છે વાસતે મુકેલ તહોમત બહાલ રાખ્યુ મુબઇ હાઇકોરટ તા૦ ૨૭મી જુન સને ૧૮૬૨ વા૦ ૨ પાને ૮૧૫. કલમ ૩૭૮ તથા ૩૮૦ પરમાણુ કેદ તથા ફટકાની શીક્ષા ઠરાવેલી તેમા ઠરાવ્યું કે જે ગુનાને સરૂ પેનલકોડમાં શીક્ષા છે ને બદલે ફટકાની શીક્ષા કરવાની છે કેદ તથા ફટકાની બેવડી નથી માટે બને શીક્ષા કરવી નહીં મુંબાઇ હાઇ કોરટ તા૦ ૯ જાનેવારી સને ૧૮૬૭. ઘર ફોડવું અને ઘર ની અંદરની ચોરી એ એકજ ગુનો છે માટે સજા કાયમ રાખી (મુંબાઈ હાઇ કોરટ તારીખ ૪થી નવંબર સને ૧૮૬૩ તથા તા૦ ૮મી જાનેવરી સને ૧૮૬૪ વા. ૮ પાને વા. ૨ પાને ૧૩૨.) વળી ઠરાવ્યું કે કેદીએ ફરીથી એવો ગુનો કરયો હોતતો તેને સાન કમીટ કરવો હતો તરીખ સદર કોઈ મીલકત ઊપરના હકના દાવાનો તકરાર હોય ને તે દાવો ખેટો હોયતો પણુ તે મીલકત ખશેડે તેને ચોરનું તહોમત નહીં મુંબઈ હાઈ કોરટ તા૦ ૧૬મી સપટેમબર સને ૧૮૬૯, મુસલમાન સ્ત્રી તે ધણીની મીલકતમાંથી ચોરી કરવાના ઈરાદાથી મદદ કરે તેને મદદગારી બાબત કલમ ૧૪ પરમાણુ શીક્ષા કાયમ રાખી ઈંગલીશ લાહ પરમાણુ ધણી ધણીઆણી એકતર પણ મુસલમાની સાશતર પરમાણુ એકતર ગણાય નહીં (મુંબાઈ હાઇકોરટ તા૦૪થી ૧૮૬૯ નેટીવ ઓપીનીયન પાને ૧૫.) ભરૂચ જીલામાં અંકલેશવર માહે આદીએ પેતાની ઓરત બાઈ લખી ઉપર ઘરમાથી ચોરી એટલે કઈ રૂપીઆ ઘરાણુ બાહીર વગેરે લઇ જઈ પોતાના યાર સાથે ચોરી કરી તે વીસે ભરૂચના શેશન જડજે શીક્ષા કરી અપીલમા ઠરાવ્યું કે હીંદુ સ્ત્રી પોતાનું પણુ અગર અસતરીધન ધણીના

કબજેથી તેની રજા વગર લઇ જાય તો તેના ઊપર ચોરીનું તહોમત લગે નહીં અસ[illegible]નું પોતાના પલા ઊપર બેશક ધણીપણુ છે ને રૂપીઆ લઇ ગયાનો ખાતરો લાયક પુરાવો નથી માટે એરત ગુનેહગાર નથી અને ઓરત ગુનહેગાર નથી તારે તેનો યાર મદદગારીનો ગુનેહગાર થતો નથી. મુંબઈ હાઈ કોરટ તા૦ ૧૯મી જાનેવારી સને ૧૮૭૧, વા૦ ૮ પાને ૧૧. મદરાશ હાઇ કોરટ રીપોટ ૬૫ પાને, ૧૦૦.

(૬) એક (અ) અને બીજા ભાગદારોનો નોકર હતો ને ભાગદારોના કેટલાક ચોપડા સાથે કોરટમાથી આવતો હતો એટલામા એ ચોપડા મારા છે, એવું કહી (અ) એ એ ચોપડા પોતાના કબજામા લીધા અને તે આપવાની ના પાડી માઝીશતરેટે આ ઉપર ચોરીનો ગુનહો સાબીત ઠરાવ્યો તેમા ઠરાવવામા આવ્યું કે (અ). ઊપર એ તહેમત રહી શકે નહી કેમકે (અ)નો તેમજ બીજા ભાગદારોનો નોકર હતો તેથી (ક)નો કબજો તે (અ)નો પણ કબજો હતો ૧૩. બે. લા. રં. પ્ર. ૬૧૦ (નોટ) સરકારના જંગલી ખાતાના ઇનસ્પેક્ટરના કબજામાં જે લાકડાં હોય તે સંરકરના પોતાન કબજામાં છે એવુ ગણુવુ જોઇએ અને તેથી તે ઇનસપેકટરના કબજામાથી તેની મજુરોથી કાંઇ લાકડાં જે હતી ફી આપા વગર લઇ જવામાં આવે તો એ ચેરી છે પણ જો એ મજુરી અખીકાર વગર આપી હોય કીંવા તે મંજુરી કપટથી મેળવી હેય તે જ. ૧૪. લા. રી (મુંબઈ) પ્ર. ૬૧૧. કોઈ ઊપરીએ કંઇ મીલકત કોઇને સેપી હોય તે લઇને તે નાશી જાય તો તેણે વીશવાસ ધાતનો ગુનો કરયો કહેવાય ચેરીનો ગુનો કરયે કેવાય નહીં ૧ વી. રી. પર૭.(ફોજદરી)આ કલમમાં "બદદયાનત" એ શબદ છે તેનો અરથ જે સખસ કંઇ ગેરવાજબી લાભ અથવા ગેરવાજબી હાની કરવાના ઈરાદાથી કંઈ કરત કરે તેવો અરથ થાય છે ૭. ૫ વી રી. ૫૨૯ ૬૬ (ફોજદારી) કોઈ સખશનો કંઈ મીલકતમા હક હોય તે હક ઘણુંજ કાચા પાયા ઉપર હોય તો પણ તે મીલકત તે લે તો ચોરી કરતો નથી ૭ વી. રી ૫. ૫૭ એક સખસે એક શેઠના નોકરની મદદ લઇ એક ગુનહો કરયો એ ચેર ચોરી કરવા આવનાર છે એવું એ નોકરે શેઠને કહયું હતું પણ ચોરને સજા થાય એવા હેતુથી ચોરી કરવા આવવાનું કહયું હતું તેમા ઠરાવવામા આવ્યું કે આ ચેરી થઇ નથી કેમકે તે મજુરીથી ચેરી કરવા આવ્યો હતો ને કરને કલમ ૧૦૮ના ખુલાસા બે અને ચાર મુજબ સજા થાય ૪. ઈં. લા. રી. (કલકતા)પ્ર. ૩૬૬ ઝાડ કાપી લઈ જવાયા આવેતો ચોરી અને બીગાડ એવાં બે તહોમત આવે ૨ મુ હા. રી. પ્ર. ૩૦૨ કોઈ હીંદુ અશાતરી તેના ધણીના કબજામાંથી તેની રજામંદી વગર પોતાના પલાની ચીજ લઈ જાય તો તેને તેમજ તે કરત કરવા જેમણે મદદ કરી તેમને પણ સજા થાય નહીં ૮. મુ. હા. રી. પરશાટા૨૧ (ફોજદારી)મુસલમાનોની કાયદા પરમાણે જે મીલકત ધણીની પોતાની લેખવામાં આવી છે તે મીલકત તેની અસતરી લઈ જાય તો તેણે આ કલમ પરમાણે ચોરનો ગુનહો કરયો ગણાય ૬ મુ. હા. રી. પર૯ ૧૯ (ફેજદારી), ઝાડને કાપાં હોય પણ તે લઈ જ.

હાય તોપણુ તે ચોરી થાય છે પ મ. હા રી. એ ૨૬. જે
[illegible] હોય તે મીલકત બદયાનતથી લઈ જવામા આવી ન હોય
તાં ગુનહો ઠરાવ્યો હોય તો તે ગેરવાજબી છે પ મુ. હા૦ રી૦ એ૦ ૩૭ જે જનાવરો વગ
ડામાં રખડતાં ફરતાં હોય જેમકે સાવજ દીપડી. હરણુ તેની ચોરી થઇ શકે નહીં આરય
પ્ર. ૩૫૧. આવા જાનવરોને જમીનનો માલીક અથવા કોઈ પારકો ધણી માગે તો પછી
એ જમીન ઉપરથી લઈ જનાર સખસ ઉપર ચોરીનું તહોમત આવે આરય પ્ર. ૩૫૧
જંગલી જાનવરોને પણુ પાંજરા વીગેરેમા રાખી કબજો હોય એવું કર્યું હોય તો પછી
તે ચોરી જનાર ઊપર ચોરીનું તહોમત આવે તેમજ તળાવમા મછલા હોય તે પણુ
ધણીના કબજામાં છે એવું ગણાયછે અને તે ચોરી જનાર ઊપર પણુ ચોરીનું તહોમત
આવે આરય. પ્ર. ૩૫૧. માલ ધણીના ઘરથી છૅટે જગીયો હોય તો કુકડી તેના ઈંડા
સેવતી હોય તે ઇંડા સેવાઈ બચા થાય ત્યારે જંગલી કુકડા તરીકે તેને જંગલમાં છુટા
મુકી દેવાનો માલીકનો ઈરાદો હતો પણુ જ્યાં સુધી કુકડી ઈંડાં સેવતી હોય ત્યાં સુધી
તે માલીકનો કબજો છે અને તેથી તે ચોરી જનાર ઉપર ચોરીનું તહોમત આવે છે.
આરય પ્ર. ૩૫૧ આ કેસમા કેટલાક લોકો ધોળાં ખબુતર પાળે છે અને તેઓને માટ
લામાં કે ખુલી પેટીમાં રાખવાનું ઠરાવેલું હોય છે ત્યાંથી તે ચોરી જવામાં આવે તો તે
ચોરીનો ગુનહો થાય છે આરય પરગટ ૩૫૧, કોઈ ચોર રકાબી ચોરવાં માટે પેટીમાં
થી તે રકાબી બહાર કાઢે એટલામાં તે પકડાઈ જાય તો તેણે તે રકાબી ખસેડી કહેવાય
આરય. પરગટ ૩૮૧ ગાડામાં કંઈ માલ ચોરવાને ઈરાદે ઠાઠા તરફ ખસેડી લાવવામાં આ
વે તો તેણે ચોરી કરી કહેવાય. આરય. પરગટ. ૩૮૧ એક ચોરે ફરીઆદીના ડગલાના
માંહેલા ભાગમાંથી એક બુક ચોરી લેવા માટે બહાર ખેંચી આસરે એક ઈંચ બાહાર
કહાડી ત્યાં ફરીઆદીનો હાથ અકસમાત તે પાકીટ ઉપર પડયો અને તેથી બુક પાકીટમાં
પાછી પડી ગઇ તેમા ઠરાવવામા આવ્યુ કે તહોમતદારે તે બુક ખસેડી માટે તે તહોમ
તદાર ગણાય આરય પરગટ ૩૮૨ એક કાગળ વેચનાવાળો સખસ એક કાગળની ચોરી
કરવાને ઈરાદે કાગળ વેચવાની કોથળીમાથી એક કાગળ પોતાના ડગલાના ખીસામાં મુકે
તો તેણે તે કાગળ ખસેડયો કહેવાય આરય. પ્ર ૩૮૨

૩૭૯ જે માણસ ચોરી કરે તેને તરણુ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ
ચોરીની શીક્ષા | રકારની કેદની અથવા દંડની અથવા એ બનેની [illegible]
[illegible]માં આવશે,

ટીકા.

૩૭૮, ૩૭૯, ૩૮૦. ૩૮૧ કલમો યા કલમ ૩૮૨. મુજબ કેઈ ગુનાના [illegible]
હેસઃ તહોમતને શરૂ પીનલકોડમા ઠરાવેલી શીક્ષને બદલે ગુનેગાર ફેટકાની સોક્ષાને [illegible]
યક છે બાઇજી વખતના ગુનને શારૂ ફટકા તથા ઠરાવેલી શીક્ષા બનેને લાયક છે સને
૧૮૬૪ નો આકટ ૬ કલમ ૨-૩ જે માલકતની ચોરી થઈ કહેવાતી હોય તે મીલકત તે

ના મૌલીક અથવા કબજેદારના કબજામાં જારી હોવી જોઇએ એટલા માટે જ્યાં એક બળદના મૌલીકે તેના બળદનું મુડદુ ડાટયા પછી કેદીઓએ તે ખોદી કાઢયું તીયા એમ ઠરાવવામાં આવ્યું કે એ ચોરી થઇ શકતી નથી કારણકે એ કહેલી ચોરીની વસતુમાં તેના માલીકે પોતાનું માલીકપણું તથા કબજો બીલકુલ છોડી દીધો હતો (મદરાસ હાઇ કોરટના ફેંસલા વાલીયમ ૪ અપેનડીક્ષ પાને ૩૦ જ્યા લીધેલી ચીજ કંઇ માલ વીના ની હોય તીયાં એમ કલમ ૯૫ મુજબ કંઈ ગુનો થતો નથી મુંબાઇ હાઈ કોરટ રીપોર ટસ કરમીનલ કેસીસ વા. ૧ પા ૩૫ પણ જ્યા એટલીજ વાત હોય કે એ મીલકતમાં કેદીએ કાંઈ હકનો દાવો કરયો હતો તે પાકો સબબ નથી "જો એ મીલકત એવી રીતે ફરીઆદીના કબજામાં હોય કે કેદીના સામા તેને કબજામા રાખવાનો હક હોય એટલે કે એ કેદી ફરીઆદીની રજામંદી શીવાય એ મીલકત લઈ શકે નહી એવુ હોય તીયારે જો કેદી એ મીલકત ખાઈ જવાના ઈરાદાથી તે બદદાનતથી કબજો કરી બેઠા હોય તો તે ચોરી થાય" રાણી વીરૂધ અમોઈ ચોથી મદરાસ સેસન શને ૧૮૬૨) અને વળી આ એથી પણ ઓછો બચાવ થઇ શકશે કે તહોમતવાળો એક ચીજની કીમત માગતો હતો કે જે ચીજ પાછળથી તીજા શખસને વેચી હતી અને તે પછી તીજા સખસના કબજામાં ગઈ હતી [રાણી વીરૂધ છેલન ચીફ જશટીસ શકાટલાંડ ચોથી મદરાસ સેસન ૧૮૬૨ અગર કેદીનુ તેનો પસે કઈ લહેણુ હતુ તેને પેટે લીધી હતી (રેવનીયુ શીવીલ એંડ ક્રીમીનલ રીપોરટ કેલકતા કરીમાનલ રૂલીંગ વા૦ ૧ પાનુ ૬૦ જે ગામના પોલીશ પટેલને અધીકાર મળાયો હોય તે સને ૧૮૬૭ ના આકટ ૮ કલમ ૧૫ મુજબ એ રૂપીઆના માલની ચોરી બદલ રૂ૫) દંડ અગર ૮૪ કલાક સુધી કેદની શજા કરી શકેછે. ચોરીનો ગુનો મુબઇમાં થયો હશે તો સને ૧૮૪૧ ના આકટ ૩ ની કલમ ૪—૫ મુજબ પોલીસ માજીસતરેટ સજા કરી શકેછે. જે ગામમાં માલ ગયો હશે તે ગામ લોક પાસેથી નુકશાન ભરી લેવા સરકયુલર નંબર ૪૩૭ તા૦ ૨ શપટેમબર સને ૧૮૫૦ પેલીસ ફારમ ૪૭ કીંવા ગુનેગાર પકડા આપ.ઓ નહી કે ચોર મા ગએલા માલની કીંમતના આધારે સને ૧૮૨૭ ના કાયદા બારની કલમ ૩૭ મુજબ દંડ કરી ફરીઆદીને અપાવો શકાય છે એ પરમાણે મુબઇમા થયુ હશે તો સને ૧૮૫૫ નો એકટ ૧૩ હરાજીમા ઝાડ રાખનારે હરાજી મંજુર થઇ રજા મળયા વગર ઝાડ કાપીયાં તે બદલ અકલકોટના સબ માજીગતરેટે ચોરી તથા બીગાડનુ તહોમત રાખી સજા કરી તે હાઈકોરટે બહાલ રાખી તા૦ ૨૭ મી જુન અને સને ૧૮૬૬ વા. ૧ ભગ ૨ પાને ૪૧૬. પીનલકોડ કલમ ૪૪૫ ના ખુલાસાથી ઓટલો ઘરની સાથે વળગેલોછે તેથી ઓટલા ઉપરની ચોરી ઘરની અંદરની ચોરી સમજવી. હાઇકોરટનો ફેસલો તા૦ ૨૬ અગસટ સને ૧૮૬૨ નંબર ૯૦૫.

એક સખસનો બળદ મરી જવાથી તેને દાટી આવ્યો તહોમતદાર તે ખોદી [illegible] વયો એવું જણાથી તેની ઊપર આ કલમ પરમાણે ચોરીનું તહોમત લાવવામાં [illegible] તેમા ઠરાવવામાં આવયું કે બળદનો માલીક તેનું મુડદુ દાટી આવયો તયારથી [illegible]

નો કબજો છોડયો ગણવો જોઇએ અને તેથી ચોરીનું તહોમત
હિ. રી. પ્ર. ૩૦ એક સખસ છાકટો થઇ રસતામાં પડયો હોય તેનાં કપડાં
ચોરી જશે એવી દયા ખાઈ તેનાં કપડાં વીગેરે કોઈ લઈ લે અને પછી ની
પછાં આપે તો તેણે ચોરી કરી ગણાય નહી. (મ. કે, અ. રી. પ્ર. ૧૬૮.

રહેવાના ઘરમથી ચોરી કરવી.

માતર કરાર તોડવો એ મુળ દગાબાજી ભરેલા ઈરાદાનો દીસતો પુરાવો નથી (રાણી વીરૂધ વલગા બાઈ મંગારા શેશન સન ૧૮૭૦ મુંબઈ હઈકારટ વા૦ ૯ પાને ૪૪૮ કોઇ મેગાલા અમલદારના ફલાણા જમાન પડતર છે એમ ખોટુ સમજાવી તેની પાસેથી એ જમાન લેવા એ ગુનોછે (મ. હા. રૂલાગ વા. ૬ પાને ૧૩) કોઈ આગગાડીમાં અગાર સાગમથાનમાં મરી પાશો ટીકીટછે એમ ખોટો ઢોંગ કરી દાખલ થવું એ પણ ગુનોછે પણ જો દાખલ થનાર શખશ કદી એ દાખલ થનાર એમ પેશી ગયો હોય

તે ઠગાઈનો ગુનોહ થેરો નહી (મુ. હા. રીપોર્ટ...

... આપેલાં ગોતામોંત પાનો ભોગ કરવાથી...

... ૯ મી અકટોબર સને ૧૮૬૭ વા. ૪ પાને ૧૬) રેલવેના...

...બીજા અથવા પહેલા કલાશમો બેસનારને આ કલમ મુજબ ઠગાઇનો...

...ને ૧૮૫૮ ના આકટ ૧૮ મુજબ ઈનશાફ થવો જોઇએ (મુ. હા. તા૦

... ૧૮૬૮ ના ૨ પાને ૧૬૦) કોઈ સખસ હુ પોલીશ આમલદારછુ એવુ

બતાડી કોઇ ગામડીઆ પાસેથી કંઈ પઇશા લેતો તેણે આ કલમ પરમાણે ઠગાઇનો

ને શરકારી નોકરનો વેશ લીધાનો ગુનો કરયો કેહેવાય કો. ઈ. ડા. પા૦ ૩૪૨. કોઈ

કીદાર કોઇ શખસને ફરેબ દઈ અથવા તેને દુખ દેવાની બીક દેખાડી અથવા કપટથી

શખસ પાશેથી કાંઇ નાણા લેતો તેણે આ કલમ પરમાણે ઠગાઇનો અને કલમ ૩૮૩

ને ૩૮૪ પરમાણે જબરદથી કઢાવવાનો ગુનો કરયો કહેવાય શરકારી નાણાનો ખદદાન

થી તેણે ખોટો ઉપયોગ કરયો એવુ તહોમત તેને લાગુ પડે નહી કો૦ ઈ૦ ડા૦ પાને ૩

એક દીવશે પઈશા લઇ બીજે દીવસે તે પઈશા કોઇને આપીયા વગર કપટથી કાંઈ સ

નાશી જાય તો એટલાજ ઉપરથી તેણે ઠગાઇનો ગુનોહ કરયો ગણાય નહી જુઠાણુ

સખ્સને ઠગાઈ કરવાનો અથવા ફરેબ દેવાનો તેનો ઇરાદો હતો એવુ સાબીત થવુ જોઇ

આ ઈરાદો સાબીત કરતી વખતે નાણાં લઇ ભાગી જવાની વરતણુક પુરવામાં

શકાય કો. ઇ ડા. પાને ૩૯૨. તારા બાપ ઉપનુ કરજ છે તે તુ આપ નહી તો તે

આવા આવા પરીણામ થશે એવી કાંઇ છોકરાને ફરેબ દેવામાં આવે તો તે ઠગાઇ

થી જે પરીણામ થવાનુ હોય તે કહેણુજ શહેરવાંને કહવુ હોય તો તે ઠગાઇછે પણ એમ

કેહેવામા કઈ ખરાબ ઇરાદો તહોમતદારનો ન જણાય તો તે ઠગાઇ નથી કોઈ ડા. પા

૩૪૨ કોઈ શખસ પોતાને ઘેર લગન છે નહી એવુ જાણ્યા છતા પોતાને ઘેર લગનછે

હુ પેરું કહી કેટલોક માલ બીજા શખશ પાશેથી ભાડે લઇ જાય પેરું ભાડું આપે પછી

ભાડુ અને એ માલ પાછળથી આપવાની લખેલી વાયદા ચોઠી લખી આપે પાછળથી

વુ જણાય કે એ મીલકત પોતાના એક દેવાની દાવામા જપતીમા લેવા તે શખશનો

રાદો હતો આથી તેણે ઠગાઇનો ગુનો કરયો કેહેવાય કો૦ ઈ૦ ડા૦ પા ૩૪૨ એક

શ પાશેથી તહોમતદારે પોતાને તા મુકેલા જવેરાત તેઓને પાછા આપે એવા હેત

લીધેલી રકમની એ. શરકારી પ્રોમેસરીનોટ લીધી પણ એ પ્રોમેસરીનોટ લઇ

મા જવેરાત પછા આપવા તેમનો ઇરાદો નહોતો અને તેથી એ નોટ એ સખસ પાસે

હોમતદારોનુ બીજુ લેણુ હતુ તે માટે રાખવા કહુ તેમા ઠરાવવામા આવ્યુ કે તેઓએ

ગાઇનો ગુનોહ કરયોછે કો ઇ, ડા. પા. ૩૪૨. ટીકીટ વગર પરદરશનમા છાનુ જવુ

આ કલમ પરમાણે ઠગાઇનો ગુનોહ નથી ૬ મુ. હા. રી. પાનુ ૬૮ (ફોજદારી) એક

કરી બગામણી છે એવુ કહી કોઇ શખશ કોઈ ફસેયી પઇશા લઈ પરણાવે અને પાછળ

ખરાબગણી નથી એમ ઠરે તો તેણે આ કલમ પરમાણેનો ગુનોહ કરયો કેહેવાય.

આ કલમ વીરૂધનો ગુનોહ મહેમાંહું ભાડીવાળી શકાય) પ. ૧૫૮. જે કામ કરવાનો કરાર કરયો હોય તે કરાર કરતી વખતે તહોમતદારનો ઇરાદો હતો એવું સાબીત કરવામાં આવે તો તે છે. ૮ મુંબાઈ. હા રી. ૫૩૯. ૪૪૮ જે મિલકત ઠગાઈકરીને મેળવેલી હોય તે કત ઠગાઈ કરેલા સખસની છે એવું આ કલમ પ્રમાણેના તહોમતમાં બતાવવું ૧ મ. હા. રી. ૫૨૯૮. ૩૧ એક મજુર કરેલી મજુરીના નાણા લેવા આવયો તથી આપનાર ધણીએ પુછયું કે કામ બરોબર કરયુછે. મજુરે હા કહી. એપરમાણે કામ પુરું કરયું નથી એવું તે શેઠ જાણતો હતો તેમ છતા એ મજુરને ફસાવવા માટે પુરેપુરાં નાણાં આપવાં અને પછી તેની ઉપર ઠગાઈનું તહેમત લાવયો તેમા ઠરાવવામા આવયું કે ઠગાઈનું તહોમત રહે નહીં. પુરૂં કામ કરયુ નથી એવું તે જાણતો હતો જેથી મજુરની લુચાઈથી ઠગાય તેવુ નહોતું. ૧૧ વી. રી. ૫૨૬૮. ૫૧ જે તારીખે મજુર લોકોનો પગાર ચુકાવી આપવામા આવે તે તારીખે તેઓનો પગાર લેણો નહોય તેમ છતા અધુરા કામનો પગાર કોઈ મુકાદમ લે. મજુરોને કરેલા કામના નાણા આપે અધુરા કામના પેતા પછી રાખે તો તેણે ઠગાઈને ગુનોહ કરયો કહેવાય. ૧૦વી. રી. ૫૨૬૮ ૨૮

જેનો લાભ જાળવવાનો જે સખસની ફરજ હોય તેને ગેરવાજબી હાનાગ સે એવું જાણીને તે સખસે ઠગાઇ કરવી.

૪૧૮. કોઈ સખસ ઠગાઈ કરે, અને તે એમ જાણતો હોય કે જે પરકરણમાં હું ઠગાઈ કરૂં છઉં તે પરકરણમા ફસાણા સખસનો લાભ જાળવવાની કાયદા પરમાણે અથવા કઇ કાયદેસર કરાર પરમાણે મારી ફરજ છે તે શખસને એ ઠગાઇથી ગેરવાજબી હાનીક મહારાથી થાય એવો સભવ છે. તો તે શખસને તરણ વરસની મુદત સુધીની બેમના ગમે તે પરકારનો કેદની અથવા દંડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે.

વેશ લઇને ઠગાઇ કરવાની શીક્ષા.

૪૧૯. જે માણસ વેશ લઇને ઠગાઈ કરે તેને ત્રણ વરસની મુદત મુધીની બેમાના ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.

ક ના નામનો સમન થવાથી કની જગે એ અ કોરટમાં હાજર થઈ સાક્ષી તે આ કલમ મુજબ વેશ લઈ ઠગાઈ કરવાનો ગુનોહ નથી, કલમ ૧૯૩ મુજબ થવી જોઇએ (હાઇકોરટનો ફેશલો તા૦ ૫ મી નવેંબર સન ૧૮૭૩). એક કરતાં વધારે ગુનાના તહોમત રાખીયા હોય અને તે એવા હોય કે એક ગુનો બીજો ગુનો કરયા શીવાય થઇ શકતો ન હોય તો પણ એક ગુનાનો ગુનેહગાર ગણવો ને બીજા ગુનાઓના તહોમતથી મુકત ગણવો એ વીયાજબી નથી. (મુંબાઈ હાઇકોરટ તા૦ ૨૦ મી જાનેવારી ૧૮૬૮ રી. પાનું. ૭૩) આ છોકરી અમુક અસતરીની છે એવું જાણવા છતા તે બીજી અસતરીની છોકરી છે. એવું કોઇ સખસ કહી કઇ કરતીય કરે તો તેણે આ કલમ આ પરમાણે વેસ લઇ ઠગાઇ કરી એમ સમજવું કો. ઈ. ડા. ૫ ૩૪૨ કોઇ ની

…ણુ ઠગાઈ કરવાનો ગુનહો કરયો કહેવાય કો. …

૪૨૦ કોઈ માણુસ ઠગાઈ કરે અને તેથી કરાને બદદયાન…

ઠગાઈ કરીને બદદયાનતથી કાંઈ મીલકત અપાવવી.

દઈ બેજો શખસ કઇ મીલકત … કાંઈ કીમતી દસતાવેજ અથવા … વસતુ જેનો કીમતી દસતાવેજ બની શકે તે આપી કે થોડી ઘણી … તેનો નાશ કરે તો તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાના ગમે … કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થસે,

દગાના ખતો તથા મીલકતની વ્યવસ્થા બાબત.

૪૨૧. જે માણુશ બદદયાનતથી કે દગલબાજીથી કાંઈ મીલકત ખશેડે, અથવા છુપા…

માગનારાઓમાં વેહેચણ થતી અટકાવાને માટે કાંઈ મીલકતનુ બદદાનતથી અથવા દગલબાજીથી ખશેડવુ અથવા છુપાવવુ

વે અથવા પુરેપુરી કીમત લીધા વીના કાંઈ શખશને … કે તેને નામે કરી આપે કે કરાવી આપે એવા ઈરાદાથી કે ત… મ કરાને પોતાના કે કોઈ બીજા શખશના માગનારાઓમા … મીલકત કાયદા મુજબ વેંચાતી અટકે અથવા તેમ કેરવાથી … વેંચાતી અટકશે એવો સંભવછે એમ જાણ્યા છતાં તો તે માણશને બે વરશની મુદત … ધીની બેમના ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીકશા કર… મા આવશે.

૪૨૨ પોતાનુ અથવા કોઈ બીજા સખસનુ કાંઈ લેહેણું કે માગણું હોય તે પોતાનુ…

કોઈનુ કંઈ લેહેણુ કે માગણુ હોય તે પોતાના માગનારાઓને મળતુ તે માણુસને બદદાનતથી અથવા દગલબાજીથી અટકાવવું.

અથવા તે શખશનુ કરજ અદા કરવામા કાયદા મુજબ કા… આવતું જે માણુશ બદદાનતથી અથવા દગલબાજીથી અ… કાવે તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે… પરકારની કેદનો અથવા દંડની અથવા એ બનેની શીકશા કર… વામા આવસે.

૪૨૩ જે ખત કે દશતાવેજ કાંઈ મીલકત અથવા તે માહેલો કંઈ હક કોઈ શખસ…

કોઈના નામની કાંઈ મીલકત કરી આપવાના જે ખતમાં કીંમતનો જીકર ખોટો લખીયો હોય એવા ખતપર બદદાનતથી કે દગલબાજીથી સહી કરવી.

ના નામપર કરી આપવાનો મતલબનો અથવા કંઈ મીલક… માથી કે તે માહેલા કાઇ હકમાંથી કંઈ રકમ અપાતી થા… એવી મતલબનો હોય અને જેમા તે નામ પર … અથવા તે રકમ અપાતી થવાની કીમત બાબત… સ અથવા સખસોનો ઊપયોગ અથવા લાભમાં… વા દસતાવેજનો અમલ થવાને ખરેખર ઈરાદો કરયો હોય તે શખશ અથવ… … કાઇ ખોટો જીગર લખેલો હોય એવા કોઈ ખત કે દશતાવેજ પર જે માણ… … અથવા દગલબાજીથી શહી કરે અથવા એવુ ખત કે દસતાવેજ લખી …

થ તે માણશને બે વરસની મુદત સુધીની બેમ'ના

ી અથવા એ બંનેની શીક્ષા કરવામા આવસે.

શખસની કાઈ મીલકત જે માણસ બદદાનતથી

ગલબાજીથી છુપવે કે ખસેડે અથવા તે છુપવવામા

માં જે માણશ બદદાનતથી અથવા દગલબાજીથી મ

અથવા કઈ મ ગણી કે લેહેણાપર પોતાનો હક હોય

દાનતથી કે દગલબાજીથી મુકી દે તે માણશને બે વરસની મુદત સુ

માંના ગમે તે પરંકારની કેદની અથવા દંડની અથવા એ બનેની શીકશા કર

શે.

ટીકા.

ભાગીદારોને દગો દેવાને કોઇ ભાગીદાર રહ્યા ખતાના ચોપડા છુપાવેનો તે આ કલમ મુજબ ગુનેગાર થઇ શકે (બં. લા રીપોટ વાલમ ૧૩ પાને ૨૦૮ કાઈ ભાગીદાર ભાગીદારની કાઈ મીલકત કપટથી લઈ જાય તો તેની ઊપર આ કલમ પરમાણે તહોમત લાવી શકાય ૧૩ બ૦ લા ર૦ પાને ૩૦૮ (નોટ)

ખીગાડ બાબત

૪૨૫ લોકોને અથવા કોઈ શખશને ગેરવાજબી હાની અથવા નુકશાની કરવાના ઇ બીગાડ । રાદાથી અથવા તેવી હાની કે નુકશાની કરવાથી થવાનો સભવ છે એમ જાણીને જે માણશ કઇ મીલકતનો નાશ કરે અથવા કઇ મીલકતમા કે તેને સ થીતીમા એવો કઇ ફેરફાર કરે કે તેથી તે મીલકતની કીમતનો અથવા ઉપીઓગી પણા નો નશ થાય અથવા તેની કીમત કે ઉપીઓગી પણુ ઓછુ થાય અથવા તેથી તે ઊપર નુકશાન ભરેલી અશર થાય તો તે માણસે 'બીગડો કરયો એમ સમજવું'.

ખુલાસો ૧ લો.-જે મીલકતને નુકશાન કરયુ હોય અથવા જેનો નાશ કરયો હોય તે મીલકતના ધણીને કઇ હાની અથવા નુકશાની કરવનો ઇરાદો તે ગુનોહ કરનારે કરયો જોઇએ એવુ કાઇ બીગાડના ગુનામા જરૂર નથી મગર મીલકતને નુકશાન કરીને કાઇપણ શખશને ગેરવાજબી હાની અથવા નુકશાની કરવાનો તેનો ઇરાદો હોય અથવા તેવી હાની કે નુકશાની પોતાથી થવાનો શંભવછે એમ તેના જાણીયામા હોય તો બસછે, પછી તે મીલકત તે સખસની હોય કે નહી તોપણ

ખુલાસો ૨ જો. પોતાનીજ અથવા પોતાની સાથે બીજા શખસોના રાસ ખાતાની

કરમે તે કામ કરનાર તે કમથી બગાડ કરી શકે.

દ્રષ્ટાંત.

કરવાના ઇરાદાથી જ નો એક કીમતી દસતાવેજ

એ બીગાડ કરયો એમ સમજવું'.

જ ને ગેર વાજબી હાની કરવાના ઇરાદાથી જ ની એક બરફની વ

ળતા અટકાવવાના તેમ કરીને ને નુકશાની કરવાના ઈરાદાથી બાળી નાખે તો અ એ બીગાડ કરયો એમ સમજવુ.

(ઈ) અ એ એક વહાણનો વીમો ઉતરાવયે છે હવે વીમાવાળાઓને નુકશાન કરવાના ઈરાદાથી અગર અ તે વાહાણને બુધીપુરવક ખરાબાપર ચડાવી દે તો તેણે બીગાડ કરયો એમ સમજવું.

(ફ) જ એ એક વેહપારી જોખમી નાખ્યા ધીરયા છે તેને નુકસાની કરવાના ઈરાદાથી અગર અ તે વહાણને ખરાબા ઊપર ચહડાવી દે તે. અ એ બાગાડ કરયો એમ સમજવું.

(ગ) એક ઘોડો અ તથા જ એ બનેની રાશ ખાનાની મીલકતછે ને ઘોડાંને અ ગોળી મારે એવા ઈરાદાથી કે તેમ કરીને બ ને ગેરવાજબી હાની કરવી તો અ એ બીગાડ કરયો એમ સમજવું.

(હ) અ જ ના ખેતરમાં કેટલાએક ઢોરને મોકલે એવા ઈરાદાથી સંભવ જાણીને કે તેથી જ ના પાકને નુકશાની થાય તો અ એ બીગાડ સમજવું.

ટીકા.

ઢોરના માલેકે પોતાના ખેતરની વાડ બધવામાં ગફલત કરવાના સબબથી એ ઢોર પાસેના ખેતરમાં પેશી જાય તો તે (હ) દરસટાંત પરમણેનો બગાડ નથી નુકશાન થશે એમ જાણ્યા છતા ઢોરને મોકલવાનુ કઇ કામ કરેલુ હેવુ જોઇએ બં૦ લાર ૬ એપેનડીક્ષ પાને ૨ મ. હા. કોરટ રૂલીંગ વા. ૬ પા. ૩૭) તેમ ઉજડ ૨ સરકારનો ફી ભરયા વગર ઢોર ચરાવવા એ પણ બીગાડ નથી (મ. હા. વા૦ ૫ પા૦ ૩૦) ઢેરના માલીક ઢોરોને ખેતરમા રખડતા મુકવાનજ માતર તો તે આ કલમ પરમાણે ગુનેગાર ઠરાવતા પહેલા ઢોરો એ પરમાણે મુકવાથી નુકશાન થસે એવુ જાણ્યા છતાં તેણે તે ઢોરો ખરેખર મુકયા એવુ સાબીત થવુ જોઈયે. ૬ બ૦ લા૦ રી૦ પાને ૩. ઝાડ કાપી લઇ જવામાં આવે તો બીગાડ અને ચોરી બેઉના તહોમત લાગી શકે ૨' મુ૦ હા૦ રી૦ પાને ૬૯૨ સરકારી જમીન જેણે ભાડે રાખી ઠરાવેલો દર આપીયા સીવાય કોઈ પેતાના ઢોર ચરાવે તો તેણે આ કલમ નો કરયો કહેવાય નહી. ૬ મ૦ હા૦ રી૦ એ૦ ૨૯. નદીમા ઈમારતી લાકડાં

કે પુલને હરકત કરવાનું કેટલાએક સખરી પર તહેમત આવ્યું તેમ
ના માલેકોને પણ ગુનેગાર ઠરાવવામાં આવ્યા જેવા ઠરાવવામાં આવ્યું
તેમણે કરેલું કામ ઈરાદો કીધા સદન હતું એવો પુરાવો નથી તેથી તેમનો ઉપર
કરી શકે નહી ૬ મ૦ હા૦ રી૦ પ્ર૦ ૪૦.

૪૨૬ જે માણસ બીગાડ કરે તેને તરણ મહીનાની મુદત શુદ્ધીની એમનાં બીગાડ કરવાની સીક્ષા | પરકારની કેદનો, અથવા દંડની અથવા એ બનેની કરવામાં આવસે.

ટીકા.

દશ રૂપીઆની અંદરની કીંમતના બે ઘેટાની ચોરી કરી મારી નાખવાની ને સારૂ કેદીનો આ કલમ મુજબ ઈનસાફ થઈ શકે (મ૦ સદર અથવા હા૦ ના ફોજદારી તા૦ ૯ મી મે સને ૧૮૫૩) યુરોપખંડમાં બરીટીશ રઈઅત ઉપર આ કલમ પરમાણેના તહોમતની શીક્ષા કુનપાવર માજીસતરેટે કરેલી તે ફેર ઠરાવ્યું કે કોમોનલ પ્રો૦ કા ડ કલમ ૨૭૧ પરમાણે ફરીઆદી ફરીઆદ કરવાને તૈયાર નહોય તો એ કામ હાઈકોરટમાં મોકલવું જોઈએ મુ૦ હા૦ તા૦ ૨૪ મારચ સને ૧૮૭૦ વ૦ ૭ પાને ૧) ઝાડના ડાળાં તોડી ચોરી લાવે તે લાવનાર ઉપર બગાડનું તહોમત રાખવા સરકારનો સરકયુલર નં.૩૦૨૧ તા૦ ૨૧ જુન સને ૧૮૫૮).

૪૨૭ જે માણસ બીગાડ કરે અને તેથી ૫૦ રૂપીઆની કે તેથી વધારેની હાની

બીગાડ કરીને ૫૦ રૂપીઆ નો નુકશાન કરવી.	અથવા નુકશાની કરે તે માણસને બે વરસની મુદત બેમાંના ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા

બનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.

ખેતરમાં ઢેર બાંધવાનું ભેંસાગું ભાજન રને આ કલમ મુજબ સજા કરવા તા૦ ૩૦ અકટોબર સન ૧૮૬૭ આપાં વીકુ વગેરેના કામમાં ઠરાવ કરેલ છે.

૪૨૮ દશ રૂપીઆની અથવા તેથી વધાર કીમતના કોઈ જાનવર અથવા

દશ રૂપીઆની કીમતનાં કોઈ જાનવરને મારી નાખીને અથવા લગડું લુલું કરીને બીગાડ કરવો.	મારી નાખીને અથવા જેહેર દઈને અથવા લંગડા લુલું કરીને જે માણસ બીગાડ કરે તેને બે વરસના મુદત સુધીમાંના ગમે તે પરકારના કેદની અથવા દંડની અથવા

બનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.

જ્યા સને ૧૮૬૭ ના આકટ ૭ની કલમ ૩૧ લાગુ થઈ હશે ત્યાં જાનવરને ચોરથી બડખશે તેને આ કલમ મુજબ શજા થશે ગામના મુખીને અવીકાર તે સને ૧૮૬૭ના આકટ ૮ ની કલમ ૧૬ મુજબ અમલ કરી શકશે જાનવરને નીરૂપયેગા કરવા વીશેસખેલુ. મારવા ઠારો નાખીયુ નથી તેથી વાદરાને ગોળી માર

રી નાખીયુ તેને આ કલમ મુજબ તહોમત
ઈ સને ૧૮૫૮ પા૦ ૧૩)

ઢોરો વગરેને અથવા ૫૦ રૂપીઆની કીમતના કંઈ જાનવરને મારી નાખ મે લંગડ લુલુ-રાને ખી ગાડ કરવે.

૪૨૯ કોઈ હાથી, ઊટ, ઘોડો ખચર, ભેંસ અથવા પડા ગોધા ગાય અથવા બળદ એ જાનવરની પછી ગમે તે કીમત હોય તો પણ તેને અથવા ૫૦ રૂપીઆની કે તેથી વધરે કીમતના કોઈ બીજા જાનવરને મારી નાખીને ઝેર દઈને અથવા લંગડુ લુલુ કરીને, થવા નકામુ કરને જે માણસ બીગાડ કરે તેને પાંચ વરસ મુદત સુધીના બેમાંના ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે.

ટીકા.

વ છડાનો "ગોધા ગય કે બળદમ" શમાવેશ થતો નથી અને ગોરવા માટે તેની કીમત પચાશ રૂપીઆ ન હોયતો તેનો નાશ કરવાને સરૂ કલમ ૪૨૬ કે ૪૨૮ મુ બ તેની કીંમત પરમાણે ઈનસાફ થવા જોઇએ (રાણી નીરૂધ કાલેપીઠ જડજ સર્કીટ ડ મદરાસ શેશન સને ૧૮૬૪).

પાણી શીંચવાના કામોને નુકશાન કરને અથવા ગેરવાજબી રીતે પાણીનો રસતો બદલી બીગાડ કરવો.

૪૩૦ ખેતીવાડીના કરણ સર અથવા માણસોના અથવા જે જાનવરો કે ઇની મીલ્કત હોય એવા જાનવરોના ખાવા પીવાના કારણસર અથવા રછતાના કારણસર અથવા કોઇ કારખાનાનુ કામ ચલાવવા કારણસર, પહોચતુ પાણી જેથી એછુ થાય અથવા જે તે એછુ થવાનો સભવ પેતાને મલમ હોય તેવુ કંઇ કામ કરને જે માણસ બીગાડ કરે તે માણસને પાચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે.

ટીકા.

જ્યાં એક સખશે પોતાની જમીન ઉપરનો એક પાણી જવાનો રસતો જેમથી ફરીઆદીની જમીનને પાણી પહોચતુ હતુ તે રગનો પુરી નાખી જમીન બરોબર કરી તેના ઉપર ખેડાણ કરયુ તથા એવો ઠરાવ કરવામાં આવયે કે જો પ્રતીવાદીને આમ માલમ હતુ કે એ પાણી ઉપર વાદીનો હક હતો અને આવા કામથી તેના હકને હરકત થશે તે આ કામ કલમ ૪૨૫ મુજબ બીગાડ છે. (રેવનીયુ શીવીલ એંડ ક્રીમીનલ રીપોર્ટ (કલકતા) ક્રીમીનલ રૂલીંગ વા૦ ૨ પાને ૪૦ બીજી રીતે મદરાસમા એમ ઠરાવ થયે છે કે જે શખ્શ આ કામ મુજબ ગુનો કરે તેના ઉપર આ કલમ મુજબ તહોમત રાખવુ જોઈએ અને સમાનીય કલમ ૪૨૬ મુજબ તહોમત રાખવુ ન જોઇએ (મ૦ હાઈકોરટ રૂલીંગ તા૦ ૧૧ મી અંગશટ શને ૧૮૭૧ મદરાસ જયુર સડીકશન વા૦ ૬ પા૦ ૪૫૨) આ કલમ પરમાણેનો ગુનોહ તહોમતદારે માતર પાણી તેની મેળે વગર ખપનુ જવા દીધુ હોય તે મંજુ બનતો નથી કેવળુ કરત કંઈ પણ હક વીના કરયુ હોય એટલી હકીકત આ ગુનાહમાં પુરતી છે. ઈ. લા. રી. (મદ્રા) ભાગ ૧ પાને ૨૬૯.

રીયામ રસનો પ્રવાહ નદીકિગમય ડી અથવા ન

કોઈ સરીયામ રસતાને પુલને અથવા નદ નેનૂગ ન કરીને બીગાડ કરવે. | તે કરવામાં હોય કે અકરમી ન તે થવા મુશ્કેલ કરવાને કે માલ લઈ જવાને ઓછો ભરેલો થાય અથવા જેથી તે તેવા થવાનો સંભવ જાણવામાં હોય તેવું કઈ કામ કરને જે માણુસ બીગાડ કરે, તે માણસને વરશની મુદત સુધીની બેમાંના ગમેતે પ્રકારના કેદન. અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં અવશે.

૪૩૨ જેથી કોઈ સરકારી ગટરમાંથી પાણી રેલાઇ જાય, અથવા તે ગટર પૂરાઇ

નુકશાની થાય તેવી રીતે કોઈ સરકારી ગટરને રેલાવીને અથવા બંધ કરીને બીગાડ કરવો. | થઇ જાય અને તેથી નુકશાન કે હાની પણ થાય' અથવા જેવી તેમ થવાનો સંભવ પોતના જાણુમાં હોય એવું કઈ કામ કરીને જે માણસ બીગાડ કરે તે માણસને પાંચ વરસની મુદત સુધીની બેમાંના ગમેતે પરકારની કેદની અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા

આ કલમ મુજબ ગુનેહ ઠરાવ્યું હોય તે કામ કરતી વખતેજ ... કરવા માટે જવા એક નદીના આગાર એક ડક બધો અને ... નો માલકતનો નશ થયો નહી અથવા માલકતમાં અગર તેની સથીતમાં ... ફેરફાર થયો નહી કે જેથી તેની કીમત અથવા ઉપયોગનો નાશ થયો નહી કે ઓ... થયો નહીં કે તેના ઊપર નુકશાન ભરેલો ર તે અસર થઈ નહીં, તોપણ એ સબબ ... મ ... મુજબ શીક્ષા લાયક નથી એમ ઠરાવ્યું જો કે માજીસતરેટને ખરી વાત ... કે એમ માલુમ પડ્યું કે એ ડકાથી પાસેના ગામડાઓના રેલ અટકવાનો સંભવછે. (... સ હાઈ કોરટના ફેસલા વા૦ ૪ આપેનડીક્ષ પા ૧૫.)

૪૩૩ કઈ દાંડીનો દીવો અથવા બીજી રોસની દરીઆની નીશાની દાખલ કરવામાં

કોઈ દાંડીનો દીવો અથવા દરીઆના નીશાની ઉપરને નો નાશ કરનો તેને ખસેડીને અથવા એ છાં ઉપયોગી કરીને અથવા ખોટી નીશાની બતાવીને બીગાડ કરવો. | આવેલો હોય, અથવા કઈ દરીઆની નીશાની અથવા બોયુ અથવા વાહાણ ચલાવનારાને ગુમાં દાખલ મુકેલી બીજી કઈ વસ્તુ હો તેનો નાશ કરીને અથવા તેને ખસેડીને અથવા જેથી તે દાંડીનો દીવો દરીઆની નીશાની એવું અથવા ઉપર લખેલા પરકારની બીજી નીશાની વાહાણ ચલાવનારાને સુચના દાખલ ઓછી ઉપયોગી થઇ પડે એવું કઈ કામ કરીને જે માણસ બગાડ કરે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.

* સન ૧૮૫૫ના આક્ટ ૨૨ ની કલમ ૧૧—૧૦—૨૨છે.

[redacted] અથવા તેને [redacted]
[redacted]જમીનની નીશાની દાખલ ઓછી [redacted]
[redacted]ઈ કામ કરીને જે માણુસ બીગાડ કરે [redacted]
[redacted]વરસની મુદત સુધીની ગમેતે પરકારની કેદન[redacted]
[redacted] કરવામા આવશે

ટીકા.

જમીનનો ખેડુત હદ વીગેરે હાંકના બીગાડ કરે તો તેને મુંબ સને ૧૮૬૪નાં ૩[redacted] આકટ ઉપર સરકારના નં. ૪૨૩૫ તા૦ ૨૭મા અકટોબર સને ૧૮૪૦થી રેવનીયુ અ[redacted] બહાર મામલતદાર, મહાલકરી પેહેલા કારકુનને અધીકાર છે.

૪૩૫ જો કોઈ માણુસ અગનીથી અથવા અવાજ સાથે ફુટે એવા કાંઈ પદારથ[redacted]

૧૦૦ રૂપીઆની નુકશાની કરવાના ઈરાદાથી અગની વડે અથવા અવાજ સાથે ફુટે એવા પદારથ વડે બગાડ કરવો.

બીગાડ કરે અને તેથી કાંઈ માલકતને સો અથવા વધા[redacted] રૂપીઆના અથવા (જ્યારે માલકત ખેતરમા ઊતપન થએલો માલ હોય ત્યારે) દશ અથવા વધારે રૂપીઆની નુકશાની કર[redacted] નો તેનો ઈરાદો હોય અથવા તેથી તેટલી નુકશાની થાય એવો સંભવ છે એમ તે જાણુ[redacted] હોય તો તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાના ગમેતે પરકારની કેદની શીક્ષા[redacted] કરવામા આવશે અને વળી તે પણ દંડને લાયક થશે.

૪૩૬ જો કોઈ માણુસ અગનીથી અથવા અવાજ સાથે ફુટે એવા કંઈ પદારથથી

કંઈ ઘર વગેરેનો નાશ કરવાના ઈરાદાથી અગનીવડે અથવા અવાજ સાથે ફુટે એવા પદારથ વડે બાગડ કરવો.

બીગાડ કરે અને તેથી જે ઈમારત ઘણું કરને પુજાના ઠેકાણું દાખલ અથવા માણુસના રેહેવાના ઠેકાણા દાખલ અથવા માલ ભરવાના ઠેકાણા દાખલ વપરાતી હોય એવા કોઈ [redacted] મારતનો નાશ કરવો એવો તેનો ઈરાદો અથવા તેથી તે[redacted] નાશ થશે. એવો સંભવ છે એમ તે જાણતો હોય તો તે માણસને જનમ સુધી[redacted] દેશપારનો અથવા દસ વરસની મુદત સુધીની બેમાંના ગમેતે પરકારની [redacted] આવશે અને વળી તે દંડને પણ લાયક છે.

ટીકા.

ખેતરમાં ઢોરને બાંધવાના ગોઠાણમા આજ સુધી ખેતરનો માલ લે[redacted] રવાના તે હોમનમા તે રેહેવાના ઘર માફક છે તેથી બીજા કલાસના સબ માજીસતરેટ ને અધીકાર નથી માટે શીક્ષા રદ કરી. (મુંબાઈ હાઈકોરટ તારીખ ૩૦ મી આક્ટોબર સને ૧૮૬૭) કોઈ ઈમારતને નુકશાન કરવામા આવ્યું તે આ કલમ પ્રમાણેના તહોમતમા બતાવવું જોઈએ ૮ બા. રી. પ્ર. ૩૦ જે ઈમારતને નુકશાન કરવામા આ[redacted] વ્યું હોય તે ઈમારત પુરી થએલી હોવી જોઈએ એવો કાંઈ જરૂર નથી તેનો કંઈ ભા[redacted] ગ ઉભો થયો હોય અને તેને નુકશાન કરવામા આવ્યું હોયતો આ કલમ પ્રમાણે તહોમ[redacted] આવે ૭ મ. જુ. પ્ર. ૨૭૦.

[illegible] વાહાણને અથવા વીસ ટનના ભારનાવા[illegible] નાશ કરવાનઈ[illegible] અથવા તે વાહા[illegible] જોખમ ભરેલુ કર[illegible] ઇરાદાથી બીગાડ ક[illegible] દંડને પણ લાયક

૪૩૭. કાઇ તુતકવાળા વાહાણને અથવા વીસ ટનનાં કે તેથી વધારે ભારનાં વાહાણને જો કાઇ માણસ બીગાડ કરે. અને તેથી તે વાહાણનો નાશ કરવાનો અથવા તેને જોખમ ભરેલુ કરવાનો તે માણસનો ઇરાદો હોય અથવા તેથી તે વાહાણનો નાશ થશે અથવા તે જોખમ ભરેલુ થશે એવો સંભવ છે એમ તે જાણતો હોય તો તે માણસને દસ વરસની મુદત સુધીની બેમાના ગમેતે પરકારની કેદનીશીક્ષા કરવામા આવશે અને દંડને પણ લાયક થશે.

છલી કલમમાં બયાન કરેલો બીગાડ અગની વડે અથવા અવાજ સથે ફુટે એવા કઇ પદારથ વડે કરવાની શીક્ષા.

૪૩૮. ઉપલી કલમમાં જે બીગાડનુ બયાન કરયું છે એવો બીગાડ જે માણસ અગની વડે કે અવાજ સાથે ફુટે એવા કઈ પદારથ વડે કરે અથવા કરવાની કોશીશ કરે. તે માણસને જીવતાં સુધી દેશપારની અથવા દસ વરસની મુદત સુધીની બેમાંના ગમેતે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે

ચોરી વગેરે કરવાના ઇરાદાથી વાહાણને જમીન પર કે કીનારા પર ચઢાવી દેવું તેની શીક્ષા.

૪૩૯. કોઇ વાહાણમાં જે કઈ માલ હોય તે માલની ચોરી કરવાના ઇરાદાથી અથવા તે માલનો બદદાનતથી ખોટો ઉપયોગ કરવાના ઇરાદાથી અથવા તે માલની ચોરી કે ખોટો ઉપયોગ કરવામાં આવે એવા ઇરાદાથી જે માણસ જાણી જોઇને તે વહાણને જમીન પર અથવા કેનારા પર ચહડવા દે, તે માણસને દસ વરસની મુદત સુધીની બેમના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

મોત અથવા વ્યથા કરવાની તઇયારી કરીને બગાડ કરવો.

૪૪૦. કોઇ સખસનુ મોત આણવાની અથવા કોઇને વ્યથા કરવાની કે ગેરવ્યાજબી અટકાવ કરવાની અથવા મોતની વ્યથાનો કે ગેરવ્યાજબી અટકાવનો ભય ઊતપન કરવાની, તઇયારી કરીને જે માણસ બીગાડ કરે, તે માણસને પાંચ વરસની મુદત સુધીની બેમના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે.

આપરાધ પ્રવેશ બાબત.

સાપરાધ પ્રવેશ.

૪૪૧. જે સખસના કબજામા કાઈ મીલકત હોય તે સખસને ધમકી દેવાના, તેનો તીરસકાર કરવાના, અથવા તેને દુ:ખ આપવાના ઇરાદાથી અથવા કઈ ગુનો કરવાના ઇરાદાથી, તે મીલકત મધે અથવા તે ઊપર જે માણસ પરવેશ કરે, અથવા તે મીલકત મધે કે તે ઉપર કાયદા મુજબ પરવેશ કરયા પછી તેહેવા કોઈ સખસને ધમકી દેવાના, તેનો તીરસકાર કરવાના, અથવા તેને દુખ આપવાના ઇરાદાથી અથવા કાંઈ ગુનો કરવાના ઇરાદાથી જે માણસ કાયદા વીરૂધ તયાં રહે તે માણસે સાપરાધ પરવેશ કરયો એમ સમજવું.

ટીકા.

ાયદા વીરૂધ છે અને જે કામ ગુનો છે તે વચ્ચે ભેદ છે એ
દીવાની કયદો અટકવશે અથવા જે કામને સારૂં દીવાની કાયદો શીક્ષા કરશ.
કામ કરવાના ઈરાદાથી જમીન પર પરવેશ કરવાથી સાપરાધ પરવેશ થતો નથી.
ો પરવાનગી વગર સરકારી પડતર જમીન ખેડવી (મદરાશ જયુરીષ વા. ૪ પાનું
૦૫) અથવા જે જમીન ઉપરથી જે શખસને કેઈ દીવાની કોરટના હુકમથી કાઢી મુક્યો
ય ને જમીન ઉપર ફરીથી પરવેશ કરવો. (મુંબાઈ કરાણિનકશોશ વા. ૬ પા૦ ૬) એ
ધા કામો કંઈ વધારે ઈરાદનો પુરાવો મળયા શીવાય કલમ ૪૧૧ મુજબ શીક્ષા લા
નથી હુકમનામું બજાવવામાં જપત કરવાને કોરટના કારકુનની સાથે દેણદારની મોલ
ખતાવવાને વાદીને જવાનો હક છે તેથી આ કલમ પરમાણે ગુનો થતો નથી જયા
ો કરવાના ઈરાદાથી કે ધમકી કે તીરસકાર કરવાના ઈરાદાથી કેઈ મલ બીજાનાં ક
માંથી લેવા જાય તોજ ગુનો થાયછે (મુ.હા. તા૦ ૭ મી ફેબરૂઆરી સન ૧૮૬૧).
પરાધ પરવેશ જમીન ઉપર કરેલો બીગાડ અને રાતરે ઘર ફોડવું એ તરણે ગુનાઓ એ
ભાગછે જેમકે જમીન ઉપર ગયા વગર બીગાડ થઈ શકતો નથ (કલકતા વા. ૮ તા૦ ૧
અકટોબર સન ૧૮૬૭) નીવેડો તા૦૨૧ જુલાઈ સન૧૮૬૭ કેદી બાપુસીંગ વગેરેનાકામમ
એક એકઠા રેહેવાવાળા હીદુના ઘરમા કુટ બનો કેઈ માણુસ પેસે તો તેણે પરવેશનો
નહો કરયો એમ કહેવાય નહીં તેમ કેઈ પારકો સખસ એવા કુટુંબિના રજા અને પર
નગીથી પેસે તો તે પણ ગુનહો નથી ૬ બે. લા. રી. પરૂ૨ ૮૦ આ કલમ પરમા
નો ગુનહો બનના માટે જે શખસનો ખરેખરો કબજો હોય તેને ધમકી દેવાને, તેને
તીરશકાર કરવાના, અથવા તેને દુઃખ આપવાના ઈરાદાથી તહોમતદારે તે પરવેશ કરે
હોવો જોઈએ. ઘરન માલેકનો કબજો ખરેખરો ન હોય તો આ ગુનો બનતો નથી
બેં લા. રી. પ્ર ૬૨ આ કલમ પરમણેનો ગુનહો તહોમતદાર કઈ ગુનહો કરવા
રાદે પેઠેલો હોવો જેઈએ. અથવા કોઈ સખસને ધમકી આપવાને, તીરસકાર કરવા
વા દુઃખ આપવાને ઈરાદે પેઠલો હોવો જોઈએ. તેમ સબીત થયા સુધી ગુનહો બ
તીધરપુરૂ ઈ. ૯ બેં. લા. રી પ્ર. ૧૯ ૨ ઈં. લા. રી. (અલાહબાદ)
ની જમીન ઉપર જઈ કબજાવાળા શખસને તીરસકાર કરવાન
મારત બધે તે તેણે આ ગુનહો કરયો ગણાય. કો ઈ. ડા. પ્ર ૩૮૧
ઈમારત બાંધતા જાહેર રસતાની કઈ જમીન દબાયતો તે દબાવનાર ઉપર આ કલ
નું તહોમત લગે નહી. કો. ઈ. ડા. પ્ર. ૩૪૧. બેટું ૧૨૮ લઈ ઘરમાં પેસી કેઈ પ
લીસ અમલદારે કોઈને પકડે તો તેની ઉપર આ કલમ પરમણે પરવેશનું પણ તહોમત
આવે. કો. ઈ. ડા. પ્ર. ૩૮૬ બેટું ૧૨૮ લઈ ઘરમા પેસી કોઈ પોલીસ અમલદાર
ઈને પકડે તો તેની ઉપર આ કલમ પરમાણે પરવેશનું પણ તહોમત
ડા. પ્ર. ૩૮૬ કેઈ બાજવાની જગયા કેઈ શખસ ખેડી નાખે અને તે

નો હકદાર ગોહેલો એ ખેડનાર શખસ એક ન હોય તો તેની ઉપર આ કલમ... ણે તુહોમત આવે. ૬ મ. હા. રી. એ. ૨૫.

૪૨. કઈ ઇમારત. તંબુ, અથવા વાહાણુ, જે માણુસને રેહેવાનાં ઠેકાણા... ગ્રહપ્રવેશ. | વપરાતુ હોય તેમાં અથવા કાંઈ ઈમારત, પુજા સથાન અથવા માલ રાખવાના ઠેકાણા દાખલ વપર તી હોય તેમા પેસ.ને અથવા તે મધે રહીને જે માણુસ સપરાધ પરવેશ કરે, તેને ગરહ 'પરવેશ કરવો" એમ સમજવું.

ખુલાસો.—પેશવામાં તે સાપરાધ પરવેશ કરનારના શરીરના કંઈ પણ ભાગનો પરવેશ થયો, તો ગરહ પરવેશ થવામા તેટલો પરવગ બશ છે.

ટીકા.

કેદની મુદત પુરી થતા તેની પાસેથી સારી ચાલના જામીન લેવા હાજર કરવો એવો જીલ્લા માજીસતરેટે હુકમ કરયો છે તેમ કરવા અધીકાર નથી કેદમાંથી કેદી છુટે તે વખતે તેનો જામીન લેવાનો જરૂરજ હોય તો કલમ ૨૯૬ મુજબ પરથમની જરૂરી તજવીજ કરવી જોઈએ (મુંબઈ વા. ૩ પનું ૩૮ તા૦ ૨૭ મો જાનેવારી સન ૧૮૩૭.) જ્યા મકાનોમાં ખરીદ્દારો બેસતા હતા પણ ગુનો કરતી વખતે અને પેહેલાં પેહેલા તે ખલી હતા તીયાં એમ ઠરાવવામાં આવીયું હતું કે તેએ માણુસના રેહેવાના ઠેકાણા તરીકે બરોબર હોતે ગણાતાં હતા (રાણી વીરૂધ અપોથી ચીફજસ્ટીસ સ્કોટલંડ તા૦ ૪ થી મદ્રાસ રીપોર્ટ સન ૧૮૬૨.) એક ઝાવલીનું દાણા ભરવાનું ખરદાન ઉપરથી બે બાજુ અને પછવાડેના વાડામા મુકેલું હતું તે આ કલમના અરથ મુજબ મીલકત રાખવાનું ઠેકાણું નથી એમ ઠરાવીયું હતું એટલા માટે તે ઘર ફોડવાનો ગુનો થઈ શકે નહી પણ ખરેખર એ ગુનો માલ ભરેલું બંધ કરેલું ખારદાન બદદાનતથી ઉઘાડવાનો ગુનો આ કલમ મુજબ થયો (કલમ ૪૫૭ ઉપર મદ્રાસ હાઈકોરટના ફેસલા સન ૧૮૬૭) કેઈ શખસ છીનાળું કરવાને ઇરાદે કોઈના ઘરમા પેસે તો તેણે આ કલમ પરમાણે ગરહ પરવેશ કરયો એમ કહેવાય, જો કોઇ કુવારી ઓરત સ.દ. આડો વહેવાર ચલાવવા તેનો ઇરાદો હોય તો. ૮ મ. હા. રી. એ. ૨૫.

૪૪૩. કોઈ માણુસ ઘર પરવેશ કરે. અને આગળથી તેણે તદબીર કરી હે ગુપત ઘરપરવેશ. | કે જે ઇમારત. તંબુ, અથવા વહાણુ તે પરવેશનું સ્થાન હોય તે મધ્યે તે પરવેશકરનારને જતો બંધ કરવાને અથવા તે મધ્યેથી તે બહાર કહાડી મુકવાનો જેનો હક હોય એવા કોઈ શખસથી તે ગરહપરવેશ છાનો રેહે તો તે માણુસે "ગુપત ઘરપરવેશ" કરયો એમ સમજવું.

ટીકા.

જે શખસ કલમ ૪૪૩ અને ૪૪૫ મા બીયાન કરેલા ગુનાઓમાંનો ફટકા શીક્ષા લાયક ગુનેહો કરે (સન ૧૮૬૮ ના આકટ ૬ કલમ ૨) તેને એકલી ફટકાની શીક્ષા થઈ શકે અને બીજી વાર તેવાને તેના ગુનાહને સારૂ ફટકાની ને ઠરાવેલી શીક્

અને થઈ શકે પણ કલમ ૪ મુજબ ફટકાને લાયક કરેલો ગુનો ફરીથી કરેલાં
. ૪૪૩—૪૪૬ તોડવાને સારૂં ઠરાવેલી શીક્ષા અને ફટકાની શીક્ષા પને થઈ શકશે (
૧૮૬૪ આકટ ૬ કલમ ૪)

૪૪૪ સુરયનો અસ્ત થયા પછી તથા સુરીયનો ઉદય થતાં પેહેલાં જે માણુસ ગુ-
રાતે ગુપત ગરહપરવેશ. | પત ગરહપરવેશ કરે "તેણે રાતે ગુપત ગરહપરવેશ કરયો"
એમ સમજવું.

૪૪૫. કોઈ સખસ ગરહપરવેશ કરે, તે અગર તે ઘર મધ્યે અથવા તેના કોઈ
ઘર ફોડવું. ભાગ મધ્યે પોતાનો પરવેશ નીચે બયાન કરેલા છ પરકારોમ
કોઈ પણ પરકારે; અથવા તયંહા કાંઇ ગુનોહ કરવાના કારણસર તે ઘર મધે અ
તેના કોઈ પણ ભાગ મધે ગયા પછી. અથવા તે મધે કાઇ ગુનોહ કરી રહયા પછી,
અર તે શખસે તે ઘર મધેથી અથવા તેના કોઈ પણ ભાગ મધેથી તે છ પરકારોમ
કોઇ પણ પરકારે બાહાર નીકળે, તો તે શખસે "ઘર ફોડવાનો ગુનોહ" કરયો એમ
મજવું પરકારોની વીગતઃ—

પેહેલો—તે ગરહ પરવેશ કરવા સારૂ પોતેજ જે રસતો કરયો હોય અથવા તે
હપરવેશ મધે મદદગારી કરનારા કોઇ માણુસે જે રસતો કરયો હોય એવે કોઇ રસતે
ઇને અગર તે માહે પેશે અગર બાહાર નીકળેતો.

બીજો—પોતે અથવા તે ગુનામાં મદદગારી કરનાર કોઈ માણુસ એ શીવાય
ના કોઈ સખસને માણુસને પેસવા માટે કરયો નહી હોય એવે કોઇ રસતે થઈને અ
તે માહે પેશે અગર બાહાર નીકળે અથવા કોઈ ભીંત અથવા ઇમારતપર સીડીથી અ
વા બીજી રીતે ચડી જઈને જે રસતો હાથ લાગે એવે કોઇ રસતે થઈને અગર તે મ
પેશે અથવા બાહાર નીકળે તો.

તરીજો—ગરહ પરવેશ કરવા માટે તે ઘર મધે રેહેનારા માણુશે જે સાધન વડે
કોઈ રસતો ઉઘાડવાનો ઇરાદો રાખીઓ નહી હોય એવા કાંઇ સધન વડે પોતે અથવા
ગરહપરવેશમાં મદદગારી કરનારા કોઈ શખશે જે રસતો ઉઘાડયો હોય એવે કોઈ રસતે
થઇને અગર તે માહે પેસે અથવા બાહાર નીકળે તો.

ચોથો—તે ગરહ પરવેશ કરવા માટે અથવા કાંઈ ગરહપરવેશ કરયા પછી તે ઘરમાં
થી બાહાર નીકળવા માટે અગર તે કાંઈ કળ ઉઘાડીને માહી જાય અથવા બાહાર
નીકળે. તો,

પાંચમો—સાપરાધ બળ વાપરીને અથવા હુમલો કરીને અથવા કોઇ સખસને
લાનો ડર દેખાડીને અગર તે માહે જાય અથવા બાહાર નીકળે તો.

છઠો—જે રસતેથી કોઈ એ પરમાણે આવે જાય નહી એટલા માટે તે બંધ કરે
છે એમ તે જાણતો હોય તથા જે રસતાને પોતેજ અથવા તે ગરહપરવેસમા મદદગારી
કરનાર કોઈ શખશે ઉઘાડેલો છે એમ તે જાણતો હોય એવે કોઇ રસતે થઇને અગર
માહે જાય અથવા બાહાર નીકળેતો,

ખુલાશો. કોઇ ઉપગરહ અથવા ઈમારત કોઇ ઘરની સાથેજ ઉપભોગમાં આવ તી હોય અને તે ઉપગરહ તથા ઘર એઓની વચ્ચે બીજે કયા ત જતા એકમાંથી બી જામાં જવાનો રસતો હોય તો તે ઉપગરહને તે ઘરનો આ કલમના અરથ પરમાણેના ભાગ સમજવો.

દ્રષ્ટાંત.

(અ) જ નાં ઘરની ભીંતમાં એક ખાતર પાડીને તે બાંકા મધે પોતનો હાથ ઘાલીને અગર અ ગરહપરવેશ કરે તો તે ઘર ફોડવાનો ગુનોહ સમજવો.

(બ) અગર કોઈ વહાણના બે તુતકાની વચ્ચેની એક બારીમ થી ઘુસીને અ ગરહપ રવેશ કરે તો તે ઘર ફોડવનો ગુનોહ સમજવો.

(ક) અગર એક બારીમાંથી જ ના ઘરમાં પેશીને અ ગરહપરવેશ કરે તો તે ઘ ર ફેડવાનો ગુનોહ સમજવો.

(ડ) અગર કોઇ દરવાજો બંધ કરેલો હોય તે ઊઘાડીને જ ના ઘરના દરવાજામાં થી જ ના ઘરમા પેશીને અ ગરહપરવેસ કરે તો તે ઘર ફોડવાનો ગુનો સમજવો.

(ઇ) એક દરવાજા મધે કાણું છે તે કાણા મધે એક તાર ઘાલીને તે દરવાજાની આગલી ઊઘાડી નાખીને અગર તે દરવાજામાંથી જ ના ઘરમાં પેશીને અ ગરહપરવેસ કરે તો તે ઘર ફેડવાનો ગુનો સમજવો.

(ફ) જ થી પોતાના ઘરના દરવાજાની કુંચી ખોવાઈ ગઇછે તે અગર અને જડે અને તે કુંચી વડે દરવાજો ઉઘાડીને જ ના ઘરમા પેશીને અ ગરહપરવેશ કરે તો તે ઘર ફેડવાનો ગુનોહ સમજવો.

(ગ) જ પોતાના દરવાજામાં ઊભો છે તેને નીચે પાડી નાખીને જબર દસ્તી અ ર સનો કરે અને ઘરમા પેશીને ગરપરવેશ કરે તો તે ઘર ફેડવાનો ગુનેહ સમજવો.

(હ) જ ય નો દરવાન છે તે ય ના દરવાજામાં ઊભોછે તેને મારવાનો ડર દેખા ડીને સ નો થતો અટકાવીને અગર અ તે ઘરમાં પેસીને ઘરહપરવેશ કરે તો તે ગર ફો ડવાનો ગુનોહ સમજવો.

ટીકા.

ઘરની અંદર ગરપરવેશ થવો જરૂરછે છાપરા ઉપર પરવેશ થવો બસ નથી (મ. હા રૂલીંગ તા૦ ૧૭ માર્ચ સને ૧૮૬૬) ઝાડ કાપીને અંદર પોંચવું એ આ કલમ પ્ર માણેનો પરવેશ છે કો૦ ઈ૦ ડા. પાને ૩૪૫ આ કલમમાં જે સરનો બતાવીછે તેથી સર તે થી નહી પણ વગર કપટે તે પરવેશ કરેલો હોય તો તે આ કલમ પરમાણે ગુનોહ ન થી કો૦ ઈ૦ ડા૦ પાને ૪૬૬

૪૫૬ જે માણસ સુરજનો અસ્ત થયા પછી તથા સુરજનો ઉદય થવાં પહેલાં રાતે ઘર ફોડવું । ઘર ફેડવાનો ગુનોહ કરે તેજ રાતે ઘર ફેડવાનો ગુનોહ ક રેલો એમ સમજવું.

ટીકા.

૨ તની વખતે ઘર ફેડવું ને તે ગધેથી ચેરી કરવી એ એકજ ગુનોછે માટે જુ. દી જુદી શીક્ષા કરવી નહી (મુંબાઈ હાઇકોરટ તા૦ ૪—૧૭ નવેંબર સને ૧૮૬૩ નં. ૧૪૦૪ વા૦ ૧ પાને ૮૭

૪૪૭ જે માણુસ સાપરાધ પરવેશ કરે તેને તરણ મહીનાને મુદત શુધીની બેમાંના સાપરાધ પરવેશની સીક્શા | ગમે તે પરકરનો કેદની અથવા પાચસે રૂપીઆ શુધીના દંડ ની અથવા એ બનેની સીક્ષા કરવામાં આવશે.

ટીકા.

એક કલેકટરે કેઈ ગામડાની ઉજડ જમીન નહી ખેડવાને એક શખસને હુકમ કરયો હતો તે નહી માનતા તે જમીન ઊપર તે ગયો તેથી તેને આ કલમ પરમાણે સજા થઇ તે હાઇકોરટે મંજુર રાખીછે ક્રા૦ પ્રો૦ ડા૦ પાને ૩૩૬ જાહેર નદીનો એક ભાગ કોઈ એ માંછલા પકડવા સારૂ ઘણા દીવસથી રાખીઓ હોય તેના હકમા ભંગ કરવો એ આ કલમ પરમાણે પરવેશનો ગુનો નથી ૨ ઈ૦ લા૦ રી૦ (કલકતા) પાને ૩૫૫.

૪૪૮ જે માણુસ ગરપરવેશ કરે તેને એક વરસની મુદત સુધીની બેમ ના ગમે તે પ ગરપરવેશની સીક્શા | રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે.

ટીકા.

લેણુદાર દેણુદારની ખુશી કીંવા પરવાનગી વગર તેની મીલકત જપત કરવા તેના ઘરમા પેસે તે કંઇ ગુનો નથી (મુંબાઈ હાઇકોરટ તા૦) મી ફેબરવારી સને ૧૮૬૭). ઘર ફોડવું અને ઘરની અંદરની ચેરી એ બને એકજ ગુનો ગણવો જોઇએ (હાઇકોરટનો ફેસલો તા૦ ૮ મી જાનેવરી સન ૧૮૬૪ વા. ૧ ભા ૧ પા. ૧૩૨).

૪૪૯. મોતની શીક્ષા થઈ શકે એવો કોઇ ગુનોહ કરવા સારૂ જે માણુસ ગરહપરવેશ કરે તે માણુસને જીવતા સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની સખત કેદની શીક્ષા કરવામા આવસે. અને વળી તે દંડને પણ લાયક થશે.

મોતની શીક્ષા થઈ શકે એવો કેઈ ગુનોહ કરવા સરૂ ગરહપરવેશ.

૪૫૦. જીવતા સુધી સમુદ્રપારની શીક્ષા થઈ શકે એવો કોઇ ગુનોહ કરવા સારૂ જે માણુસ ગરહપરવેશ કરે તે માણુસને દશ વરસની મુદત સુધીની બેમ ના ગમે તે પરકરની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે

જીવત સુધી સમુદ્રપાર ની શીક્ષા થઇ શકે એવો કોઇ ગુનોહ કરવા સારૂ ગરહપરવેશ કરવો.

૪૫૧. કેદની શીક્ષા થઈ શકે એવો કોઈ ગુનોહ કરવા સરૂ જે માણુસ ગરહપરવેશ કરે તે માણુસને બે વરસની મુદત સુધીની બેમ ના ગમે તે પરકરની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે, અને અગર જે ચોરીનો ગુનોહ કરવાનો

કેદની શીક્ષા થઈ શકે એવો કોઇ ગુનોહ કરવા સારૂ ગરહપરવેશ કરવો.

ઈરાદો કરયો હોય, તો તે કેદની મુદત સાત વરસ સુધીની થઇ શકે.

૪૫૨. કોઇ શખસને વ્યથા કરવાની, અથવા કોઈ શખસની ઊપર હુમલો કરવાની

કોઇ શખસને વ્યથા કરવાની તઇયારી કરયા પછી ગરહપરવેશ કરવો.

અથવા કેઇ શખસને ગેરવાજબી રીતે અટકાવવાની અથવા કોઇ શખસને વ્યથા, હુમલા અથવા ગેરવાજબી રીતે અટકાવનો ભય ઊતપંન કરવાની તઇયારી કરીને જે માણુસ ગરહપરવેશ કરે તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામા આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.

બેખું વારંટ શઇ કોઇ સખસને તેના ઘરમથી પકડવામાં આવે તો તેની ઊપર આ કલમ પરમણેનું તહોમત આવે. ૧૨ વી. રી. પ્ર. ૩૩.

૪૫૩. જે માણુસ ગુપત ગરહપરવેશ કરે અથવા ઘર ફોડવાનો ગુનોહ કરે તે માણુસને બે વરસની મુદત સુધીની બેમના ગમે તે પરકારના કેદના શાક્ષા કરવામા આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ગુપત ગરહપરવેશ કરવો અથવા ઘર ફેડવુ તેની શીક્ષા.

૪૫૪. કેદની શીક્ષા થઇ શકતી હોય એવો કોઈ ગુનોહ કરવા સરૂ જે માણુસ ગુ

કેદની શીક્ષા થઇ શકતી હોય એવો કોઇ ગુનોહ કરવા સરૂ ગુપત ગરહપરવેશ કરવો અથવા ઘર ફેડવુ.

નો કરે, તે માણુસને ત્રણ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પરકારની કેદની શાક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે. અને અગર ચોરીનો ગુનોહ કરવાનો ઇરાદો કરયો હોય તો, તે કેદની મુદત દશ વરસ સુધીની થઇ શકે.

ટીકા.

ચોરી સાથે ગરહ પવેશના તહોમતમા માજીસતરેટના અધીકાર બાહાર જઇ ગુનાહની, જુદી જુદી તજવીજ કરવી જરૂરની નથી. જે મોટી સજા હોય તેમાં નાની સજા સમાઈ જાય છે ૨ મુ હા. રી. પ્ર. ૧૨૬.)

૪૫૫ કોઇ શખસને વ્યથા કરવાની, અથવા કોઇ શખસની ઊપર હુમલો કરવાની

કોઈ શખસને વ્યથા કરવાની તઈયારી કરીને ગુપત ગરહપરવેશ કરવો અથવા ઘર ફેડવું.

અથવા કોઇ શખસને ગેરવાજબી રીતે અટકાવવાની અથવા કેઈ શખસને વ્યથા હુમલા, અથવા ગેરવાજબી અટકાવવાનો ભય ઊતપન કરવાની તઇયારી કરીને જે માણુસ ગુપત ગરહપરવેશ અથવા ઘર ફેડવાનો ગુનો કરે, તે માણુસને દશ વરસની મુદત સુધની બેમાના ગમે તે પરકારની કેદની શાક્ષા કરવામા આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

૪૫૬. જે માણુસ રાતે ગુપત પરવેશ કરે, અથવા રાતે ઘર ફોડવાનો ગુનોહ કરે તે

રાતરે ગુપત ગરહપરવેસ કરવો અથવા ઘર ફોડવું તેની શક્ષા.

માણુસને ત્રણ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામા આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે.

હાય એવા ગુનાહ કરવા સારૂ રાતે ગુપત ગરહપરવેશ કરવા અથવા ઘર ફોડવું.

તે માણસને પાંચ વરસની મુદત સુધીની એમાંના ગમે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દં પણ લાયક થશે. અને અગર ચોરીનો ગુનો કરવાનો ઇ કરયો હોય તો તે કેદની મુદત ચઉદ વરસ સુધીની થઇ શકે.

૪૫૮. કોઈ સખશને વ્યથા કરવાની અથવા કોઈ સખસની ઉપર

કોઇ શખસને વ્યથા કરવાની તઇયારી કરીને રાતે ગુપત ગરહપરવેશ કરવો અથવા ઘર ફોડવું.

અથવા કોઇ સખસને ગેરવયાજબી રીતે વા કોઇ સખસને વ્યથા, હુમલો અથવા કાવનો ભય ઊતપંન કરવાની તઇયારી કરીને જે માણસ તે ગુપત ગરહ પરવેશ કરે અથવા રાતે ઘર ફોડવાનો ગુ કરે તે માણસને ચઉદ વરસની, મુદત સુધીની એમાના ગમે તે પરકારની કેદની શી કરવામા આવશે, અને વળી તે દડને પણ લાયક થશે.

ટીકા.

આ કલમ તથા કલમ ૫૧૧ પરમાણે ચોરી કરવાના ઈરાદા સાથે ઘર ફોડવા કોશીશ તથા કેદ તથા ફટકા ઠરાવેલા તે ફટકાની શીક્ષા કરવામા નહી હોવાથી ૨૬ બાકીની શીક્ષા કાયમ રાખી (મુંબાઇ હાઇકોરટ તા૦ ૨૧ મી નવૃંબર સન ૧૮૬૬ તા૦ ૨૪ જુલાઇ ૧૮૬૭.) કોઈ ચોર રાત્રીએ ગુપત ગરહપરવેશ કરતાં ધરધણીને પુરવક મહાવ્યથા કરવાની કોશીશ કરે તો તેને આ કલમ ૪૫૭–૩૨૪ પરમાણે થાય નહી. કલમ ૪૬૦ પરમાણે સજા થાય ર. ની. રી. પ્ર. ૫૨.

૪૫૯ કોઈ માણસ ગુપત ગરહપરવેશ અથવા ઘર ફોડવાનો ગુનો કરતે હોય

ગુપતગરહ પરવેશ અથવા ઘર ફોડવાનો ગુનો કરતા કોઈનેમહા વ્યથા કરવી.

વામા જો તે કોઇ શખસને મહાવ્યથા કરે અથવા કોઈ ખસનુ મોત આણવાની કે કોઇને મહાવ્યથા કરવાની કો સ કરે તો તે માણસને જીવતા સુધી સમુદપારની અથવા વરસની મુદત સુધીની એમાના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને જી તે દંડને પાણ લાયક થશે.

૪૬૦ અગર રાતે ગુપત ગરહપરવેશ કરતી વખતે અથવા રાતે ઘર ફોડવાનો

ઘણા સખશો ઘરફોડવા વગેરેમા સામીલ હોય અને તેઓ માનો કોઈ એક મોત અથવા મહાવ્યથા કરે તો તે સઘળા સખસોને તેની શીક્ષા થઈ.

નોહ કરતી વખતે તે ગુનાહનો તકશીરવાર કોઇ સખસ પુરવક કોઇનુ મોત આણે અથવા કોઇને મહાવ્યથા કરે થવા મોત આણવાની કે મહાવ્યથા કરવાની કોસીસ કરે જે જે સખસ રાતે તે ગુપત ગરહપરવેશ કરવામાં અથવા તે ઘર ફોડવાનો ગુનોહ કરવામાં જોડે સામેલ હોય તે હરએક સખસને જીવતાં

સખ્ત કેદની અથવા દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.

આ કલમ મુજબ જવાબદારી ઘર ફોડવામાં અથવા ગરહપરવેશ કરવામાં સામેલ હોય તેટલા બધા સખ્શો ઊપર ઠરખી રહેછે પછી ખૂન અથવા મહાવધા કરવાનો તેમનો સાધારણ હેતુ ન હોય અથવા એમ થશે એમ સંભવછે એમ પણ તેમના ધારવામાં ન આવ્યું હોય (બં. હા રી. વા. ૧૧ પાને ૩૫૫).

કાંઈ બંધ કરેલાં નીધાનમાં કાંઈ મીલકત હોય અથવા કાંઈ મીલકત છે એમ ધારેલુ હોય હોયતે નીધાનને બદદાનતથી ફોડીને ઉઘાડવુ.

૪૬૧ જે નીધાન મધે કાંઈ મીલકત રહેલી હોય અથવા જે મધે કાંઈ મીલકત રહેલીછે એમ પોતે માનતો હોય એવાં કાંઈ બંધ કરેલા નીધાનને જે માણસ બદદાનતથી અથવા બગાડ કરવાના ઇરાદાથી ફોડીને ઉઘાડે અથવા તેના બંધ છોડે તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

તેજ ગુનો, નીધાન જયાં કે તે, જેને શોંપીયુ હોય તે માણસ કરે તયારેતેની શીક્ષા.

૪૬૨ જે નીધાન મધે કંઈ મીલકત રહેલી હોય અથવા જે મધે કાંઈ મીલકત રહેલી છે એમ પોતે માનતો હોય એવુ બંધ કરેલુ કાંઈ નીધાન કોઈ માણસને શોંપીયુ હોય અને તે માણસને તે ઉઘાડવાનો અખતીઆર નહી છતા અગર તે માણસ બદદાનતથી અથવા બીગાડ કરવાના ઇરાદાથી તે નીધાનને ફોડીને ઉઘાડે. અથવા તેના બંધ છોડે તો તે માણસને તરણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે.

બાબ ૧૮ મો.

ખ સબંધી તથા વેપારની અથવા મીલકતની નીશાનીઓ સંબંધી ગુનાઓ બાબત

બોટો લેખ બનાવવાનો ગુનો.

કોઈ માણસ કાંઈ લેખ અથવા લેખનો કાંઈ ભાગ બોટો બનાવે એવા ઇરાદાથી કે લોકને અથવા કોઈ સખશને કાંઈ હાંની કે નુકશાન કરવુ અથવા કંઈ દાવાને કે હકને મજબુતી આપવી અથવા કોઈ સખસ પાશે કાંઈ મીલકત છોડાવવી અથવા તેની પાશે કાંઈ સાફ કે અરથાત સમજાય એવો કરાર કરાવવો અથવા એવા ઈરાદાથી કે દગો કરવો અથવા દગા કરવામાં આવે તો તે માણસે બોટો લેખ બનાવાનો ગુનોહ કરયો એમ સમજવુ.

ટીકા.

બ ના ભાડુતો પાસેથી ભાડુ વસુલ કરવામાં મામલતદારની સંકશેપ મદદ લેવા કે એ આપેલી અરજીઓ ઊપર અ એ બ ના નામની સહી કરી એ બોટો લેખ બનાવવાનો ગુનો નથી. એમ ઠરાવ કરયો. (મુ. હા. રી. વા. ૧૧ પાનુ ૩)

૪૬૪ જે માણસ નીચે લખીયા પરમાણે કે તેને ખોટો લેખ બના

લેખ ખોટો બનાવવો એ હે શું? } સમજવું.

પહેલુ—જે માણસ બદદાનતથી અથવા દગલબાજીથી કંઈ લેખ અથવ ભાગ બનાવે તે ઊપર સહી કરે મહોર કરે અથવા તે લખી આપે અથવા લખી આપીઓછે એવુ બતાવવાની કંઈ નીશાની કરે એવા ઈરાદાથી કે જે વા જેના અખતીઆરથી તે લેખ અથવા તેનો તે ભાગ બનીઓ નથી અથ હી કે મહોર થઈ નથી અથવા તે લખી આપીઓ નથી એવુ તે માણસ હોય તે સખશે અથવા તેના અખતીઆરથી તે લેખ અથવા તેનો તે ભાગ અથવા તે પર સહી કે મહોર થઈ છે અથવા તે લખી આપીઓછે આવો ન કરવો અથવા જે વખતે તે બનીયો નથી તે પર સહી કે મહોર થઇ નથી અથવા લખી આપીઓ નથી એવુ તે માણસ જાણતો હોય તે એવે વખતે તે બનોંઓ તે પર સહી કે મહોર થઈ છે અથવા તે લખી આપીઓ છે એવો વીસવાસ ઉતપ કરવો અથવા.

બીજુ—જે માણસ કાંઈ લેખ પોતે ખુદ કે બીજા કોઈ શખશે કરયા અથવા લખી આપયા પછી ચેરાને અથવા બીજી રીતે કાંઈ જરૂરના ભાગમા તે લેખને કાયદેશર અખ તીઆર સીવાય બદદાનતથી અથવા દગલબાજીથી ફેરવે પછે તે ફેરવતી વખતે તે બી. સખસ હયાત હોય કે મરી ગયો હોય તોપણ.

તરીજુ.—જે માણસ બદદાનતથી અથવા દગલબાજીથી, કોઈ શખસ પાશે કઈ ખ ઊપર સહી કે મહોર કરાવે અથવા કાંઈ લેખ તે સખસ લખી આપે એમ કરે. અથવા તેની પાસે કાંઈ લેખને ફેરવાવે એવુ જાણ્યા છતા કે તે લેખમા સુ લખીયુ છે, અથવા હું શો ફેરફાર કરૂ છું. એ વાત તે શખશ દીવાનગી અથવા કેફના સબબથી જાણવાને સકિતમાન નથી, અથવા તેને ફરેબ દીધો છે તે સબબથી તે વાત તે શખસ જાણતો નથી.

દ્રષ્ટાંતો.

(અ) અ ની પાશે જ નો લખેલો બ ની ઉપરનો ૧૦૦૦૦ રૂપીયાનો એક ભલામ નો કાગળ છે હવે બ ને દગો દેવા સરૂ અગર અ તે ૧૦૦૦૦ પર એક મીડુ વધારીને રકમને ૧૦૦૦૦૦ કરે એવા ઈરાદાથી કે તે કાગળ જ એ તેટલી રકમનો લખીઓ છે એમ બ માને તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુનો કરયો એમ સમજવું.

(બ) કઇ-સથવર મીલકત જ એ અ ને લખી આપી હોય એવી મતલબના એક પર જના અખતીઆર સીવાય અ જની મેહોર કરે એવા ઈરાદાથી કે તે મી લકત બ ને વેચીને તેની કીમતના રૂપીઆ બ પાશેથી લેપ તો અ એ ખોટો લેખ બ નાવવાનો ગુનોહ કરયો એમ સમજવું.

(ક) એક ચેક પર ખ ની સહી છે અને તે ચેક જે લઈ આવે [illegible] મળે એવી તરેહનો છે પણ તે મધે કઇ રકમ ભરેલી નથી તે ચેક [illegible] ઉથી તે મધે દશ હજાર રૂપીઆની રકમ ભરે તો અ એ ખોટો લેખ [illegible] નો કર્યો એમ શમજવું.

(ડ) અ પોતાના માણસ ખને એક શરાફ ઉપર એક લખીને તે પર સહી કરીને આપે પણ તેમા આપવાની કઇ રકમ લખે નહી અને ખ ને એવો અખતાઆર આપે કે ફલાણા ફલાણા લોકોના રૂપીઆ આપવા છે માટે દશ હજાર રૂપીઆ સુધીની રકમ તું એ ચેકમાં ભરજે પછી ખ દગલબાજીથી તે ચેકમા વીશ હજાર રૂપીઆની રકમ ભરે તો ખ એ ખોટો લેખ બનવવાનો ગુનોહ કરયો એમ સમજવું.

(ઇ) ખ ના અખતીઆર શીવાય અ ખ ના નામથી પોતાની ઉપર એક હુંડી લખે એવા ઇરાદાથી કે તે હુંડીને ખરી હુંડી દાખલ કોઇ શરાફને તયાં વટાવવી તથા તે હુંડી પાકેથી તે શરાફ પાશેથી તે લઇને તેનાં નાણાં અપાવવા તો એ ઠેકાણે ખ ની જામીનછે એવો પોતાના મનમા વીચાર ઉતપન થઈને તે સરાફ તે હુંડીના નાણાં આપે એ રીતે તેને છેતરવા સારૂ અ એ તે હુંડી લખી માટે અ એ ખોટો લેખ બનાવવાનો ગુનો કરયો એમ શમજવુ.

(ફ) જ ના વીલમા આ શબદો લખેલ છે હું ફરમવુ છુ કે મારી સઘળી બાકી રહેલી મીલકત અ ખ અને ક એએની વચે શરખે હીસે વેહેચાય અ ખ ના નામથી વીલ મધેથી ખ નુ નામ છીલી નાખે એવા ઇરાદાથી કે તેથી એમ માનવામા આવે કે શઘળી મીલકત અ ને તથા ક માટે જ લખી ગયે છે તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુનો કરયો એમ સમજવું.

(ગ) "જ ને અથવા તે ફરમવે તેને આપજો" એ પરમાણે એક સરકારી પરામેસરી નોટની પાછળ શેરો કરીને તે સેરાપર સહી કરીને તેના નાણા જ ને અથવા જ ફરમાવે તેને મળે એવુ અ કરે પછી "જને અથવા તે ફરમાવે તેને આપજો" એ શબદો ખ બદદાનતથી છીલી નાખે અને એ પરમણે તે ખસ શેરાનો ખાલો સેરો કરે તો ખ એ ખોટો લેખ બનવવાનો ગુનો કરયો એમ સમજવું.

(હ) અ એક સથાવર મીલકત જ ને વેચીને તેનુ ખત કરી આપે પછી જ ને દગો દઈને તેના પાશેથી તે મીલકત જાય એવુ કરવા સારૂ તેજ મીલકતનુ અ એક ખત ખ ને લખી આપે અને તે ખત ઉપર જ ને કરી આપેલા ખતની તારીખથી છ મહીના ની પહેલાની તારીખ લખે એવા ઇરાદાથી કે તે મીલકતનુ ખત જ ને કરી આપીયા પહેલાં તેણે તે મીલકતનુ ખત ખ ને કરી આપયુછે એમ માનવામાં આવે તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુનો કરયો એમ સમજવું.

(ઇ) જ. બોલેલો બોલીને પોતાનુ વીલ અ પાશે લખાવે તેમા વરીઆત આપ[illegible] ને જેનુ નામ લખવાનુ જ એ કહયુ હોય તેનુ નામ નહી લખતા અ એ ઇરાદાથી [illegible]

નામ લખે અને તમારા કહેવા મુજબ આ વીલ લખીયુંછે એ ન સમજાવીને તે વીલપર જ ની પાસે શહી કરાવે તો અ એ ખોટો લેખ બના... ગુનોહ કરયો એમ સમજવુ.

(જ) અ એક કાગળ લખીને બ ના અખતીઆર શીવાય તે પર બ ની સહી કરે અને તેમાં એમ લખે કે અ સારી આબરૂનો માણસછે અને નસીબની કમનશીબિથી માઠી હાલતમાં આવી પડેલોછે અને તેનો ઇરાદો એવો હોય કે ... બતાવીને જ પાસે તથા બીજા શખસો પાસે ભીખ મેળવવી તો એ ઠેકાણે ... નાની મીલકત છોડાવાને લલચાવાને સારૂ અ એ લેખ ખોટો બનાવ્યો માટે ... ટો લેખ બનાવવાનો ગુનો કરયો એમ સમજવું.

(ઢ) બ ના અખતીઆર શીવાય અ એક કાગળ લખીને તે પર બ ના નામની સહી કરે અને તે કાગળ મધે એમ લખે કે અ ની આબરૂ શારીછે અને તેનો ઇરાદો એવો હોય કે તે કાગળ બતાવીને જ ના હાથ તળે કંઇ નોકરી મેળવવી તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુનો કરયો એમ શમજવુ કેમકે તે બનાવટના શરટીફીકેટથી જ ને છેતરીને જ ની પાસે નોકરી બાબતનો કાંઈ શારૂ કે અરથાંત શમજાય તેવો કરાર કરવાનોં અ નો ઇરાદો છે.

ખુલાશો ૧ લો—કોઈ માણસ પોતાના નામની સહી કરે તો તે પણ ખોટો લેખ બનાવવાનો ગુનો થઇ શકેછે.

દ્રસ્ટાંત.

(અ) એક હુંડીપર અ પોતાના નામની સહી કરે. એવા ઇરાદાથી કે તેજ નામના એક બીજા સખસે તે હુંડી લખીછે એમ માનવામા આવે, તો અ ... બનાવવાનો ગુનો કરયો એમ શમજવું

(બ) એક કાગળના કડકા પર ''સરકારી'' એટલો શબ્દ લખી ... ક ના નામની સહી કરે એટલા સારૂ કે પછી તે કાગળ પર ક ની ... અ લખે, અને તે હુંડી જાણે ક એ સીકારી હોય એ રીતે બજારમા ... એ ખોટો લેખ બનાવવાનો ગુનો કરયો એમ સમજવું અને અગર તે ... અ ના ઇરાદા મુજબ બ તે કાગળપર હુંડી લખે, તો બ એ પણ ખોટો ... નો ગુનો કરયો એમ સમજવું.

(ક) અ ના નામનોજ કોઈ બીજો સખશ ફરમાવે તે ધણીને ... એવી એક હુંડી અ ને જડે, અને તેની પાછળ અ પોતાનાજ નામનો ... વા ઇરાદાથી કે જે સખસ ફરમાવે તે ધણીને; નાણાં આપવાની એ હુંડી ... ખસે એ સેરો કરયો છે એમ માનવામાં આવે, તો એ ઠેકાણે અ ... બનાવવાનો ગુનો કરયો એમ સમજવું.

(ખ) ની ઊપર એક હુકમનામું થએલું બજે, તેમાં એક રથરૂ...

મ, તે અ ખરીદ કરે, હવે તે મીલકત જપત થયા પછી બ ક ની સપે મળી જઈને કઈ જુજ ભાડે આપે તે મીલકતની લાંબી મુદતનું એક ભાડા નામુ ક ને લખી આપે, અને તે ભાડાનામામા તે જપતીની તારીખથી છ મહીના આગળની તારીખ ભરે. એવા ઇરાદાથી કે અ ને દગો કરવો તથા જપતી થતાં પહેલા તે ભાડાનામું લખી આપુ છે એમ માનવામાં આવે તો અગર બ એ તે ભાડાનામા પર પેતાના નામની સહી કરી છે તો પણ તેણે આગળની તારીખ લખી તેથી તેણે ખોટો લેખ બનાવવાનો ગુનો કરયો એમ સમજવું.

[ઇ] દેવાળુ કહાડવાનો આગળથી વીચાર કરીને અ વેપારી પોતાના ફાયદાને સારૂ તથા પોતાના માગન રાખીને દગો દેવાના ઇરાદાથી કાંઈ મીલકત બ ની પાસે રાખે અને તે કામ બાહારથી બ્યાજબી જણાય એટલા સરૂ તે બ ને એક ચીઠી લખી આપે કે "તમારી પસે અવેજ લીધા છે તે બ બતની મારે તમને આટલી રકમ દેવી" અને તે ચીઠીપર આગળની તારીખ નખે એવા ઇરાદાથી કે અ દેવાળુ કહાડવાની તઈયારીમાં હતો તીવાર પેહેલાં એ ચીઠી તેણે લખી છે એમ માનવામા આવે, તો અ એ ઉપર લખેલા લક્ષણના પેહેલા પરકાર પરમાણે ખોટો લેખ બનાવવાનો ગુનો કરયો એમ સમજવું.

ખુલાસો ૨ જો કોઈ માણસ કોઈ ખોટા સખસના નમથી કાંઇ ખેટો લેખ કરે, એવા ઇરાદાથી કે તે લેખ કઈ ખરા સખસે કરેલો છે એવું માનવામાં આવે, અથવા કોઈ મુવેલા સખસના નમથી કરે, એવા ઇરાદાથી કે તે સખસે પોતાની હયાતીમાં તે લેખ કરયો છે એવું માનવામાં આવે તો તે પણ ખોટો લેખ બનાવવાનો ગુનાહ થઇ શકે છે.

દ્રષ્ટાંત.

(અ) એક ખોટા સખસની ઉપર એક હુંડી લખે, અને તે ચલાવવાના ઇરાદાથી તે ખોટા સખશને નામે તે હુંડી દગલબાજીથી સીકારે તો અ એ ખેટો લેખ બનાવવાનો ગુનેહ કરયો એમ સમજવું.

ટીકા.

જો લેખ ખરે ખર ખેટો હોય અને તહોમતવાળા સખસે કલમ ૪૬૩ માં કહેલા કામોમનું કોઈ પણ કામ સારવાના ઇરાદાથી બદદાનતથી અથવા દગાબાજીથી તે બનાવેલો હોય તો ગુનોહ પુરો થયો. પછી ગમેતો તેનો કાંઇ ઉપીયોગ કરયો ન હોય, અથવા ઉપયોગ કરવા કોશેસ કરી ન હોયતો પણ (પ્રોસીડીંગ મદરાસ હાઈકોરટ તા૦ ૭ મી એપરીલ સને ૧૮૬૬) અને જો કે એ લખત તેમા બનાવેલો બાબતનો કાયદા પરમાણે પુરાવ નથી તો પણ એ બનવનાર શખસે એ એવી બાબતને પુરાવા તરીકે વાપરવાનું હોય અથવા તેમનો ઈરાદો હોયતો કલમ ૨૯ મી પરમાણે તે લેખ થસે (બંગાળા લો રીપોરટસ ફુલ બેંચ રૂલીંગ એપેલેટ કરમીનલ જયુરીશડક્ષન વા૦ ૨ પાનુ ૧૨)

કોઈ મુએલા સખશનું પેનસન મળવાના કારણસર કોઈએ ફલાણો શખસ છે એવી મતલબથી ખોટી હકીકત વાળો કંઈ નોંધ કરી હોય તે સાપરાધ ખોટો ઉપયોગ અથવા ઠગવાના ઈરાદાનો પુરાવો થઈ શકે પણ તે ખોટો લેખ બનાવવાનો ગુનો થતો નથી. (ચીફ જડજ સ્કોટલેંડ અને જડજ કાલેટ. તારીખ ૨૧ ફેબરવારી સને ૧૮૭૭) આ કલમ પરમાણેનો ગુનહો સાબીત થવા માટે જેના નામનું ખોટું દસતાવેજ બનાવ્યું હોય તે એ દસતવેજની વાત ન જાણે એવું કંઈ કપટ તહોમતદારે કરયું એ સાબીત થવું જોઈએ ૯. વી. રી. પર. ૨૦

૪૬૫ જે માણસ ખોટો લેખ બનાવવાનો ગુનો કરે તેને બે વરસની મુદત સુધીની ખોટો લેખ બનાવવાની શીક્ષા. } એમાંના ગમેતે પરકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.

જે માણસ ૪૬૩—૬૬—૬૭—૬૮ અથવા ૪૬૯ની કલમમાં બયાન કરેલો ખોટો લેખ બનાવવાનો ગુનહો કરે તેને પીનલકોડની શીક્ષા ઉપરાંત ફટકાની શીક્ષા થઈ શકે (અને ૧૮૬૪ના આકટ ૬ કલમ ૪.) આ કલમ પરમાણેનો ગુનહો સપુરણ થવા માટે દસતવેજ ખોટું બનાવવું એ જ પુરતું છે કોઈ ખરેખરા હયાત પુરૂષના નામનું તે ખરેખર સહીથી કરેલું હોવું જોઈએ એવું કંઈ જરૂરનું નથી એ દસતાવેજ કોઈ બનાવનારની મતલબ પુરવામાં લે એવું નહોય પણ જેણે એ તે દસતવેજ બનાવ્યું હોય તેણે તે પુરાવામાં રજુ કરવા ઈરાદો રાખ્યા હોય તો તે આ ગુનહો બનવાને પુરતું છે ૫ બા. હા. રી પરસ. ૧૨ ૧૦ વી. રી, પરસ. ૬૧ કોઈ એક હુકમત માલણની મંજુરી વગર એક વકલાતનામું લખી સમજના નામની સહી કરી કોઈ વકીલને આપે. એને વકીલને માં એવું સમજી દે કે હુકમતમના નાણાં પુરેપુરા પેચી રહ્યા છે, તે એ સહી કરનાર શખસે ખોટો લેખ બનાવ્યો કહેવાય ૬ વી. રી. પરસ. ૭૮ એક શખસ મુખતીઆર... એક કામ કરવાનું કબુલ કરે, અને તેમ કરવામાં પોતાની મજુરી તરીકે તેની નોકરી ની મુખતીઆરનામા નીચે કરી આપે. પાછળથી એ મુખતીઆરનામું ખોટું લખેલું માલમ પડે તો તે મુખતીઆર ખોટો લેખ બનાવવાનો ગુનો કરેછે એવું ગણાય નહી. ૧ વી. રી. ૫ ૭૦ આ કલમ પરમાણેનો ગુનહો સાબીત થવા માટે જે સખસના નામનું ખોટું દસતવેજ બનાવ્યું હોય તે સખસ તે દસતવેજને મંજુર ન જાણે એવી રીતે તહોમતદારે ઠગાઈનું કૃત્ય કરયું હોય એવું સાબીત થવું જોઈએ ૯. વી. રી. પરસ ૨૦. એક સખસે પોતાની ખતાવઈ જે બુક રાખતો હતો તેમાં કેટલીક રકમ ... તે રકમમાં એવું લખાણ કરયું કે જે ઉપરથી એવું જણાય કે કોઈ ... પુરાં નાણાં પામેલા હોય પણ ખરેખરી રીતે તે પામેલા નહોતાં ... માં આવ્યું કે તેણે ખોટું દસતવેજ બનાવ્યું ઇ. ડા. પરસ. ૩૫૫ કોઈ ... તાની જરૂરની ચુકવણી સારૂ કોઈ એક ઈસમો રીપોર્ટ કરે તો આ કાયદા...

વાપ્યાં પરમાણે ખેટો દસ્તાવેજ બનાવવાનો ગુનહો થતો નથી. એ
સલામુતી માટે એક દસતાવેજ બે ભાગે કરવામાં આવ્યું હોય તેમ
ઠેરશે તો તેને સખ્ત સજા થવી જોઇએ ૧૭ વી. રી. પ્ર. ૫૮

૪૫૬ કોઈ ઈનસાફી કોરટનું દફતર અથવા તે કોરટ મધે ચાલેલા કામનો કાગ

કોઇ ઈનસાફની કોરટનું દફતર અથવા જનમ વગેરે બાબતનો સરકારી રજીસટર ફેરફેર બનાવવો.

ળ હોય એવી મતલબનો કોઇ લેખ અથવા બાપ્તીઝમ, લગન કે ગાડવા બાબતનો કાઇ રજીસટર અથવા કોઇ સરકારી નોકર પોતાંના સરકારી હોદાના જોરથી રખાતો હોય એવો કઈ રજીસટર અથવા કોઈ સરકારી નોકરે પોતાના સરકારી હોદાના જોરથી કરેલા હોય એવી મતલબનો કાઇ દાખલો કે લેખ અથવા કઈ ફરીઆદી કે જવાબ કરવાનો અથવા તેમા કઈ પણ કામ ચલાવવાનો અથવા કબુલાતથી હુકમનામુ થવા દેવનો જેમાં અખતીઅર આપ્યો હોય એવો લેખ અથવા વકીલાતનામુ અથવા મુખતીઆરનામુ જે માણસ ખોટુ બનાવે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાના ગમે તે પર કારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

૪૫૭ જે લેખ કાંઇ કીમતી દસ્તાવેજની મતલબનો અથવા કાઇ વીલની મતલ

કઇ કીમતી દસ્તાવેજ અથવા વીલ ખોટું બનાવવુ

બનો અથવા દતક લેવાના અખતીઆર નામાની મતલબનો હોય અથવા જે લેખ કોઈ સખશને કાઇ કીમતી દસ્તાવેજ કરવાનો અથવા બીજાના નામનો કરી આપવાનો અથવા તેના મુદલ રૂપીઆ વાજ કે નફાની વેચાણ લેવાનો અખતીઆર આપવાની મતલબનો હોય અથવા કાઇ નાણું જંગમ મીલકત અથવા કીમતી દસ્તાવેજ લેવાનો કે આપવાનો અખતીઆર આપવાના મતલબનો હોય અથવા જે લેખ કાઇ ફારગતી અથવા નાણા ભરવાની પોહોચની મતલબનો અથવા કાઇ ફારગતી કે કઇ જંગમ મીલકત અથવા કઇ કીમતી દસ્તાવેજ આપયાની પોહોચની મતલબનો હોય એવો કઈ લેખ જે માણસ ખોટો બનવે તેને જીવતાં સુધી સમુદરપારની અથવા દસ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવમા આવસે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.

